॥ ॐ ॥

શ્રી જિન હર્ષસૂરિ કૃત

# ઉત્તમ કુમાર ચરિત્ર

સચિત્ર.

પ્રકાશક:—

મેઘજી હીરજી બુકસેલર,

પાયધુની મુંબઈ, નાં ૩.

શ્રી જિનહર્ષસૂરિ કૃત.

# ઉત્તમ કુમાર સચિત્ર.

( નૉવેલરૂપે. )

પ્રસિદ્ધ કર્તા,

મેઘજી હીરજી બુકસેલર
પાયધુની—મુંબઈ.

આવૃત્તિ બીજી પ્રત ૨૦૦૦

વીર સં. ૨૪૪૯ વિક્રમ સં. ૧૯૭૯ ફાગણ શુ. ૧

ધી 'આનંદ' પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ
લલ્લુભાઇએ છાપ્યું.—ભાવનગર.

મૂલ્ય રૂા. ૧-૮-૦

## નીચેનાં સચિત્ર ગ્રંથો તૈયાર થાય છે.

૧ જૈન સતિમંડળ ભાગ ૧-૨-૩-૪-૫-૬

૨ શ્રી ચંદરાજાનું ચરિત્ર.

૩ શ્રી જયાનંદ કેવલી ચરિત્ર.

૪ શ્રી ચંદકેવલી ચરિત્ર.

૫ માંડવગઢના પેથડ કુમારનું ચરિત્ર.

૬ સુશીલ કૃત આદર્શ રામાયણ.

૭ જૈનધર્મ પહેલી તથા બીજી ચોપડી.

૮ યોગશાસ્ત્ર ભાષાંતર.

૯ સતિ શીયળવતી.

૧૦ અદ્દભૂત સુદ્રષ્ટાંતમાળા.

૧૧ શ્રી નારચંદ્ર જ્યોતિષિ ભાગ ૧-૨.

૧૨ ભદ્રબાહુ સંહિતા.

૧૩ શ્રાદ્ધવિધિ ભાષાંતર.

૧૪ શ્રી ભરતેશ્વર બાહુબલી વૃત્તાન્ત.


૧૫ શ્રીમદ રાજચંદ્ર.

૧૬ મેઘમાળા.

૧૭ શ્રાવક ફરજ નં. ૨

સામાયીક કરવાની ૬૦ મીનીટ તથા ૪૮ મીનીટની ઘડીઓનો મોટો લોટ અમારે ત્યાં જરમનીથી આવી પહોંચ્યો છે, ત્રણ પાયાની ઘડીની કીંમત રૂ. બે અને પાંચ પાયાની કીંમત રૂ. ત્રણ.

સમયનો સદ્ ઉપયોગ.



રા. મેઘજીભાઇ — તેમના માતુશ્રી જેવલીબાઇ અને તેમની દીકરી સરસ્વતી — તેમના ભાઇ લાલજી અને તેમની દીકરી નવલ

સમયનો સદ્ ઉપયોગ.

आ. श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

## मातृदेवो भव:



### પ્રાતઃ સ્મરણીય–ચિરવંદનીય માતુશ્રી–જેવલીબાઇ.

જે માતાએ પોતે ભીનામાં સૂઇ મને સૂકામાં સૂવાડયો હોય, જે વંદનીય માતાએ મારા હજારો દોષો અને વાંકોની ઉપેક્ષા કરી સતત સ્નેહામૃતનું પાન કરાવ્યું હોય તેમના ઉપકારોનો બદલો મારા જેવા પામર પુત્ર શી રીતે વાળી શકે? ઉપકારનો બદલો તો દૂર રહ્યો, એ ઉપકારોની સંખ્યા અને સ્વરૂપ વિચારતાં પણ આત્મા ગદ્‌ગદ્‌ થઇ જાય છે!

હજી પણ જેઓ મારા દુઃખમાં શાંતિ–હિમ્મત–ધૈર્ય અને દૃઢતાના ધ્રુવ તારા સમાન પ્રકાશી રહ્યાં છે; તેમનાં કરકમળમાં સંપૂર્ણ ભક્તિ અને શ્રદ્ધા પૂર્વક આ ગ્રંથ અપર્ણ કરવામાં હું કાંઇ વિશેષ નથી કરતો.

ઋણી છોરૂ મેઘજી.

Krishna Press Bombay 2.

# પ્રસ્તાવના.

શ્રીમાન્ ખરતરગચ્છના પરમ પ્રભાવક શ્રી **જિનહર્ષસૂરિની** વાણિના વિલાસમાંથી આ નવલકથા ઉદ્ભવી છે. વર્ત્તમાનકાળે પદ્ય કાવ્યના કરતાં ગદ્ય કાવ્યરૂપે **થયેલી** નવલકથાની પદ્ધતિમાં લોકોની વિશેષ પ્રવૃત્તિ થઇ છે. એ **પ્રવૃત્તિનો પ્રવાહ** બીજી જેવી તેવી શુષ્ક નવલકથામાં ન વ્હેતા પોતાનાં શુદ્ધધર્મના ચરિતાનુયોગમાં વહે તો તેથી વિશેષ લાભ થવા સંભવ છે, એવું ધારી અમે આ નવી યોજનામાં પ્રવૃત્તિ કરી છે. આ અમારી નવી યોજના સર્વ જૈનવર્ગને પ્રિય થશે કે નહિ, એ અમારી માનસિક શંકા અમારા તરફથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથોને મળેલા ભારે આવકારથી તદ્દન દૂર થઇ ગઇ છે. તેથી હવે અમે નિઃશંક થઇ આ નવી પ્રવૃત્તિ કરવામાં ઉત્સાહિત થયા છીએ.

આ [1]**ઉત્તમ કુમાર** નવલકથાનો મુખ્ય ઉદ્દેશ રાસકર્ત્તાએ ગુરૂને આપેલા વસ્ત્રદાનના ફલરૂપે દર્શાવ્યો છે, તથાપિ તેમાંથી બીજો ઘણો બોધ પ્રાપ્ત થાય તેવી ઘટના ઘટાવી અમે તે મહાનુભાવના મૂળ લેખને પલ્લવિત કર્યો છે.

શ્રાવક જીવનના ઉત્તમ અંશોનું અવલોકન કરી તેની અંદર આર્ય જૈન કુટુંબમાં પ્રવર્ત્તન કરવાની રીતિ ધાર્મિક વૃત્તિથી કુટુંબ વત્સલતા

---

૧ આ પુસ્તક શ્રી જૈન ધર્મ વિદ્યાપ્રસારક વર્ગના સ્થાપક શ્રીયુત **શિવજી દેવસિંહે** સંવત ૧૯૬૪ ના શ્રાવણ શુદી પ્રતિપદાના પવિત્ર દિને વર્ગ તરફથી તૈયાર કરાવીને પ્રસિદ્ધ કરેલ હતી.

અને માતૃપિતૃભક્તિની ભાવનાથી ઉત્પન્ન થતું મોટું ધર્મબળ દર્શાવી આ નવલકથાને રસિક બનાવવામાં આવી છે. આ વાર્તાના નાયક ઉત્તમ કુમારનું મૂળ જીવનવૃત્તાંત જોઇએ તેવું વિસ્તીર્ણ નથી. તથાપિ તેના જીવનમાંથી પ્રાજ્ઞતા, બંધુતા, હિતચિંતકતા, ધાર્મિકતા, સાધર્મિ વત્સલતા, ક્ષમા, ધૈર્ય અને હૃદયઐક્ય વગેરે જે ઉત્તમ ગુણો શ્રાવક જીવનમાં સંપાદન કરવા યોગ્ય છે, તે તે ગુણોનું ઉચિત પ્રસંગે દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. જે વાંચવાથી પૂર્વકાળના આર્હત ધર્મવીરોના ધર્મસંસ્કારના પ્રવાહનું પૂર ભરવેગમાં આપણી ઉપર ફરી વળતું જોવામાં આવે છે. તે શિવાય લઘુ લેખ ઉપરથી પૂર્વના ધર્મવીરોનો ધાર્મિક પ્રભાવ, જૈન સ્ત્રીવર્ગનો ઉત્કર્ષ અને પરમ પવિત્ર ગુરૂભક્તિનો મહિમા આપણી પ્રત્યક્ષ થાય છે અને તેથી આસ્તિક વાચકના હૃદયમાં ધર્મ શ્રદ્ધા, સ્વસ્થતા, શક્તિ અને સુંદરતાના સદ્ગુણો સ્વતઃ પ્રગટ થાય છે. પ્રથમના પ્રકરણમાં કેળવણીના પ્રભાવનું દર્શન કરાવી વાર્તાનો આરંભ કરવામાં આવ્યો છે. તે પછી કર્મની પરીક્ષાનો ઉપયોગી પ્રસંગ લાવી કળાકૌશલ્યને માટે અશ્વ પરીક્ષાનો વૃત્તાંત આપવામાં આવ્યો છે. તે પછી કૃતઘ્ની માણસ કેવા કામ કરે છે તે વાત જણાવી આ વાર્તાના મુખ્ય નાયક ઉત્તમ કુમારનું પરનારી સહોદરનું મહાવ્રત વર્ણવેલું છે. જે ઉપરથી વાચકને સંસારની મહાનિતિનો બોધ મળે છે. તે પછી ઉત્તમકુમારની અપ્રતિમ પરોપકાર વૃત્તિનો પ્રસંગ દર્શાવી મદાલસાના મહેલનો વૃત્તાંત આપવામાં આવ્યો છે. કુબેરદત્તની કુબુદ્ધિ અને તેના પાપનો ઘડો ફુટવાના પ્રસંગે સાંસારિક વર્તનનો કેટલોએક ચિતાર આપવામાં આવ્યો છે. તે પછી ઉત્તમકુમારના ઉદયનો આરંભ થાય છે. જેની અંદર રાજ-

કુમારી ત્રિલોચનાનો મેળાપ, અને સર્પ દંશમાંથી તેનો બચાવ વગેરે કેટલીએક ચમત્કારી બીના આપવામાં આવી છે. છેવટે ઉત્તમકુમારના ઉપકારનો બદલો મળવાના પ્રસંગે પ્રત્યુપકારનું મહાત્મ્ય જણાવી શુદ્ધ પ્રેમના સ્વરૂપનું બ્યાન આપેલું છે. તે પછી સહસ્રકળા અને ત્રિલોચનાના યોગના સંબંધે કેટલુંએક ઉપયોગી વિવેચન કરી સ્વામી અને સેવકના ધર્મનું યથાર્થ સ્વરૂપ દર્શાવવાનો ઉત્તમ પ્રસંગ ચર્ચેલો છે. ત્યારબાદ પક્ષીની પંડિતાઈના પ્રકરણમાં અદ્ભુત રસનો આવિર્ભાવ કરી નવલકથાના રસને પૂર્ણ રીતે જમાવવામાં આવ્યો છે. તે પછી અભયદાનના પ્રકરણથી નવલકથાના નાયકનો ઉત્તમ ગુણ દર્શાવી અર્હન્નીતિનો ઉત્તમ બોધ આપવામાં આવ્યો છે: તે પછી ચતુરાની ચોકડીના યોગથી નાયકના ગૃહ સંસારની સમૃદ્ધિનું વર્ણન કરી મદાલસાના પિતા લંકાપતિ ભ્રમરકેતુની મૈત્રીનો પ્રસંગ આપ્યો છે અને ઉત્તમ પુરૂષને શત્રુ પણ મિત્ર થાય છે એ નીતિને સિદ્ધ કરી બતાવી છે. ત્યારબાદ વારાણસિપતિ મકરધ્વજ રાજાને થયેલ પુત્ર સ્મરણનો પ્રસંગ આણી પિતા–પુત્રનો મેળાપ વર્ણવેલો છે. પ્રસ્તુતમાં પિતાનું પુત્રવાત્સલ્ય અને પુત્રીની પિતૃભક્તિનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. છેવટે કેવળી ભગવંતની દેશનાની વાણીરૂપ સુધાનું સિંચન કરાવી કથાનાયક ઉત્તમકુમારના પૂર્વભવનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે અને તેમાં વસ્ત્રદાનને લઇને વૃદ્ધિ પામેલો તેનો પુણ્યપ્રભાવ વર્ણવી આ રસિક વાર્તાનો ઉપસંહાર કરવામાં આવ્યો છે. આવા વસ્તુ સ્વરૂપને દર્શાવનારી આ નવલકથા આદિથી તે અંત સુધી વાંચનારને રસમગ્ન બનાવે છે. મૂળ રાસ પરની ઉત્તમ કવિત્વની અને સર્વાનુભવ રસિક લેખકની શક્તિ અખંડિત રાખી તેને વિશેષ રસિક બનાવવા. સંભાળ રાખી છે. ભૂતકાળની સંસાર સ્થિતિના ચિતારનું ચિત્ર ચીતરીને વર્તમા-

નકાળના સામાન્ય મનુષ્યોના સંસારના અનિષ્ટાચરણનું ઉન્મૂલન થાય તેવા હેતુથી સ્થળે સ્થળે સારગ્રાહી બોધને લેખમાં ઉતારી મૂળ વસ્તુને વિશેષ સુશોભિત બનાવેલ છે. વસ્તુ સંકલના, નાયક અને રસ વગેરે જેવે રૂપે જોઇએ તેવે રૂપે વર્ણવી કથા વૃત્તાંતને રસિક બનાવ્યો છે. અને તે સાથે કલ્પનાશક્તિને પલ્લવિત કરી મૂળભાગની રસિકતામાં વધારો કરવામાં આવ્યો છે.

આવા ધાર્મિક ગ્રંથોના નવલ કથા રૂપે અવતાર થવાથી વર્ત્તમાનકાળની જૈનપ્રજાને વિશેષ લાભ થાય છે. ધર્મ સંબંધી શિક્ષણ સાથે નીતિ, સદાચાર, શુદ્ધ દેવ ગુરૂની પ્રસન્નતા અને ઇપ્સિત સુખ સંપાદન કરવાને આ ટુંકો અને સંયુક્ત માર્ગ છે. આ માર્ગથી "**જૈન પ્રજાને પોતાના સ્વરૂપનું અને કર્ત્તવ્યનું સારી રીતે ભાન થાય છે.**"

ૐ શાન્તિ ! શાન્તિ !!

# વિષયાનુક્રમણિકા.

| વિષય. | | | | પૃષ્ટ |
|---|---|---|---|---|
| ૧ ગંગા કીનારે આનંદ. | .... | .... | .... | ૧ |
| ૨ વારાણુસી નગરી. | .... | .... | .... | ૬ |
| ૩ કર્મ પરીક્ષા. | .... | .... | .... | ૧૦ |
| ૪ અશ્વ પરીક્ષા. | .... | .... | .... | ૧૫ |
| ૫ કૃતઘ્નીને ધિક્કાર. | .... | .... | .... | ૧૯ |
| ૬ પરનારી સહોદર. | .... | .... | .... | ૨૬ |
| ૭ મહાલસા. | .... | .... | .... | ૩૨ |
| ૮ કુબેરદત્તની કુબુદ્ધિ. | .... | .... | .... | ૪૦ |
| ૯ શંકિત હૃદયા મહાલસા. | .... | .... | .... | ૪૫ |
| ૧૦ પાપનો ઘડો ફૂટયો. | .... | .... | .... | ૫૧ |
| ૧૧ તિલોત્તમાનો મેળાપ. | .... | .... | .... | ૫૭ |
| ૧૨ વિશ્વકર્માનો અવતાર. | .... | .... | .... | ૬૦ |
| ૧૩ સર્પદંશ | .... | .... | .... | ૬૭ |
| ૧૪ ઉપકારનો બદલો. | .... | .... | .... | ૭૧ |
| ૧૫ પરસ્પર પ્રેમજાગ્રતિ | .... | .... | .... | ૭૭ |
| ૧૬ સહસ્રકળા | .... | .... | .... | ૮૪ |
| ૧૭ તિલોત્તમાની ચિંતા | .... | .... | .... | ૮૯ |

| | | |
|---|---|---|
| ૧૮ | વિષપ્રયોગ .... .... .... | ૯૩ |
| ૧૯ | સ્વામી અને શેઠ .... .... .... | ૯૭ |
| ૨૦ | પક્ષીની પંડિતાઈ .... .... .... | ૧૦૨ |
| ૨૧ | અભયદાન .... .... .... | ૧૧૪ |
| ૨૨ | ચતુરાની ચોકડી .... .... .... | ૧૨૦ |
| ૨૩ | શત્રુ મિત્ર થયો .... .... .... | ૧૨૫ |
| ૨૪ | પુત્રસ્મરણ .... .... .... | ૧૨૯ |
| ૨૫ | ગોપાચળમાં યુદ્ધ .... .... .... | ૧૩૩ |
| ૨૬ | કેવળિકથિત પૂર્વભવ .... .... .... | ૧૪૪ |
| ૨૭ | ઉપસંહાર .... .... .... | ૧૫૦ |



મનવાંછીત સંતતિ મેળવવા
પ્રજા નિરોગી રાખવા—અને
ગૃહસંસારનું સ્વર્ગ રચવા માટે } દરેકે

# મહીલા મહોદય

વાંચવું જ જોઇએ, જે દુનિયાનો દિલાસો, સુવાવડીનો સાથી, દર્દીનો ડોકટર અને સ્ત્રી બાળકનો સર્જન છે.

૧૪૮ વિવિધ વિષયોથી ભરપૂર થાળ ચિત્રોના શણગાર સાથે **ફક્ત બે રૂપીયામાં** મળશે.

લખોઃ—મેસર્સ મેઘજી હીરજી.
પાયધુની નંબર ૫૬૬ મુંબઈ.

સં. ૧૯૭૯ ના ચૈતર સુદ ૧ ના દિને બહાર પડશે.

છપાય છે ! છપાય છે !! છપાય છે !!!

## શ્રાવક ગૃહનો શૃંગાર શું ?

# મહાન્ ગ્રંથ પૂજા સંગ્રહ.

ભાગ ૧-૨-૩-૪-૫-૬ ( સચિત્ર ).

---

**અગાઉથી ડીપોઝીટ રૂા૦ ૧ મોકલી ગ્રાહક થનાર પાસેથી કિંમત રૂ. ૨ા પાછળથી કિંમત રૂ. ૩ા**

આધુનિક સમયમાં જૈન ભાઇઓમાં પુજાઓ ભણાવવાનો પ્રચાર દિવસે દિવસે વૃદ્ધિ પામતો જોવામાં આવે છે. તેટલાજ સબબથી પુજાસંગ્રહની ચોપડીઓની જરૂર વધારે પડવા લાગી છે; કેમકે અમારા તરફથી પ્રસિદ્ધ થતાં પહેલાં પણ તે બુકનાં ઘણાં ગ્રાહકો થઇ ગયેલા છે, એટલુંજ નહીં, પણ દેશાવરોથી તેની ઘણીજ માંગણી છે તેજ તેની સાબીતી કરી આપે છે.

આજ સુધીમાં પુજાસંગ્રહની ઘણી ચોપડીઓ છપાઇ પ્રસિદ્ધ થયેલી છે, પણ તે ચોપડીઓમાં પુજા ભણાવવાની વિધિ પુજાઓ સાથે નહીં જણાવેલી હોવા-

થી ઘણા ભાઇઓને પુજાઓ ભણાવવાની અગવડો પડે છે; તે અગવડો દુર કરવાના સબબથી અમે બધી પુજાઓની વિધિ કરેક પુજાની પહેલાં દાખલ કરી છે. તેથી પુજા ભણાવવાવાળાને કશી અડચણ પડે નહીં, તેમ પોતાની મેળે પુસ્તકમાં જોઇને સામાન વિગેરે મેળવી શકે.

આ બુકના ૬ ભાગ પાડવામાં આવ્યા છે. પહેલા ભાગમાં ચાર જાતનાં સ્નાત્ર, વિધિ સાથે. ૧ પંડિત શ્રી વીરવિજયજી કૃત ૨ શ્રી દેવપાલકવિકૃત. ૩ પંડિત શ્રી દેવચંદ્રજી કૃત. ૪ પંડિત શ્રી રૂપવિજયજી કૃત પુજાઓમાં પંચકલ્યાણકની પુજા, પિસ્તાલીશ આગમની પુજા, નવાણું પ્રકારી પુજા, બારવ્રતની પુજા અને ચોસઠપ્રકારની પુજા એ રીતે પૂજાઓ દાખલ કરવામાં આવી છે.

બીજા ભાગમાં પંડિત શ્રી રૂપવિજયજી કૃત પુજાઓ. તેમાં પંચકલ્યાણકની પુજા, પંચજ્ઞાનની પુજા, વિશસ્થાનકની પુજા, અને પિસ્તાલીશ આગમની પુજા. શ્રી દેવવિજયજી કૃત અષ્ટપ્રકારી પુજા. ઉત્તમવિજયજી કૃત અષ્ટપ્રકારી પુજા. એ રીતે પુજાઓ દાખલ કરવામાં આવેલી છે.

ત્રીજા ભાગમાં શ્રી વિજયલક્ષ્મીસૂરિ કૃત વીશસ્થાનકની પુજા, શ્રી સકલચંદજી કૃત સત્તરભેદી પુજા, એક-

વિશપ્રકારી પુજા, શ્રીમદ યશોવિજયજી કૃત નવપદની પુજા, શ્રી પદ્મવિજજી કૃત નવપદની પુજા, શ્રી ધર્મચંદ્રજીકૃત નંદીશ્વરદ્વીપની પુજા અને પંડિત શ્રી દીપવિજયજી કૃત અષ્ટાપદની પુજા, તથા પંડિત શ્રી ઉત્તમવિજયજીકૃત પંચતિર્થની પુજા. અચળગચ્છના આચાર્યશ્રી મેઘરાજ મુનિકૃત સત્તર ભેદી પુજા એ રીતે પુજાઓ દાખલ કરવામાં આવેલી છે.

ચોથા ભાગમાં શ્રીમદ્ આત્મારામજી કૃત પુજાઓ. તેમાં અષ્ટપ્રકારી પુજા, નવપદની પુજા, સત્તરભેદી પુજા, વિશસ્થાનકની પુજા, શ્રી કુંવરવિજીયજી કૃત અષ્ટપ્રકારી પુજા, શ્રી બુદ્ધિસાગરજી મહારાજની બનાવેલી વાસ્તુપુજા, પંડિત શ્રી વીરવિજયજી કૃત અષ્ટપ્રકારી પુજાના દુહા, અઢીસેં અભિષેક, જિન નવ અંગ પુજાના દુહા, આરતિઓ, મંગળદીવો મંગળ ચાર વિગેરે.

ભાગ ૫ મા માં શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી કૃત, શ્રી હંસવિજયજી કૃત શ્રી વલ્લભવિજયજી કૃત તથા જૈનોના મહાન્ દાદા જીનદત્તસૂરીશ્વરજીની પૂજાઓ આવશે.

ભાગ ૬ ઠ્ઠા માં અમદાવાદ અને પાટણના દેરા ઉપાશ્રય વિગેરેની વિગત દર્શાવવામાં આવી છે.

ઉપર મુજબ બાબતો આ બુકમાં દાખલ કરી આ

બુક છપાવવામાં આવે છે, તેથી સર્વે જૈનભાઈઓને ઉપયોગી થઈ પડે તેમ છે, માટે જૈનભાઇઓ કેળવાએલા કે વગર કેળવાએલા, બાળ કે વૃધ્ધ, સરવે પોતાની શક્તિ અનુસાર એક સરખો લાભ લેશે, એવી અમારી વિજ્ઞપ્તિ છે.

આ ગ્રંથ બરોબર કાળજી રાખી શુદ્ધ કરી છાપવામાં આવશે. **અમે ખાત્રીથી કહીએ છીએ કે આ ગ્રંથને ઉત્તમોત્તમ બનાવવામાં મણા રાખવામાં આવશે નહિં.**

આ ગ્રંથ સંબંધી યોગ્ય સુચનાઓ કરનારનો આભાર માનવામાં આવશે. કાગળો વગેરે ઉત્તમોત્તમ વાપરવામાં આવશે. ચિત્રો લગભગ દશ ઉપરાંત આવશે. ગ્રંથ સં ૧૯૭૯ ના ચૈતર સુદ ૧ ના દિને બહાર પડશે.

મેઘજી હીરજી જૈન બુકસેલર,

પાયધુની નં. ૫૬૬, મુંબઈ.

બહાર પડી ચૂકયો છે.

મલ્લધારી શ્રી દેવપ્રભસૂરિ વિરચિત

**જૈન મહાભારત** યાને **પાંડવ ચરિત્ર** (સચિત્ર.)

( ગુજરાતી સરલ ભાષામાં. )

**આ મહાન્ ગ્રંથના છપાવ્યા પહેલાંજ ડીપોઝીટ ભરીને એક હજારથી વધુ ગ્રાહકો થઈ ચુકયા હતા.**

આ મહાન્ ગ્રંથના આદર્શ ચિત્રો પછવાડે રૂપીઆ ૬૫૦ નો ખર્ચ થયેલ છે, મતલબ કે આ એક ગ્રંથમાં કિંમત રૂા. ૬૫૦ ના તો માત્ર ચિત્રોજ છે.

આ મહાન્ ગ્રંથમાં પૃષ્ટ સંખ્યા ૭૭૬, ચિત્રો ૧૪, પુંઠુ મજબુત સોનેરી કપડાવાળુ છતાં કિંમત રૂ. ૬–૦–૦ પોષ્ટેજ. પેકીંગ, વી. પી. ખર્ચ જુદું.

આ મહાન્ ગ્રંથ દરેક જૈનના ઘરમાં અવશ્ય હોવોજ જોઇએ; કારણકે આવા મહાન ગ્રંથોના વાંચન અને **મનનથી "વીર બનીએ છીએ" અને "બહાદુર વીરો અને વીરાંગનાઓ"** ઉત્પન્ન કરી શકીએ છીએ.

**વહેલો તેજ પહેલો.**

લખોઃ–મેસર્સ મેઘજી હીરજી બુકસેલર,

પાયધુની મુંબઈ નં. ૩.

# શ્રાવક ફરજ યાને સુધારસ

# સ્તવન સંગ્રહ.

ભાગ ૧-૨-૩-૪-૫-૬

## ( સચિત્ર )

આ ગ્રંથમાં કાવ્યો, પ્રભાતિયાં, ભાવનાઓ, સ્તુતિઓ, ચૈત્યવંદન કરવાની વિધિ, ચૈત્યવંદનો, રસીક સ્તવનો, વૈરાગીપદો, ગરબાઓ, લાવણીઓ, ગહુંલીઓ, જીનગુણ મંજરીની સ્તવન કવ્વાલીઓ, છંદો, આનુપૂર્વી, **નવપદની ઓળી વિધિ, વીશ સ્થાનકના** તપની વિધિ, સુતક વિચાર, અને **મનુષ્ય ઉપર એક પછી એક નવગ્રહ હમેશાં સારા માઠા આવે જાય છે. તે વખતે માઠા ગ્રહમાં માણસ આકુળ-વ્યાકુળ બની જાય છે અને આમ-તેમ દોડાદોડ કરે છે; પણ તેમ ન કરતાં જાપ કરવાથી ગ્રહ શાન્ત થાય છે. તે જાપ કરવાની રીત આ ગ્રંથમાં ખાસ આપેલ** છે. તદ્ ઉપરાંત સમેત શિખર, આબુ, અષ્ટાપદ, કેશરીઆજી, દાદાસાહેબ જિનદત્ત સૂરીશ્વરજી, મહાન્ ઉપકારી મરહુમ મુનિ મહારાજ શ્રી મોહનલાલજી મહારાજ આદિ મહાત્માઓના દર્શનીય ફોટાઓ આપવામાં આવેલ છે. આ ગ્રંથની નકલો ઘણીજ ઓછી છપાવેલ છે. કાગળો ઘણાજ સારા વાપરેલા છે પુઠાં રેશમી સોનેરી કપડાંથી બંધાવી મજબુત કરેલ છે. છતાં કિંમત રૂા. ૧-૮-૦

**મેઘજી હીરજી બુકસેલર, પાયધુની-મુંબઇ.**

# પુણ્ય પ્રભાવ અથવા સચિત્ર
# સમરાદિત્ય કેવલી ચરિત્ર

માટે

પ્રસિદ્ધ જૈન ઇતિહાસકાર–મુનિ મહારાજ

**શ્રી જિન વિજયજીનો અભિપ્રાય.**

**રૂપીયા ૫૦ નો ગ્રંથ રૂપીઆ પાંચમાં**

**पुण्यप्रभाव अथवा सचित्र समरादित्य केवली चरित्र-**

પ્રકાશક મેઘજી હીરજી જૈન બુકસેલર, પાયધુનિ, મુંબઇ. પૃષ્ટ સંખ્યા ૬૦૮ પાકું પુઠું મૂલ્ય ૫ રૂપિઆ.

જૈન સમાજની સુરૂચિને પોષવા સારૂ ભાઈ મેઘજી હીરજીએ જુના સાહિત્યને નવારૂપમાં મુકવા માટે જે માર્ગ લીધો છે તે ઇચ્છવા યોગ્ય છે. નવી પ્રજાને જુના રાસાઓ વાંચવા જેટલો અવકાશ કહો કે રસ કહો રહ્યો નથી. તેમના માટે જુના રાસાઓને જો નવી શૈલીમાં યોજી અંતરંગ–બાહ્યાંગ આકર્ષક બનાવી તેમના હાથમાં મૂકવામાં આવે તો તેઓ તેનો લાભ લઇ શકે એવા હેતુથી સ્મરણાવશેષ થએલા પાલીતાણાના વિદ્યાપ્રસારક વર્ગે પ્રાચીન પદ્યમય જૈન કથાઓને નવી ગદ્ય શૈલીમાં વાર્તારૂપે ગોઠવી છપાવવાનો પ્રશંસનીય ઉપક્રમ કર્યો હતો. તેણેજ છપાવેલા સમરાદિત્ય ચરિત્રની ભાઈ મેઘજીએ આ પુનરાવૃત્તિ કાઢી છે અને તેને કેટલાક પ્રાસંગિક ચિત્રોથી સચિત્ર બનાવી છે. કદ જોતાં પુસ્તકની કિંમત કાંઇક વધારે લાગશે ખરી; પરંતુ આગળના શ્રાવકો ૫૦ રૂપિઆ ખર્ચીને પણ જે સમરાદિત્ય ચરિત્ર મેળવી શકતાં ન હતાં તે દૃષ્ટિએ આજે આવી રીતે પાંચ રૂપિયામાં મળતું આ ચરિત્ર મોંઘું ન કહેવાય.

(શ્રી મહાવીર પત્ર અંક ૧૨ મો.)

# શ્રી મહાવીર જીવન વિસ્તાર-સચિત્ર.

( આવૃત્તિ બીજી )

જે સજ્જનો પોતાની શક્તિ ઉપર મુસ્તાક રહેવા ઈચ્છતા હોય, અગર એ શક્તિઓ ખીલવવાની ઈચ્છા હોય, તેઓનેજ આ મહાન્ ગ્રંથ વાંચવા ભલામણ કરવામાં આવે છે. **બાયલા** અને બીકણપણાના વિચારો કરનારા, આપદાઓથી ડરનારાઓને આ ગ્રંથ વાંચવાનો હક્ક નથી. મહાત્મા ગાંધીજી જેમ અસહકાર કરવામાં કોઇની મદદ માંગતા નથી, તેમ પૂર્વે ચોવીશમા તિર્થંકર **શ્રી** મહાવીર સ્વામી થઇ ગયા છે, તેઓના ઉપર બાર બાર માસ સુધી સંગમ નામે દેવતા શ્રી મહાવીર પ્રભુને તેમના **નિશ્ચયો**માંથી ડગાવવા, ચલાયમાન કરવા અનેક પ્રકારના સંકટો આપવા લાગ્યો, તે સમયે ઈંદ્ર મહારાજને મહાવીર પ્રભુ ઉપર દયા આવી, અને તેઓએ મહાવીર પ્રભુને કહ્યું કે, આપ આજ્ઞા આપો તો આપના ઉપર પડતા આ વિકટ દુઃખો દૂર કરવા હું આપની સેવામાં રહું. ત્યારે તેઓએ તેમની મદદનો અસ્વીકાર કર્યો અને મહાન્ પુરૂષો કોઈની મદદ ઉપર જીવતા નથી, પણ તેઓ પોતાના **બળેજ** પોતાના દુઃખો હરે છે, એવો ખુલ્લો જવાબ આપ્યો હતો. આ ગ્રંથની પ્રથમાવૃત્તિ થોડાજ સમયમાં ખપી જવાથી અને વાંચકોની અતિ માંગણી હોવાથી આ ગ્રંથની બીજી આવૃત્તિ ચૈત્ર શુદ ૧ ના દિને બહાર પાડી છે. કિંમત રૂા. ૨-૦-૦

# ઉત્તમકુમાર ચરિત્ર

## પ્રકરણ ૧ લું.

### ગંગા કિનારે આનંદ.

ગંગા નદી તરંગોની ગર્જનાથી તીરભૂમીને ગજાવતી હતી. તટ ઉપર આવેલાં વૃક્ષોના કુંજમાં તેના પ્રતિધ્વનિ પડતા હતા. મધુર ધ્વનિથી તેમાં વધારો થતો હતો. સ્થળ અને જળનાં પ્રાણીઓ આવી તે ઉપર વિશ્રાંત થઇ સરિતાની શોભા નિરખતા હતા. અનેક આર્ય યાત્રાળુઓ આવી ભાગીરથીના ભવ્યજળમાં સ્નાન કરતા હતા. તૃષાતુર થયેલા પથિકો ગંગાના શીતળ જળનું પાન કરી આસપાસ વાતા શીતળ પવનની લ્હેરો લેતા હતા. પવિત્ર તાપસો તટભૂમિ ઉપર શ્રેણીબંધ બેઠા હતા.

આ વખતે તેના તીર ઉપર આવેલા એક સુંદર મહેલમાં એક સુંદરી બેઠી બેઠી ગંગા નદીનું અવલોકન કરતી હતી. અને કુદરતને અનુમોદન આપતી હતી. એ

સુંદર રમણીય સાદા પોશાકમાં હતી; તથાપિ તેણીના સ્વાભાવિક સૌંદર્યે તેણીને શ્રૃંગારમય કરી દીધી હતી; તેની મનોવૃત્તિમાં આનંદના તરંગો ઉછળતા હતા, તેથી તેણી આ સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધીથી જાણે મુક્ત થઈ હોય તેમ દેખાતી હતી. તેણીના લલાટ ઉપર ધર્મનું અને કર્મનું મિશ્ર તેજ ચળકી રહ્યું હતું. ઘણીવાર સુધી સરિતાતટનું અવલોકન કર્યા પછી એક પુસ્તક વાંચતાં વાંચતાં તેણી તેમાં તલ્લીન થઇ ગઈ અને તેને વારંવાર વાંચવા લાગી. ઘણીવાર વાંચ્યા પછી એ આનંદી અબળા પોતાના મનમાં નીચે પ્રમાણે ચિંતવન કરવા લાગી:—

" અહા ! આ સંસાર અસાર કહેવાય છે, તે છતાં પણ કોઈ વાર તેમાંથી આનંદ પણ મળે છે; જો પુણ્યનું પ્રબળ હોય તો આ સંસાર સ્વર્ગ છે, સંસારી જીવો જો આ સંસારના જીવનને સાર્થક કરવા ઈચ્છતા હોય તો આ સંસારમાંથી પણ તેને દિવ્ય સ્વાદ મળે છે. સંસારસમુદ્ર મથન કરવાથી જેમ વિષ નીકળે છે, તેમ અમૃત પણ નીકળે છે, "

આ પ્રમાણે એ પ્રૌઢ રમણી હૃદયમાં ચિંતવન કરતી હતી અને પોતાના મુખમુદ્રાપર આનંદના અંકુર દર્શાવતી હતી. તેવામાં નીચેથી " ઘણી ખમા, મહારાજાધિરાજને ઘણી ખમા " એવો ધ્વનિ સાંભળવામાં આવ્યો. એ ધ્વનિ સાંભળતાંજ તે રમણી બેઠી થઇ અને મહેલના દાદર આગળ આવી ઉભી રહી. તે વખતે ઘણી દાસીઓ દોડતી આવી અને કહેવા

લાગી કે, ' મહારાજા પધારે છે ' રમણી નીચે ઉતરી અને મહારાજાને વિનયથી નમન કરી મહેલ ઉપર લઇ ગઇ.

બન્ને દંપતી મહેલની ચંદ્રશાળામાં બેશી ગંગાના કિનારાની કુદરતી રચનાઓ જોવા લાગ્યાં. રમણીએ આનંદમગ્ન થઇ કહ્યું–પ્રાણનાથ ! આપણા કુમારને માટે કાંઇ ખુશી ખબર સાંભળ્યા ? રાજાએ ઉત્તરમાં જણાવ્યું. મેં તે શુભ ખબર સાંભળ્યા છે અને તે આનંદ દર્શાવવા માટેજ હું ન્યાયાસન ઉપરથી અહીં આવ્યો છું, પણ તમને એ શુભ ખબર કોણે કહ્યા ? સુંદરી મોહક અને મૃદુહાસ્ય કરતી બોલી–પ્રાણેશ ! ક્ષણવાર પહેલા એ વિનીતકુમાર મારી પાસે આવ્યો હતો અને તે વાત તેના મિત્રે તેની સમક્ષ મારી આગળ જણાવી હતી. પ્રાણપતિ ! આપના આવ્યા પહેલાં હું આનંદિત થઇ એજ વિચાર કરતી હતી અને આ સુંદર સંસાર દુઃખરૂપ છતાં તેને સુખરૂપ માનતી હતી. મહારાજાએ અભિનંદન આપતા કહ્યું—પ્રિયા ! હું પણ એજ વિચાર કરતો હતો. આ સંસારચક્ર પરિવર્ત્તનથી સુખ અને દુઃખ બંને ઉપજાવે છે, પણ જ્યારે સુખનો ઉદય થાય છે ત્યારે દુઃખનું અને જ્યારે દુઃખનો ઉદય થાય છે ત્યારે સુખનું વિસ્મરણ કરાવે છે. આપણો એકનોએક કુમાર સર્વ કળામાં પ્રવીણ થયો અને પરીક્ષામાં પ્રથમપદે ઉત્તીર્ણ થયો—એના જેવો આનંદ બીજો કયો હોય ? પ્રજા વિદ્વાન, વિનીત, વિવેકી અને કળાકુશળ થાય; એ કાંઇ જેવો તેવો આનંદ નથી. વિદ્વાન્ પુત્રોના માતાપિતાઓ પૂણ્યશાળી અને ભાગ્યવાન્

ગણાય છે. આપણે ઘેર એક સમૃદ્ધિવાન્ રાજ્ય છે, સર્વોત્તમ સત્તા છે, હજારો લોકો આજ્ઞા ઉઠાવે છે, છત્ર ધરાય છે, ચામર વીંજાય છે, અને કોશાગારમાં રાજ્યલક્ષ્મી નૃત્ય કરી રહી છે, એ બધું સુખ છતાં પણ જે સુખ આજે રાજકુમારનો "વિદ્યા-વિજય" સાંભળીને થયું છે, તેવું સુખ બીજાથી થયું નથી અને થવાનું નથી. મહારાણી ! રાજકુમાર ધર્મશાસ્ત્રની, નીતિની, અને વ્યવહારશાસ્ત્રની પરીક્ષામાં પ્રથમ પદે આવ્યો છે. તેના પરીક્ષકોએ છુટે મોઢે તેની પ્રશંસા કરી છે, અને સર્વની સમક્ષ તેને અભિનંદન આપ્યું છે. આવું જ્ઞાનબળ છતાં તે વિનીત, દયાળુ, ધાર્મિક અને નીતિમાન્ ગણાયો છે.

દેવી ! આપણો અવતાર, સંસાર અને ગૃહધર્મ આવા સુપુત્રથી કૃતાર્થ થઇ ગયો છે. પુત્રના ગુણ જોઈ મારૂં મન અતિ આલ્હાદિત થયું છે. તે સાથે મને બીજો આનંદ એ થાય છે કે, ભવિષ્યમાં મારી પ્રજા એક નીતિમાન્ રાજાને મેળવી શકશે, અને મારૂં વિસ્મરણ કરી શકશે.

મહાદેવી મૃદુહાસ્ય કરતી બોલી—નેત્રમણિ ! આપનાં વચન યથાર્થ છે, પણ આ બધાનું કારણ આપ પોતેજ છો. કારણ કે, પોતાની સંતતીનું ભવિષ્ય પિતા ઉપર છે. સુજ્ઞ પિતા જો પુત્રને કેળવણી આપવા તત્પર રહે તોજ પુત્ર જ્ઞાન-બળ તથા કળાબળ સંપાદન કરી શકે છે. પોતાની પ્રિય સંત-તિને કેળવણીરૂપ અમૃતનું પાન કરાવનાર પિતા તેના પોષ-ણથી પણ વધારે ઉપકાર કરે છે.

મહારાજાએ હાસ્યથીજ પ્રત્યુત્તર આપ્યો—મહારાણી ! તેમાં મારા કરતાં તમારો ઉપકાર પ્રથમ છે. બાલ્યવયના શિક્ષક તમેજ છો. વિનય, વિવેક અને નમ્રતાના ગુણોનો વારસો કુમારને તમેજ આપ્યો છે. તમારા પવિત્ર ઉત્સંગમાં રમતાં રમતાં કુમારે જે ગુણો મેળવ્યા છે, તે ગુણો તેના પિતાથી કે ગુરૂથી મેળવી શકાય તેવા નથી. તમે સ્તનપાનની સાથે તેને ગુણોનું પાન કરાવ્યું છે, એથીજ આ કુમાર વિદ્વાન્ અને કળાવાન્ બન્યો છે. જે માતા બાળકો તરફ ઉપેક્ષા રાખે છે, તે માતા બાળકની હિતકારિણી નથી પણ અહિતકારિણી છે.

આ પ્રમાણે બંને દંપતી પુત્રના જ્ઞાનનો અને કળાનો આનંદ મેળવતાં હતાં, ત્યાં સમયસૂચક સેવકે આવી ખબર આપ્યા કે, '**જિન પૂજાનો સમય થયો છે.**' પછી બંને દંપતી ત્યાંથી ઉઠી ગૃહચૈત્યમાં જિનપૂજન કરવાને ગયાં.

વાંચનાર ! તમે વાર્ત્તાના આરંભમાં વિશેષ ભ્રાંત થયા હશો, તેથી તેની સ્પષ્ટતા કરવાની જરૂર છે. વારાણસીનગરીની મહારાણી લક્ષ્મીવતી ગંગાકિનારે આવેલા પોતાના મહેલમાં રહેતી હતી. પાછળથી તે નગરીનો મહારાજા મકરધ્વજ તે મહેલમાં આવ્યો હતો. તે રાજદંપતીને "ઉત્તમ" નામે કુમાર હતો. ઉત્તમકુમારને કેળવણી આપવાને માટે મહારાજા મકરધ્વજે સારી યોજના કરી હતી. તેને માટે ઉત્તમ અધ્યાપકોને રોકવામાં આવ્યા હતા. આજે ઉત્તમકુમારના અભ્યાસની પરીક્ષા થઇ હતી. રાજકુમાર પરીક્ષામાં પ્રસાર થઈ પ્રથમપદે આવ્યો

હતો. આથી મહારાણી લક્ષ્મીવતી આનંદમગ્ન થઇ પોતાના મહેલમાં બેઠી હતી. તે વખતે ત્યાં મહારાજા મકરધ્વજ પણ આવ્યા હતા. બંને રાજદંપતી પોતાના વિદ્વાન્ અને કળાકુશળ થયેલા રાજકુમારના ખબરથી આનંદમગ્ન થઇ રહ્યાં હતાં, અને પછી સમયસૂચકની સૂચનાથી તેઓ બંને જિનપૂજા કરવાને ગૃહચૈત્યમાં આવ્યાં હતાં.

પૂર્વે ધાર્મિક રાજાઓ દરેક કાર્યના સમયની સૂચના આપવાને તેવા માણસોને રાખતા હતા. રાજકાર્યમાં મગ્ન રહેલા રાજાને તે તે સેવકો સમયની સૂચના આપતા એટલે અપ્રમાદી રાજાઓ સત્વર તે કાર્ય કરવાને તત્પર થતા હતા. પ્રતિક્રમણ, સ્નાન, જિનપૂજન, સામાયિક, ભોજન, પ્રજાકાર્યકરણ અને શયન વિગેરે બધી ક્રિયાઓ કરવાની સૂચના તેમને સેવકો તરફથી થયા કરતી હતી. આ પ્રમાણે વારાણસીનગરીના પતિ મકરધ્વજ રાજાએ પણ એવી ગોઠવણ કરી હતી, અને તે પ્રમાણે સમયની સૂચના થવાથી તે પોતાની પ્રિયા લક્ષ્મીવતીને સાથે લઇ જિનપૂજા કરવાને જિનાલયમાં ગયો હતો.

# પ્રકરણ ૨ જું.

## વારાણસી નગરી.

દક્ષિણ ભરતખંડમાં આવેલી મહાનગરીઓમાં વારાણસી નગરી સર્વોત્તમ ગણાતી હતી. તેની રચના અનુપમ

હતી. વિચક્ષણ કવિઓ તેને અલકાપુરીની ઉપમા આપતા હતા. તેના પરિસર ભાગમાં પવિત્ર અને પતિતપાવની ગંગા નદી વ્હેતી હતી. ભારતી આર્ય પ્રજા તેને પવિત્ર તીર્થ માની ઉમંગથી ત્યાં આવતી હતી. પવિત્ર પર્વના દિવસોમાં એ નગરીની શોભા અનુપમ થતી હતી. તે નગરીની આસપાસ ગગનની સાથે વાતો કરતો મોટો વિશાળ કિલ્લો આવી રહ્યો હતો. મધ્યમાં કૈલાસ પર્વત જેવાં ઉંચાં સાત માળનાં ઘર શ્રેણીબંધ ઉભાં હતાં. તેની અંદર આસપાસ જિનાલયો અને શિવાલયો ઘણા સુશોભીત રહેલા હતા. ચારે વર્ણની પ્રજા રાજા મકરધ્વજની નીતિમય શીતળ છાયા નીચે રહી વૈભવ-સુખ ભોગવતી હતી, કુબેરના જેવા ધનાઢ્ય ગૃહસ્થોથી એ નગરી વિશેષ દીપી રહી હતી. તેમાં આર્હત પ્રજાનો મોટો ભાગ વસતો હતો. નગરીની સર્વ પ્રજામાં ઐક્ય હતું. ધર્મ, નીતિ અને પ્રમાણિકતાથી સર્વ પ્રજા પ્રવર્ત્તતી હતી. જીવ-દયા, જ્ઞાનને ઉત્તેજન અને નિરાશ્રિતને આશ્રય આપવાના મોટાં ખાતાંઓ રાજ્ય તથા પ્રજા તરફથી ચાલતાં હતાં. સર્વ ગૃહસ્થો દીન તથા દુખીની સંભાળ લેવાને આગળ પડતા હતા. કલહ, પરનિંદા, અને પરદ્રોહ કોઇમાં જોવામાં આ-વતા ન હતા.

મહારાજા **મકરધ્વજના** નીતિ રાજ્યથી સર્વ પ્રજા પ્રસન્ન હતી. બાળકથી તે વૃદ્ધ સુધી સર્વજનો મહારાજાને ચાહતા હતા અને દેવની જેમ તેને માન આપતા હતા. મહા-

રાજા પણ પોતાની પ્રજાને પુત્રવત્ ગણી પાળતા હતા. પ્રજાના મનને રંજન કરવામાંજ પોતાની સાર્થક્તા સમજતા હતા. પ્રજા જનમાંથી હરકોઈ શરણે આવે તેને મહારાજા શરણ આપી સુખી કરતા હતા. આથી મહારાજા મકરધ્વજની સત્કીર્ત્તિ ભારતવર્ષની ચારે તરફ પ્રસરી રહી હતી.

પ્રજાના મનને રંજન કરે તેજ રાજા કહેવાય છે, એવું સમજનારા મહારાજાનું રાજ્ય સર્વ રીતે આબાદ થયું હતું. તેના કોશાગારમાં રાજ્યલક્ષ્મી રસમગ્ન થઇ નૃત્ય કરતી હતી. હાથી, ઘોડા, રથ અને પેદલ—એ ચતુરંગ સેનાની સમૃદ્ધિથી મહારાજા પરિપૂર્ણ હતા.

આવા સમૃદ્ધિવાન્ રાજ્યના પ્રભાવથી વારાણસી નગરીની પ્રજા સર્વ રીતે સુખી હતી. વ્યાપાર અને ઉદ્યોગકળાથી તે પ્રતિદિન વૃદ્ધિ પામતી હતી. ગંગાના તરંગની જેમ વ્યાપાર અને ઉદ્યોગની લક્ષ્મી એ નગરીની પ્રજામાં ઉછળી રહી હતી. લક્ષ્મીની લેહેરથી ચોરી, લુચ્ચાઇ, અપ્રમાણિક્તા અને ઠગાઇ વગેરે દુર્ગુણો પ્રજામાં ઉત્પન્ન થયા ન હતા. પ્રત્યેક જનમાં ધાર્મિક્તા, પ્રમાણિક્તા, વાત્સલ્ય, પ્રેમ અને ભક્તિ જાગ્રત રહેતા હતા. આવી ઉત્તમ રાજધાનીમાં મહારાજા મકરધ્વજ અને રાણી લક્ષ્મીવતી બન્ને રાજદંપતિ ધર્મ તથા નીતિપૂર્વક રાજ્યસુખ ભોગવતાં હતાં. મહારાજાએ ધાર્મિક અને સાંસારિક કેળવણીરૂપ કલ્પલતાને ખીલાવવાને માટે વિવિધ પ્રકારની પાઠશાળાઓ અને કળાશાળાઓ સ્થાપી હતી. તેનો ઉત્તમ લાભ

વારાણસી નગરીની સર્વ પ્રજા લેતી હતી. આથી પ્રજાવર્ગમાં વિદ્વાનો, કવિઓ, અને કળાધરો ઘણા ઉત્પન્ન થતા હતા. મહારાજાના મોટા આશ્રયથી તે વારાણસી નગરી આખા ભારતવર્ષમાં વિદ્યાનગરી કહેવાતી હતી. વારાણસીના વિદ્વાનો ભારતના સર્વ પ્રદેશમાં વિખ્યાત હતા. ભારતીવિદ્યા અને ભારતિકળા વારાણસીના પવિત્ર ક્ષેત્રમાં પ્રત્યક્ષપણે નૃત્ય કરતી હતી. રાજા મકરધ્વજની રાજધાનીમાં વિદ્વત્વ, પ્રામાણ્ય, પ્રાવીણ્ય, કવિત્વ અને ધર્મિત્વ પ્રત્યક્ષ દેખાતાં હતાં. દરેક કુટુંબમાં વિદ્વાન, કવિ, પ્રમાણિક અને ધર્મિ નરો જોવામાં આવતા હતા.

આવી ઉત્તમ રાજધાનીમાં રહી રાજા મકરધ્વજ પોતાના માનવ જન્મની કૃતાર્થતા કરતો હતો. તે આર્હતધર્મનો ઉપાસક હતો; નીતિનો પ્રસારક હતો, પ્રમાણિકતાનો ધારક હતો, અનાશ્રિતનો આશ્રય હતો, દુઃખીના દુઃખનો વિદારક હતો, જનમંડળનો સુધારક હતો, ગુરૂજનનો ભક્ત હતો, જિનસેવામાં રક્ત હતો, વિષયોમાં અનાસક્ત હતો, અને સર્વ કાર્યોને સાધવામાં શક્ત હતો.

તેવીજ રીતે તેની મહારાણી લક્ષ્મીવતી પણ સદ્ગુણોથી ભરેલી અને સુકૃતને સંપાદન કરનારી ઉત્તમ શ્રાવિકા હતી. તેણી વારાણસીની સ્ત્રીપ્રજાને સારો આશ્રય અને ઉત્તેજન આપતી હતી. ધાર્મિક અને સાંસારિક કેળવણી ઉપર તેણીને બહુ પ્રીતિ હતી. શ્રાવિકા ધર્મનું રહસ્ય શું છે ? શ્રાવિકાનું આ જગત્માં શું કર્ત્તવ્ય છે અને શ્રાવિકાએ શાં શાં

કાર્ય કરવાનાં છે, એ વિષે મહારાણી લક્ષ્મીવતીએ સારો અભ્યાસ અને સારો વિચાર કરેલો હતો. તેણીની મનોવૃત્તિમાં આર્હતધર્મના પવિત્ર સંસ્કાર લાગેલા હતા, તે સર્વ પ્રકારના જ્ઞાનને અને કળાને પોષણ આપતી પણ ધર્મની કળા માટે તેના ઉંચા વિચાર હતા. ધર્મની કળા વિના બીજી કળાઓ નકામી છે, એવો તેણીના હૃદયનો નિશ્ચય હતો. તે વિષે તે પવિત્ર રમણી નીચે પ્રમાણે મધુર કવિતા ગાતી હતી:—

### दोहा.

"कला बहोंतेर जे भण्यां, पंडित नाम धराय;
धर्मकला आवी नहिं, तो मूरखना राय." ॥ १ ॥
अवर सर्व विकला कला, धर्मकला शिरदार;
धर्मकला विण मानवी, पशुतणे अवतार. ॥ २ ॥

## પ્રકરણ ૩ જું.

### કર્મપરીક્ષા.

વિદ્વાન્ અને વિચક્ષણ ઉત્તમકુમાર પોતાના યુવાન મિત્રોની સાથે ગંગાના કિનારાપર ફરવા નીકળ્યો હતો, તે તરૂણ વિદ્વાને સાદો અને શોભતો પોશાક પહેર્યો હતો, એક હાથમાં પુષ્પનો તોરો રાખ્યો હતો, કટી ઉપર સુવર્ણ તથા

રત્નજડિત કમરપટ્ટો બાંધ્યો હતો, અને તેની નીચે તીક્ષ્ણ ખડ્ગ લટકતું હતું, ખડ્ગની ઉપર કનકમય અને મનોહર મ્યાન ચળકી રહ્યું હતું, મસ્તક ઉપર સુંદર શિરપેજનો પ્રકાશ પડતો હતો, ભ્રગુટી અને લલાટના મધ્ય ભાગમાં ચંદનનું તિલક સૂક્ષ્મ તારાની જેમ પ્રકાશિત થતું હતું. રાજકુમાર પોતાના વિદ્વાન્ મિત્રોની સાથે વિદ્યા અને કળાનીજ વાતો કરતો હતો, તેમની વચ્ચે પરસ્પર શંકા સમાધાન થતા હતા.

આ વખતે એક વિદ્વાન્ મિત્રે રાજકુમારને પ્રશ્ન કર્યો— પ્રિય રાજકુમાર! ધર્મ અને કર્ત્તવ્યમાં શો તફાવત છે? રાજકુમારે પોતાની બુદ્ધિના બળથી ઉત્તર આપ્યો—મિત્રો! ધર્મ અને કર્ત્તવ્ય એકજ છે, તે પરસ્પર સહસંગત છે. જે માણસ પોતાના કર્ત્તવ્યથી વિમુખ થાય છે, તે ધર્મથી વિમુખ છે, એમ સમજવું. ધર્મનો હેતુ કર્ત્તવ્યમાંજ ચરિતાર્થ છે. કર્ત્તવ્યથી વિમુખ થયેલો માણસ જેમ ધર્મને સાધી શકતો નથી, તેમ ધર્મથી વિમુખ થયેલો માણસ કર્ત્તવ્યને સાધી શકતો નથી. જે કર્ત્તવ્યપરાયણ હોય, તે ધર્મપરાયણ અને જે ધર્મપરાયણ તે કર્ત્તવ્યપરાયણ થાય છે, તે બંનેનો સર્વથા અભેદ છે.

વચમાં એક ચતુર તરૂણ બોલી ઉઠ્યો—મિત્ર રાજકુમાર! આજસુધી મારા સમજવામાં એમ હતું કે, ધર્મ અને કર્ત્તવ્ય જુદાં છે. કારણકે, કર્ત્તવ્યનો સંબંધ આ લોકની સાથે છે અને ધર્મનો સંબંધ પરલોકની સાથે છે. આ મારી સમજ આપના

કહેવા ઉપરથી દૂર થઈ જાય છે. હવે મને નિશ્ચય થાય છે કે, કર્ત્તવ્ય એજ ધર્મ અને ધર્મ એજ કર્ત્તવ્ય છે. ઉભયની વચ્ચે અભેદ છે.

આ પ્રમાણે તેમની વચ્ચે વાતચીત થતી હતી, ત્યાં ગંગાના તીર ઉપરથી નીચેની કવિતા તેમના સાંભળવામાં આવી:—

## दोहा.

"बापतणुं धन बालपण, खातां खोट न खाइ;
तरुणपणे जो भोगवे, तो पुरुषातन जाइ. १

सोळे वरस वीत्या पछी, न करे जो [1] आसास;
बापतणी आशा करे, धिक जन्मारो [2] तास. २

सिंह सींचाणो [3] शा पुरुष, न करे परनी आश;
निज भुज खाट्युं खाइयें, तो लहिए जसवास. ३

जण न कहायो जगतमां, बालपणे यशवास;
पशु हुवा ते बापडा, पडिया खावे घास. ४

આ કવિતા ઉત્તમકુમારના શ્રવણમાર્ગમાં આવી તેનો પ્રતિધ્વનિ ગંગાના કિનારા ઉપર પડી ગયો, તે સાંભળતાંજ રાજકુમાર વિચારમાં પડી ગયો. કવિતાનો શુદ્ધ આશય તેના આશયની સાથે મળી ગયો. તેના હૃદય ઉપર તેની ઉત્તમ અસર થઈ આવી. તરતજ તેણે વિચાર કરવા માંડ્યો—વાહ! કવિતાનો

૧ ઉદ્યોગ. ૨ તેનો ૩ ઉત્તમ પુરૂષ.

આશય ઘણો ઉત્તમ છે. સોળ વર્ષની વય થતાં પણ પિતાના ભાગ્ય ઉપર જીવવું, એ અધમ જીવિત છે. પિતાની રાજ્યલક્ષ્મીનો ભોક્તા પુત્ર થાય, એમાં કાંઇ આશ્ચર્ય નથી, પણ એ ઉચ્છિષ્ટ ભોજી કહેવાય છે. આત્મબળ કે, આત્મોદ્યોગ કર્યા વિના પરજીવન ઉપર પોતાનું જીવન આરોપિત કરવું, એના જેવું બીજું અધમ પ્રવર્ત્તન નથી. હું યુવાન વયમાં આરૂઢ થયો, જ્ઞાન તથા કળાનો સંપાદક થયો અને આત્મબળ તથા વીર્યને ફોરવવા સમર્થ થયો, તે છતાં પિતાની રાજ્યલક્ષ્મીના વિલાસને ભોગવી પડ્યો રહું, એ ઘણું અયોગ્ય કહેવાય. હવે મારે મારા કર્મની પરીક્ષા કરવી જોઇએ. નિરવધિ કર્મના સાગરમાં પડેલા પ્રાણીએ પોતાના કર્મનું—ભાગ્યનું બળ જાણવું જોઇએ. ભાગ્ય—કર્મની પરીક્ષા કર્યા વિના પ્રમાદી થઇ પડેલા પ્રાણીઓની દશા ફરતી નથી. જ્યારે હું પ્રમાદથી પિતાના રાજ્યવૈભવમાં પડ્યો રહું, તોપછી મારી વિદ્યાનો, મારી કળાઓનો અને મારા વીર્યનો ઉપયોગ ક્યાં થશે? ઉપકારી પિતા પુત્રને શામાટે જ્ઞાન અપાવે છે? શામાટે કળાકુશળ બનાવે છે? તેના પુરૂષાર્થ માટેજ. પુત્રનો પુરૂષાર્થ પોતાનાથી વૃદ્ધિ પામી પોતાનો પરાભવ કરે તોજ પિતાના હૃદયને સંતોષ થાય છે. માટેજ નીતિશાસ્ત્ર લખે છે કે—

" सर्वत्र जयमन्विच्छेत्पुत्राच्छिष्यात्पराभवम् "

" સર્વ સ્થળે જયની ઇચ્છા રાખવી પણ પુત્ર અને શિષ્યથી પરાભવ ઇચ્છવો."

આવું ચિંતવી ઉત્તમકુમાર પોતાના મિત્રોથી જુદો પડ્યો. તેના તેજ વિચારમાં મગ્ન થતો રાજમેહેલમાં આવ્યો. તે વિચારનું પુનરાવર્ત્તન કરી છેવટે તેણે નિશ્ચય કર્યો કે, " મારે કર્મ પરીક્ષા કરવી અને તેને માટે વિદેશમાં વિચરવું. દેશાટન કર્યા શિવાય ભાગ્યની પરીક્ષા થશે નહીં, જ્ઞાન અને કળાનો ઉપયોગ કરવાનું ક્ષેત્ર સ્વભૂમિ નથી પણ પરભૂમિ છે." આ વિચાર જો પૂજ્ય માતાપિતાને જણાવીશ તો તેઓ મારા મોહથી મારો નિરોધ કરશે. તેથી ગુપ્ત રીતે માત્ર ખડ્ગને સહાયકારી કરી રાજધાનીમાંથી નીકળી જવું, એ વધારે ઉત્તમ છે. આવો નિશ્ચય કરી રાજકુમાર તેજ રાત્રે વારાણસી નગરીમાંથી પ્રસાર થઈ ગયો.

વાંચનાર ! પ્રસ્તુત વિષયનો વિચાર કરી તેમાંથી બોધ લેજો. દરેક વિદ્વાન્, કલાજ્ઞ તરૂણ પુરૂષે પોતાના કર્મની પરીક્ષા કરવી જોઈએ. પુરૂષની સત્તા દિવ્ય છે. તે સત્તાનો ઉપયોગ કર્યા વગર સંતોષ માની બેશી રહેનારા અને જન્મભૂમિ અને જન્મગૃહના મોહને વશ થનારા કાયર પુરૂષો પોતાના જીવનની ઉન્નતિ મેળવી શકતા નથી. તેઓનું જીવન પુરૂષાર્થ વિના પ્રમાદમાંજ પ્રલીન થઈ જાય છે. જ્ઞાન અને કળાનું બળ પ્રાપ્ત થયા છતાં જેઓ આત્મોન્નતિનાં કાર્યો કરવા તત્પર થતા નથી, તેઓ ખરેખર પોતાના આત્માને ઠગે છે. એવા આત્મવંચક નરોથીજ આ આર્ય ભૂમિની અવદશા થઈ છે. સ્વસેવામાંજ પોતાના જ્ઞાનનો તથા બળનો વિક્રય કરી પુરૂષાર્થનો પ્રલય કરનારા પામર પુરૂષોનો જન્મ આ પૃથ્વીમાં

ભારરૂપ છે. તેઓ દેશના ખરેખરા ઉચ્છેદ શત્રુઓ છે. અધમ સેવાવૃત્તિનો સ્વીકાર કરી ભાગ્યનો વિક્રય કરનારા અને પરભાગ્ય ઉપર જીવનારા પુરૂષોના જીવન અજાગલના સ્તનની જેમ વૃથા છે. તેથી દરેક તરૂણે જ્ઞાનબળ સંપાદન કરી કર્મ પરીક્ષા કરવાને વિદેશમાં વિચરવું જોઇએ અને પોતાના પુરૂષાર્થથી માનવ જાતિને અતિ ઉપકારી થવું જોઇએ. એમાંજ જીવનની સાર્થકતા છે. ધર્મવીર ઉત્તમ કુમારે પણ જીવનની સાર્થકતા કરવાને એજ માર્ગ લીધો હતો.

# પ્રકરણ ૪ થું.

## અશ્વપરીક્ષા.

મધ્યાન્હનો સમય હતો, શિશિર ઋતુ ચાલતી હોવાથી ગગનમણિના કિરણોમાં તીવ્રતા થઈ ન હતી, વનભૂમિ પોતાના જીર્ણ પોશાકનો ત્યાગ કરી નવપલ્લવના નવા પોશાકને માટે સજ્જ થઇ હતી, દરેક વૃક્ષમાંથી પર્ણ વૃષ્ટિ થતી હતી, જાણે પીતવર્ણની ચટાઇઓ પાથરી હોય, તેવી શોભા દરેક વૃક્ષની નીચે થઈ રહી હતી. શિશિરઋતુની શોભા જોઇએ તેવી સારી હોતી નથી, પણ એ ઋતુમાં વનલક્ષ્મી નવીન શોભાને માટે વિશેષ ઉત્સાહિત થઇ રહે છે. આ વખતે એક ઘોડેશ્વાર તે વનમાં ફરવા નીકળ્યો હતો. તેની પાછળ ઘોડેશ્વારોની

મોટી ટુકડી ચાલતી હતી. ઘોડાઓના હણહણાટથી વનભૂમિ ગાજતી હતી. થોડે દૂર જતાં તે નાયકે પોતાના તરૂણ ઘોડાને દોડાવા પ્રેર્યો, પણ ઘોડાએ પોતાની ગતિની મંદતા છોડી નહીં. ચતુર સ્વારે ઘણો પ્રયત્ન કરવા માંડયો; તથાપિ ઘોડાના વેગમાં કાંઇ પણ ચંચળતા જોવામાં આવી નહીં. આખરે તે નાયકે પોતાના ઘોડાને ઉભો રાખ્યો. એટલે પાછળ ચાલતા બીજા સ્વારો ઉભા રહ્યા. તેઓમાંથી એક નજીક આવ્યો, એટલે મુખ્ય નાયકે પુછયું—મંત્રિરાજ ! આજે આ શું બન્યું ? તે કાંઇ જાણવામાં આવતું નથી. આ અશ્વ હજુ નવલ વછેરો છે. તેનામાં વેગનું વીર્ય પ્રબળ છે, તે છતાં તે ચાલી શકતો નથી, એ શું હશે ? મંત્રિરાજે ઉત્તર આપ્યો—મહારાજ ! અશ્વવિદ્યા જાણ્યા વિના અશ્વનું સ્વપ જાણવામાં આવતું નથી. જો કોઇ અશ્વવિદ્યા જાણનાર હોય તો તે આ વિષે ખુલાસો કરી શકે. મંત્રિનાં આવાં વચન સાંભળી તે મુખ્ય નાયક વિ-ચારમાં પડ્યો. તેવામાં એક સુંદર પુરૂષ દૂરથી આવતો તેના જોવામાં આવ્યો. તે પુરૂષે જ્યારે આ ઘોડેશ્વારોને જોયા, એટલે તે કૌતુકથી ત્યાં આવી ઉભો રહ્યો અને પેલા તેજસ્વી નાયકને તેણે વિનયથી પ્રણામ કર્યો.

વાંચનાર ! આ અનિર્દિષ્ટ પ્રસંગ જાણવાને ઉત્સુક થયા હશે, તેથી તેનું સ્પષ્ટીકરણ કરવું જોઇએ. જે આ ઘોડેશ્વાર મુખ્ય નાયક છે, તે મેદપાટ—મેવાડનો મહારાજા મહીસેન છે. તેની રાજધાની ચિત્રકૂટનગરમાં હતી, તેના તાબામાં ઘણા દેશ આવેલા હતા. મહીસેન બાણુંલાખ માળવાનો ધણી ક-

હેવાતો હતો, તેને કાંઇ સંતાન ન હતું. તેને અશ્વક્રીડા કરવાનો ઘણો શોખ હતો. તે આજે પોતાના મંત્રી અને બીજા પરિવારની સ્વારી લઇને વનભૂમિમાં ફરવા નીકળ્યો છે. આ પ્રસંગે તેને વનમાં ઉત્તમકુમારનો અચાનક મેળાપ થઇ આવ્યો હતો. ઉત્તમકુમાર વારાણસીનગરીથી શામાટે અહીં આવ્યો છે, તે વાત કર્મપરીક્ષાના પ્રકરણમાં દર્શાવી છે, અને તે વાંચનારના ધ્યાનમાં હશે. મેવાડપતિ મહીસેને ઉત્તરકુમારને પુછયું—ભદ્ર ! તમે કોઇ વિચક્ષણ દેખાઓ છો. કહો, આ મારા અશ્વને શું થયું હશે ? અચાનક તેની મંદગતિ શામાટે થઈ ગઈ હશે ? ચતુર કુમારે અશ્વને જોઇને તરતજ જણાવ્યું—હે મહાબાહુ ! આ અશ્વે મહિષી ( ભેંશ )નું દૂધ પીધું લાગે છે, અને તેથીજ તેની મંદગતિ થઇ ગઇ છે. મહિષીનું દૂધ વાતુલ હોવાથી અશ્વની ચંચળતા દૂર કરે છે. કુમારનાં આ વચન સાંભળી રાજાએ પુછયું—ભદ્ર! તમે એ શી રીતે જાણ્યું ? ઉત્તમકુમારે નમ્રતાથી કહ્યું–મહારાજા ! હું અશ્વવિદ્યા જાણું છું. તે સાંભળી રાજા તેની ઉપર ખુશી થઈ ગયો, અને બોલ્યો—ભદ્રકુમાર ! તમે કહ્યું, તે સત્ય છે. આ અશ્વ જન્મ્યો ત્યારે તેની માતા મરી જવાથી તેને મહિષીનું દૂધ પાઇને ઉછેરવામાં આવ્યો છે. તરૂણકુમાર ! તમારી કળા અને ગુણ જોઇ મને ઘણોજ સંતોષ થયો છે. તમે કોણ છો ? અને શામાટે આ વનમાં ફરો છો ? કુમારે કહ્યું–મહાનુભાવ ! હું મારૂં વિશેષ વૃત્તાંત કોઇ પ્રસંગે જણાવીશ. અત્યારે તો

માત્ર ટુંકમાં એટલુંજ કહું છું કે, હું એક રાજકુમાર છું, અને મુસાફરી કરવાને નીકળ્યો છું ' રાજકુમાર ' એ શબ્દ સાંભળતાંજ મેવાડપતિને અતિશય આનંદ થઇ આવ્યો, તેણે પોતાના મનમાં વિચાર્યું કે, " આ કુમાર ખરેખરો ગુણી છે, અને વળી ગુણ તથા કળાને લઇને તે રાજ્ય કરવાને પણ લાયક છે. હું અપુત્ર છું, તો કુમારને પુત્ર તરીકે લઇ રાજ્યની ધુરા આપી હોય તો મારી મનોધારણા સફળ થાય, અને પછી હું આત્મસાધન કરી શકું. " આવું વિચારી મેવાડપતિએ રાજકુમારને કહ્યું—વત્સ ! તમારો કળાગુણ જોઈ હું ઘણો પ્રસન્ન થયો છું. હવે મારી તમને વિનંતિ છે કે તમે આ મારી રાજ્યલક્ષ્મી ગ્રહણ કરો તો હું ધર્મદીક્ષા લઈ આત્મસાધન કરવા ગૃહવાસનો ત્યાગ કરવા ઇચ્છું છું. મને આશા છે કે, તમે મારી પ્રાર્થનાનો ભંગ નહીં કરો. ઉત્તમકુમાર વિચાર કરી બોલ્યો—મહારાજા ! આપે મારી ઉપર આટલી બધી કૃપા દર્શાવી તેને માટે હું આપનો ઉપકાર માનું છું. મારા જેવા અજ્ઞાતકુળ પુરૂષને મેદપાટ દેશનું વિશાળ રાજ્ય આપવાને આપ તૈયાર થયા, તેને માટે હું મારા આત્માને મોટું માન સમજુ છું, તથાપિ મારી એક વિનંતિ આપ ક્ષમા કરી ધ્યાનમાં લેશો. હું વારાણસીનગરીનો રાજકુમાર છું. કર્મ પરીક્ષા કરવાને અને અનેક કૌતુક જોવાને આ વખતે વિદેશમાં ફરવા નીકળ્યો છું. આર્યભૂમિની મહત્તા, અને વિવિધ વિદ્વાનોની બુદ્ધિની પ્રગલ્ભતા જોવાની મને ઘણી

ઉત્કંઠા છે; તેથી હાલ મને અહીંથી જવાની આજ્ઞા આપશો. મારા હૃદયની ઉત્કંઠા પૂર્ણ કરી હું પાછો સત્વર આપની રાજધાનીમાં આવીશ. મારા વચન ઉપર વિશ્વાસ રાખી મને રજા આપશો.

ઉત્તમકુમારની આવી પ્રતિપ્રાર્થના સાંભળી મેવાડપતિ મહિસેને પ્રસન્ન થઇ પુનઃ આવવાનું વચન લઇને હૃદયમાં ચાંપી રજા આપી.

રાજા મહીસેનની આજ્ઞા થતાં ઉત્તમકુમાર વિનયથી પ્રણામ કરી આગળ ચાલ્યો અને મેવાડપતિ પોતાના અશ્વારોના સમૂહની સાથે પોતાની રાજધાની ચિત્રકૂટમાં આવ્યો.

# પ્રકરણ ૫ મું.

## કૃતઘ્નીને ધિક્કાર.

સમુદ્રને કિનારે એક સુંદર શહેર આવેલું છે. શેહેરની બાંધણી પાઘડીપને લાંબી છે. લોકોનાં ટોળે ટોળાં બંદર ઉપર જાય છે અને આવે છે. મદમત્ત થયેલા મજુરો મધુર ગીત ગાતાગાતા મજુરી કરે છે. માલના ભારથી નમિત થયેલા શકટો શ્રેણીબંધ શેહેર તરફ આવે છે. જળમાર્ગના પથિકો પ્રોત્સાહિત થઇ તટ ઉપર ઉભા છે. શહેરની એક તરફ નર્મદા નદીનો પૂર્ણ પ્રવાહ ચાલી રહ્યો છે. એ મહાનદી

જૈનસતી નર્મદાસુંદરીના ઇતિહાસનું સ્મરણ કરાવે છે. આર્ય પ્રજા તેને તીર્થ ગણી અતિ માન આપે છે.

આ વખતે રાજકુમાર ઉત્તમકુમાર ફરતો ફરતો તે શહેરમાં આવ્યો હતો. માર્ગમાં કોઇ શહેરી મળ્યો. તેને રાજકુમારે પુછ્યું—"ભદ્ર ! આ કયું નગર છે ? અને અહીં દર્શનીય શું છે" ? તે શહેરીએ ઉત્તર આપ્યો—ભાઇ ! આ ભૃગુકચ્છ [ભરૂચ]નગર છે. ગુર્જર દેશમાં આ નગર સારૂં વિખ્યાત ગણાય છે. ગુર્જર દેશની વ્યાપારલક્ષ્મી અહીં વસે છે અને આર્યભૂમિમાં એક મોટું તીર્થ ગણાય છે. આ નગરમાં મુનિસુવ્રત સ્વામીની મનોહર મૂર્ત્તિ છે. અનેક યાત્રાળુઓ પ્રભુની સુંદર પ્રતિમાનાં દર્શન કરવાને અહીં આવે છે. તે શહેરીના આવાં વચન સાંભળી રાજકુમાર શહેરમાં ગયો. શહેરની રમણીયતા જોઇ તેના મનમાં અતિશય હર્ષ ઉત્પન્ન થયો. દરેક શેરીએ શ્રૃંગાર ધારણ કરી રમણીઓ ફરતી હતી. નાના નાના બાળકો ટોળાબંધ થઇ વિવિધ જાતની ક્રીડાઓ કરતાં હતાં. ઉંચા ઉંચા મહેલો ઉપર આવેલા ગોખમાં મુખ કાઢી ઉભેલી સુંદરીઓ આકાશને શત ચંદ્રવાળું કરતી હતી. આવા રમણીય દેખાવો જોતો જોતો ઉત્તમકુમાર શહેરના મધ્ય ભાગમાં થઇ પ્રસાર થતો હતો. આગળ ચાલતાં એક સુંદર વિમાનના જેવું ચૈત્ય તેની દૃષ્ટિએ પડયું. ધર્મનિષ્ટ ઉત્તમકુમાર તે જોતાંજ ઘણો આનંદ પામ્યો, તેણે ચૈત્યમાં પ્રવેશ કર્યો, ત્યાં મુનિસુવ્રતસ્વામીની મનોહર

પ્રતિમા તેના જોવામાં આવી. નિઃસીહીના ઉચ્ચાર કરતો ઉત્તમકુમાર ચૈત્યમાં પેઠો અને તેણે પ્રભુની પ્રતિમાને વંદના કરી—વંદના કરતાં તેના હૃદયમાં ભાવોલ્લાસ પ્રગટ થયો, અને પ્રગટ થતાંજ તે નીચેની કવિતા બોલ્યો:—

“ मूर्त्ति प्रभु मनमोहनी, आर्ति जगत शमावे;
जन मन आनंदकारिणी, दीठा स्वामी सुहावे. १
वांछित दान कल्पलता, भवदुःख सागर नावो;
मूरति अमृतस्यंदिनी, जागे समकित भावो. २
तुं जगबंधव जगधणी, तुं जगदीश दयालु;
तुं जगतारक जगपति, करुणावंत कृपालु. ” ३

આ કવિતા ગાઇ રહ્યા પછી ભાવનાથી પરિપૂર્ણ એવો રાજકુમાર પાછો ફરતો ફરતો સમુદ્ર તીર ઉપર આવ્યો. તે વખતે હજારો વહાણો માલ ભરી તૈયાર થતા હતા. નાવિકોએ આપેલી અનુકૂળ પવનની સૂચનાથી વહાણવટી વેપારીઓ દ્વીપાંતર જવાને તૈયારી કરતા હતા. તે રાજકુમાર એક મોટા વહાણ પાસે આવી ઉભો રહ્યો. તે વાહાણની પાસે એક તેજસ્વી પુરૂષ ઉભો ઉભો માલની અને લોકોની સંખ્યા ગણતો હતો. રાજતેજથી વિરાજિત એવા તે કુમારને જોઇ પ્રૌઢ પુરૂષે વિનયથી પુછ્યું, ભદ્ર, તમે કોણ છો ? અને અહિં કેમ આવ્યા છો? જો તમારી ઇચ્છા હોય તો મારી સાથે વાહાણમાં ચાલો. રાજકુમારે નમ્રતાથી ઉત્તર આપ્યો. હું એક મુસાફર રાજકુ-

માર છું. વિદેશ જોવાની ઇચ્છાથી હું રાજ્ય મુકી બાહેર નીકળ્યો છું. તે પ્રૌઢ પુરૂષે હર્ષિત થઇ જણાવ્યું, ત્યારે જો તમારી ઈચ્છા હોય તો અમારી સાથે ચાલો. તમારા જેવા ભાગ્યવાન્ પુરૂષના સાથથી મને ઘણો લાભ થશે. રાજકુમારે ઇંતેજારીથી પુછયું, આપ કોણ છો ? અને કયાં જવાના છો? પ્રૌઢ પુરૂષે ઉત્તર આપ્યો—હું કુબેરદત્ત નામે એક સફરી વેપારી છું. આ વિશાળ શહેરમાં રહું છું. મારા તાબામાં ઘણાં વાહાણો છે. મારી મુસાફરી બધા બેટોમાં થાય છે. જયાં પવનની અનુકૂળતા હોય, ત્યાં હું મારા વાહાણને હંકારૂં છું. કુબેરદત્તનાં આવાં વચનો સાંભળી રાજકુમાર તેના વાહાણમાં ચડી બેઠો. અને સમય થયો એટલે નાવિકોએ તે વાહાણો ચલાવ્યા.

પવનની અનુકૂળતાથી સમુદ્ર ઉપર તે વાહાણો ચાલતા હતા. જળનિધિ પોતાના તરંગો ઉછાળી રહ્યો હતો. જળજંતુઓ સમુદ્રમાં રહી જળક્રીડા કરતા હતા, વાહાણના શિખર ઉપર બેશી ઉત્તમકુમાર સાગરની લીલા જોતો હતો. તરંગોની સાથે થતું જળજંતુઓનું નૃત્ય જોઇ ચતુર કુમાર અનેક સંકલ્પો કરતો હતો. ઉપર આકાશ અને નીચે જળ—એમ બે તત્ત્વનેજ જોઇ જાણે પૃથ્વીમાં બીજા તત્ત્વ છેજ નહીં, એવી ભાવના ક્ષણવાર તેના હૃદયમાં ઉત્પન્ન થતી હતી.

તે નાવયૂથ સમુદ્રને ઘણે માર્ગે પહોંચ્યું, ત્યાં નાવિકોએ ઉંચે સ્વરે પોકાર કર્યો કે, “ શૂન્ય દ્વીપ આવ્યો છે.

તેથી અહિંથી જળ મળી શકશે." આ પોકાર સાંભળી લોકો એ દ્વીપનો માર્ગ જોવા લાગ્યા. નાવિકોએ વાહાણના વેગને અટકાવ્યો. એ શૂન્ય દ્વીપમાં મીઠું જળ રહેલું હતું, તેથી મુસાફર લોકો ત્યાં વાહાણોને ઉભા રાખી ત્યાંથી મીઠું જળ લેતા હતા. તે સ્થળેથી મીઠું જળ લઈ નાવિકો જેવામાં વાહાણ ચલાવા તૈયાર થયા, તેવામાં એક ભયંકર ગર્જના થઈ. તે ગર્જના સાંભળતાંજ વાહાણના લોકો કંપવા લાગ્યા. અને નાવિકો ભયભીત થઇ સંભ્રાંત થઈ ગયા. તે દેખાવ જોઇ બહાદૂર રાજકુમારે કુબેરદત્તને પુછયું, ભદ્ર ! આ ગર્જના ક્યાંથી થઇ હશે ? આ શૂન્ય દ્વીપમાં આવી ગર્જના કરનાર કોણ હશે ? કુબેરદત્ત ભય પામતો બોલ્યો—રાજકુમાર ! આ શૂન્ય દ્વીપમાં ભ્રમરકેતુ નામે એક રાક્ષસ રહે છે. તે ઘણો નિર્દય અને ક્રૂર છે. જ્યારે તે કોપિત થઇ પ્રગટ થાય છે, ત્યારે લોકોને મોટો ત્રાસ આપે છે અને વખતે સંહાર પણ કરે છે. ભદ્ર ! આજે આપણા આયુષ્યની સમાપ્તિ થઈ ચુકી છે. આ તેની ગર્જના જોતાં તેને ઘણો ક્રોધ ઉત્પન્ન થયેલો લાગે છે, તેથી તે નિર્દય રાક્ષસ જરૂર આપણને મહાન્ હાનિ કરશે. રાજકુમાર ! તમે જાતે ક્ષત્રિય છો, તેથી અમારૂં રક્ષણ કરો. પ્રાણના નાશમાંથી બચાવે તે ક્ષત્રિય કહેવાય છે. પ્રિય રાજકુમાર ! તમે છતાં અમારો સંહાર થાય, એ ઠીક ન કહેવાય. ભારતમાં અનેક ક્ષત્રિયોએ પ્રાણાર્પણ કરી લોકોની રક્ષા કરી છે. સર્વ જાતિમાં આત્મભોગ આપનારી એક ક્ષત્રિય જાતિજ કહેવાય છે.

આ પ્રમાણે કુબેરદત્ત ઉત્તમકુમારને વિનવતો હતો, ત્યાં તો એ ક્રૂર રાક્ષસે નજીક આવી ત્રાસ વર્ત્તાવા માંડયો. કોઇને હાથે, કોઇને પગે અને કોઇને કેશથી ઝાલી પકડવા લાગ્યો. તેની આ ચેષ્ટા જોઈ રણવીર રાજકુમાર સિંહના બચ્ચાની જેમ સામે કૂદી પડ્યો અને ' અરે અધમ ! મારી સામે ઉભો રહે ' એમ હાક મારી તેની સામે ઉભો રહ્યો. સમુદ્રના કાંઠા ઉપર નર રાક્ષસનું મહાન્ યુદ્ધ ચાલ્યું. મહાવીર ઉત્તમકુમારે પોતાના પરાક્રમથી ભ્રમરકેતુને હંફાવી દીધો. કુમારનું પ્રૌઢબળ જોઈ રાક્ષસ પરાભૂત થઈ જીવ લઇને નાશી ગયો.

રાક્ષસ નાશી ગયા પછી વારાણસી કુમાર શાંત થઇ સમુદ્રના તીર ઉપર ઉભો રહ્યો. તેણે સમુદ્ર તરફ નજર કરી ત્યાં કુબેરદત્ત અને તેના વાહાણો તેના જોવામાં આવ્યા નહીં. જ્યાંસુધી પોતાની દૃષ્ટિ પડે ત્યાંસુધી જળમાર્ગે જોયું, પણ દૂર ગયેલા વાહાણો તેની દૃષ્ટિના માર્ગમાં આવ્યાં નહીં. પછી મહાવીર રાજકુમાર પોતાના મનમાં ચિંતવવા લાગ્યો— “ અહા ! **આ જગત્ કેવું સ્વાર્થી છે ?** જેનો મેં ઉપકાર કર્યો, તેજ કુબેરદત્ત મને યુદ્ધમાં હડસેલી પોતાનો સ્વાર્થ સાધી વાહાણ હંકારી ચાલ્યો ગયો ! કેવો નીચ સ્વાર્થ છે ? જેઓને રાક્ષસના હાથમાંથી છોડાવી જીવિત આપ્યું હતું, તે લોકો પણ મને અહિં એકલો મુકી ચાલ્યા ગયા ! જગત્માં જે આવા કૃતઘ્ની હોય તેને ધિક્કાર છે. આવા નીચ કૃતઘ્ની લોકોથીજ આ પૃથ્વી ભારવતી છે. અને તેમના પાપથીજ

ઉત્તમ કુમાર ચરિત્ર



આ જગત્ કેવું સ્વાર્થી છે ?

( ઉત્તમ કુમાર ચરિત્ર પૃષ્ઠ ૨૪. )

Krishna Press, Bombay 2.

જગત્‌ને પીડાવું પડે છે. અરે દૈવ ! આ જગત્‌માં કૃતઘ્નીને શામાટે અવકાશ મળતો નથી. જેઓ કરેલા ઉપકારને જાણુતા નથી તેવા કૃતઘ્ની લોકોથીજ આ સંસાર અસાર અને દુઃખદાયક ગણાયો હશે. અને તેવા હેતુથીજ પ્રાચીન તીર્થંકરોએ રાજ્યવૈભવ છોડી દીધો હશે. અને જગત્‌માં મનુષ્યજન્મ સર્વોત્તમ ગણાય છે, તે છતાં તેની અંદર જે દૂષણો જોવામાં આવે છે, તે આવા સ્વાર્થી અને કૃતઘ્ની લોકોથીજ છે. તે કૃતઘ્ની લોકોના જીવનને સહસ્રવાર ધિક્કાર છે."

આવું ચિંતવ્યા પછી પુનઃ રાજકુમારે તત્ત્વદૃષ્ટિથી વિચાર્યું કે— "હશે, જે બન્યું તે ખરૂં. તે સ્વાર્થી લોકોએ પોતાની યોગ્યતા પ્રમાણે કરી બતાવ્યું, પણ આપણે તેવા નીચ પામર લોકનો દોષ શો કાઢવો ? મારા કર્મનો પણ દોષ હશે. આવા નિર્જન સમુદ્ર તટ ઉપર રહી દુઃખી થવાનું કોઇ મારૂં પૂર્વ કર્મ આ વખતે ઉદિત આવ્યું હશે અને તેથીજ કુબેરદત્તના હૃદયમાં કૃતઘ્નીપણાનો દોષ પ્રગટ થયો હશે." આવું ચિંતવી રાજકુમાર સમુદ્રતટ ઉપર ફરવા નીકળ્યો. 'હવે શું કરવું અને ક્યાં જવું' એજ વિચાર કરતો રાજપુત્ર ફરતો હતો, ત્યાં એક છાયાદાર વૃક્ષ તેના જોવામાં આવ્યું. તેની નીચે આવી રાજકુમાર વિશ્રાંત થયો. તેવામાં સૂર્યનો રથ અસ્તગિરિ ઉપર આવ્યો. રાત્રિએ અંધકારનો પડદો વિશ્વ ઉપર નાંખ્યો. રાજકુમાર પોતાની હીંમતની સહાય લઇ તે વૃક્ષ નીચે સુઇ રહ્યો. પ્રાતઃકાળે તે વૃક્ષ ઉપર લાલ વસ્ત્રની

ધ્વજા બાંધી પોતે ત્યાં વાસ કરી રહ્યો અને આસપાસના વૃક્ષો ઉપરથી મધુર ફળ લઈ તેનાથી પોતાનો નિર્વાહ ચલાવવા લાગ્યો.

વાંચનાર ! આ પ્રસંગમાંથી એક ઉપયોગી શિક્ષણ ગ્રહણ કરજે. જો તારા જીવનને નિષ્કલંક રાખવું હોય, અને માનવ જન્મને સાર્થક કરવું હોય તો તું કદિ કૃતઘ્ની થઈશ નહીં. કૃતઘ્ની થવું, એ મોટામાં મોટું પાપ છે. કોઇએ અલ્પ પણ ઉપકાર કર્યો હોય, તો તેનો બદલો આપવો એ ઉત્તમ પુરૂષનો ધર્મ છે. કદિ ઉપકારનો બદલો આપી ન શકાય તો તેને માટે હૃદયમાં અનુતાપ કરજે. અને તેવા સમયની રાહ જોજે, પણ ઉપકારને બદલે અપકાર કરીશ નહીં, અને કૃતઘ્ની થઈશ નહીં. કૃતઘ્નીપણાનો મહાન્ દોષ તારા જીવનને કલંકિત કરી છેવટે તને દુર્ગતિમાં પહોંચાડશે.

## પ્રકરણ ૬ ઠું.

### પરનારી સહોદર.

એક દિવ્ય સુંદર સ્ત્રી શ્રૃંગાર ધારણ કરી વનમાં ફરતી હતી. તેના સ્વાભાવિક સૌંદર્યને આહાર્ય શ્રૃંગાર વિશેષ શોભા આપતો હતો. મુખચંદ્રનું તેજ તેની આસપાસના પ્રદેશને પ્રકાશિત કરતું હતું. જ્યાં તે ફરતી ત્યાં ગૌરપ્રભાનો

પ્રકાશ પડી રહેતો હતો. શરીરના દરેક અંગ સૌંદર્ય સાથે પ્રમાણમાં પ્રકાશતા હતા. તેના હાથમાં એક પુષ્પનો કંદુક હતો. તેની સાથે તે રમણી ક્રીડા કરતી કરતી ફરતી હતી. જ્યારે તે કંદુક ઉછાળતી અને તેની તરફ ઉર્ધ્વદૃષ્ટિ કરતી ત્યારે તેના તેજના કિરણોથી આકાશનો પ્રદેશ પ્રકાશી નીકળતો હતો.

આ દિવ્ય રમણી ફરતી ફરતી આગળ આવી ત્યાં લાલ ધ્વજાવાળું પેલું સુંદર વૃક્ષ તેના જોવામાં આવ્યું. અને તેની નીચે સુંદર સ્વરૂપી ઉત્તમકુમારને બેઠેલો અવલોકયો. કામમૂર્તિ મનોહર કુમારને જોતાંજ એ દિવ્ય રમણી મોહ પામી ગઇ. તેની મનોવૃત્તિ ઉપર મોહ સહિત મદને આવેશ કર્યો. તે દિવ્યબાળાએ હૃદયમાં ચિંતવ્યું " અહા! કેવું સુંદર સ્વરૂપ ? કેવી શરીરની રમણીયતા ? કેવી મનોહર આકૃતિ ? આવા નિર્જન સ્થળમાં આ તરૂણ કયાંથી આવ્યો હશે ? મારા ભાગ્યયોગેજ તે આવી ચડયો હશે. ચાલ, તેની સાથે મધુરાલાપ કરી તેને સ્વવશ કરી દઉં." આવું ચિંતવતી તે દિવ્યચતુરા રાજકુંમારની પાસે આવી. તે દિવ્યબાળાને અચાનક અવલોકી રાજકુમાર ચકિત થઇ ગયો. આ નિર્જન વનમાં આવી સુંદર સ્ત્રી કયાંથી ? એમ તે સંભ્રમથી વિચારમાં પડયો. દિવ્યરમણી લલિતભાવ કરતી બોલી—હે સુંદરકુમાર, તારા દર્શનથી મારાં ભાગ્ય સફળ થયાં છે. મારી સૌભાગ્યદેવીએ સંતુષ્ટ થઈ મને તારો મેળાપ કરાવ્યો છે. હે મનોહર યુવક, નિર્ભય થઇ મને વર અને તારા રમણીય યૌવનને સફળ કર, હું આ દ્વીપ-

અધિવાસિની દેવી છું. જો તું મારી સાથે પ્રેમસંબંધ કરીશ તો દિવ્ય સુખનો અનુભવ લઇશ. તું એક મનુષ્ય છે, મનુષ્યને શરીરે દિવ્યસુખનો લાભ મેળવવો અશક્ય છે, તે છતાં તારા ભાગ્યયોગે તારી મનોહર મૂર્ત્તિ ઉપર મારો મોહ થયો છે. આ તારા માનવશરીરે દિવ્યભોગ ભોગવવાનું મહાભાગ્ય તને પ્રાપ્ત થયું છે, તે અવસર ચુકીશ નહીં. તારૂં સ્વરૂપ અને સદ્‌ગુણ દેખી આ દિવ્યદારા તારે આધિન થવા તૈયાર છે.

દિવ્ય રમણીના આવા મોહક વચનો સાંભળી ધીરવીર ઉત્તમકુમાર બોલ્યો—માતા ! આ શું બોલો છો ? તમારા જેવી પવિત્ર દેવીના મુખમાંથી આવાં અયોગ્ય વચનો નીકળવાં ન જોઈએ. હું માનવતનુ તમારો પુત્ર તરીકે છું. ભૂતલપર વિચરનારા સર્વ માનવીઓ તમારા સંતાન છે. તમે એક દ્વીપવાસિની અધિષ્ટાત્રી માતા છો. પૂજ્ય માતા, કદિ મોહને વશ થઈ તમે તમારા કર્ત્તવ્યથી ચુકતા હો, તોપણ હું મારા કર્ત્તવ્યથી અને નીતિથી ચુકવાનો નથી. મેં મારા આ ક્ષણિક જીવનમાં નિશ્ચય કર્યો છે કે, " **યાવજ્જીવિત પરસ્ત્રીસહોદર રહેવું. મેં મારા જીવનમાં એ મહાવ્રત અંગીકાર કર્યું છે. આ જગત્‌ની બધી બાળાઓ મારી બ્હેનો છે. અને બધી વૃદ્ધાઓ મારી માતાઓ છે.** પોતાની વિવાહિત સ્ત્રી શિવાય પરસ્ત્રીઓ તરફ આવી પવિત્ર બુદ્ધિ રાખવી એ નરજીવનની ઉંચામાં ઉંચી રીતિ છે. કયો અધમ પુરૂષ પરસ્ત્રીના મહાપાપરૂપ પંકમાં મગ્ન થઈ પોતાના જીવ-

નને કલંકિત કરે ? હે માતા ! આ મારો નિયમ દૃઢ છે. દિવ્ય કે માનુષી ગમે તે સ્ત્રી મારી આગળ આવે, તોપણ હું મારા દૃઢ નિયમથી પતિત થવાનો નથી. માતા! સાંભળો, એક મહાન્ પુરૂષે ગાયેલી નીચેની કવિતાં મેં મારા હૃદયમાં સ્થાપિત કરી રાખી છે.

"परनारी मुज बेहेनडी, परनारी मुजमात;
हुं बंधव परनारीनो, साची मानो वात. १
परनारी जे भोगवे, भलो न भाखे कोय;
आ भवे अपयश तेहनुं, परभव दुर्गति होय. २

આ કવિતા ગાઇ રાજકુમાર તે દેવીના ચરણોમાં નમી બોલ્યો—માતા ! મને પુત્રની દૃષ્ટિથી જુવો. **વિકારી દૃષ્ટિ દૂર કરો.** હું તમારી શરણે છું. મારી રક્ષા કરો.

ઉત્તમકુમારનાં આવાં વચનો અને તેની ચેષ્ટા જોઈ દ્વીપેશ્વરી કોપાવેશમાં બોલી--રાજકુમાર ! મર્યાદામાં રહે, આવી અવીચારી ચેષ્ટા કર નહીં. તારે મારા વચનને તાબે થવું પડશે. જો તું નમ્રતાથી નહીં રહે તો પછી તારે દુઃખ ભોગવવું પડશે. તું મને માતા અને બહેન કહી બોલાવીશ નહીં. તું મને પ્રિયા કહી બોલાવ. હું તારી મોહમગ્ન થયેલી મહીલા છું, એમ ધારી મારી આજ્ઞા અંગીકાર કર. અરે અલ્પબુદ્ધિ

માનવ ! તું દીર્ઘદૃષ્ટિથી વિચાર કર. તારા પૂર્ણ ભાગ્યયોગે આ દિવ્યદારા તારે વશ થવાને ઇચ્છે છે, જો હું સંતુષ્ટ થઈશ તો તને રાજ્યલક્ષ્મીનો અધિપતિ કરીશ. જો તું તારા લાભનો નાશ કરી મારૂં વચન માનીશ નહીં, તો પછી મારા ભયંકર ખડ્ગથી તારા મસ્તકનો છેદ થશે.

આટલું કહી તે દિવ્યદેવીએ પોતાનું વિકરાળરૂપ પ્રગટ કર્યું. હાથમાં તીક્ષ્ણ ખડ્ગ લઈ એ મહામાયા ભયંકરરૂપ ધારણ કરી ઉભી રહી અને બોલી—અરે માનવ ! હવે શું કહે છે ? જો મારૂં વચન માનીશ નહીં તો આ મારા ખડ્ગથી તારૂં મસ્તક છેદી નાંખીશ. દેવીએ આવાં ભયંકર વચનો કહ્યાં, તોપણ એ ધીરવીર કુમાર પોતાની દૃઢતાથી ચલિત થયો નહીં. તરત તે નીચે પ્રમાણે બોલ્યો—

" सुधापानथी जो मरे, चंद्र पडे अंगार;
तोपण हुं परनारीने, न करुं अंगीकार. १
जो जाणे तो मार तुं, जो जाणे तो तार;
आगळ पाछळ सहु भणी, मरवुं छे एकवार." २

રાજકુમારની આ વીરરસથી પરિપૂર્ણ કવિતા સાંભળી તે દેવી પ્રસન્ન થઈ ગઈ. તેણીનાં રોમેરોમમાં આનંદરસ વ્યાપી ગયો. દિવ્યમાતા પ્રેમભરિત વચને બોલી—" હે શી-




"તારા જેવા વીરનરથીજ આ ભારતભુમિ વીરવતી છે."

( ઉત્તમ કુમાર સચિત્ર પૃષ્ટ ૩૧. )

K. P. Press Bombay 2.

લસાગર ! હે ધૈર્યમહોદધિ ! હે પરનારી સહોદર ! તને સહસ્ત્રવાર ધન્ય છે. તારી દૃઢતા જોઈ મારા હૃદયમાં આનંદઉદધિ ઉછળી રહ્યો છે. **તારા જેવા વીરનરથીજ આ ભારતભૂમિ વીરવતી છે.** તારા જેવા પવિત્ર શીલવાળા સુતને જન્મ આપનારી જનનીના જીવનને ધન્યવાદ ઘટે છે. હે વીરનર ! આ જગત્‌માં તું ખરેખરો પરનારી સહોદર છે. વત્સ ! જા, તું સુખી થઈશ. તને તારા જીવનમાં પરમ ઉન્નતિ પ્રાપ્ત થશે. ” આટલું કહી તે દિવ્યદેવીએ તેને બાર કોટી રત્નનો રાશિ અર્પણ કર્યો, અને પોતે તરત અદૃશ્ય થઇને ચાલી ગઇ.

વાંચનાર! આ પ્રસંગની નીતિ તારા મનોમંદિરમાં સ્થાપિત કરજે. અને પરનારી સહોદર થવાની પવિત્ર ભાવના તારા હૃદયમાં ભાવ્યા કરજે. પરસ્ત્રી તરફ માતૃબુદ્ધિ અને ભગિની બુદ્ધિ રાખવી એ મોટામાં મોટો શીલગુણ છે. એ શીલ ગુણના પ્રભાવથી ભારતભૂમિ પર અનેક ચમત્કારો થયેલા છે. અગ્નિને શીતળ કરનાર, શીતળને ઉષ્ણ કરનાર, સિંહને બકરી કરનાર, બકરીને સિંહ કરનાર, વિષને અમૃત કરનાર, સમુદ્રમાં સ્થળ કરનાર અને સ્થળમાં સમુદ્ર કરનાર, એ શીલવ્રતનું યશોગાન ભારતી પ્રજા અદ્યાપિ ગાયા કરે છે. ઘણા વીર પુરૂષો પરનારી સહોદરના મહાવ્રતથી પોતાના જીવનને નિર્વાણના પવિત્ર માર્ગમાં લઇ ગયા છે. તેવા મહાનરોની સત્કીર્ત્તિ ચરિતાનુયોગમાં સ્થળે સ્થળે વખાણી છે. જેઓ, એ મહાવ્રતથી દૂર રહ્યા છે, અને જેઓ એ મહાવ્રતથી

ચુકયા છે, તેઓને મહા પીડાકારી નરકના દ્વારનું આતિથ્ય લેવું પડયું છે અને તેમના જીવનને યાવજ્જીવિત કલંક લાગેલું છે. પરસ્ત્રીના પ્રેમની આશા રાખનારા અધમ પુરૂષોની શી દશા થઇ છે? તેવા સૈંકડો ચરિત્રો ભારતવર્ષમાં બનેલા છે. તેવા પાપી પુરૂષો આ લોક અને પરલોક બંનેમાંથી પતિત થઇ મહાવેદના પામ્યા છે. વાંચનાર! આ બધો વિચાર કરી તારા જીવનને એ મહાપાપથી દૂર રાખવા પ્રયત્ન કરજે અને પરનારી સહોદર થઇ તારા જીવનને ઉન્નતિના ઉત્તમ માર્ગ તરફ દોરી જજે. આ વાર્ત્તાનો નાયક પરનારી સહોદર છે, અને તે મહાવ્રતના પ્રભાવથી તેણે કેવા કેવા વિજય મેળવ્યા છે? એ બધું આગળ જતાં તારી બુદ્ધિ આગળ સ્પષ્ટ થશે.

## પ્રકરણ ૭ મું.

### મહાલસા.

એક સુવર્ણમય મેહેલ આવેલો છે. તેની રચના અદ્ભૂત છે. રત્નજડિત સ્થંભોથી તે ઘણો સુશોભિત છે. મેહેલની ઉપર આવેલા સુવર્ણના શિખર અરૂણોદયની ભ્રાંતિ કરાવે છે. મેહેલને ઘણી ભૂમિકાઓ છે. તે દરેક ભૂમિકામાં વિવિધ જાતની વસ્તુઓ ગોઠવવામાં આવી છે. સુવર્ણ અને રત્ન-

જડિત પલંગો, આસનો અને હીંડાળાથી તે ઘણોજ રમણીય લતો છે. રત્નજડિત સુવર્ણમય દિવાલો ઉપર રત્નદર્પણો ગોઠવેલાં છે, અને તેમાં ભીંત ઉપર ચિતરેલાં ચિત્રોના સુંદર પ્રતિબિંબો પડે છે, જેથી તે ઘણો મનોહર લાગે છે.

આ મેહેલની નીચેની પેહેલી ભૂમિકા ઉપર એક વૃદ્ધ સ્ત્રી બેઠી છે. તેણીનો પોશાક સાદો અને સ્વચ્છ છે. તેના મુખ ઉપર પ્રોઢતાનાં ચિન્હો દેખાય છે. તે વૃદ્ધ છતાં ચતુર અને ચાલાક દેખાતી હતી. તેનું સૌંદર્ય વૃદ્ધાવસ્થાથી આચ્છાદિત થઇ ગયું હતું. તે વૃદ્ધા બેઠી બેઠી અનેક વિચારો કરતી હતી અને પોતાના કર્ત્તવ્યનું સ્મરણ કર્યા કરતી હતી. આ વખતે એક તરૂણ કુમાર તે સ્થળે આવી ચડયો. આ સુંદર મેહેલ જોતાંજ તે ચકિત થઇ ગયો હતો. તેના હૃદયમાં અદ્ભુતરસના હાવભાવ પ્રગટ થયા હતા. તે નીચે ઉભો રહી મેહેલનું અવલોકન કરતો હતો, ત્યાં પેલી વૃદ્ધા સ્ત્રીએ તેને જોયો. તે સુંદર કુમારને જોતાંજ સાનંદાશ્ચર્ય થતી વૃદ્ધા તેની પાસે આવી. કુમારનું સૌંદર્ય જોઇ તેણીના મનમાં દયા આવી અને તે બોલી––અરે સુંદર માનવમૂર્ત્તિ ! તું અહિં ક્યાંથી આવ્યો ? આ યમરાજનું દ્વાર છે. તારા કયા શત્રુએ તને આ પ્રાણઘાતક સ્થાનમાં ભુલાવીને મોકલ્યો ? અહિં આવનાર મનુષ્ય પ્રાણરહિત થઈ જાય છે.

વૃદ્ધાનાં આવાં વચન સાંભળી તે તરૂણ કુમારે

પુછયું-માતા ! આ મેહેલ કોનો છે? તમે કોણ છો? અને અહિં શામાટે બેઠાં છો? તે કુમારના પુછવાથી વૃદ્ધા બોલી—હે સુંદર કુમાર! તારૂં ગાંભીર્ય જોતા દેખાય છે કે, તું કોઇ સત્યવાન્ સદ્-ગુણી કુમાર છે. તેથી તારી આગળ હું આ સ્થળનો સત્ય વૃત્તાંત જણાવું છું—" અહીંથી નજીક રાક્ષસદ્વીપ છે. તેમાં લંકા નામે નગરી છે. તેમાં **ભ્રમરકેતુ** નામે એક રાક્ષસ રાજ્ય કરે છે. તેને **મદાલસા** નામે એક પુત્રી છે. તે ઘણી સુંદર અને સર્વ કળાની જાણનારી છે. તેના શરીર ઉપર ઉત્તમ લક્ષણો આવેલાં છે, તેથી તે ઘણી લક્ષણવતી લલના છે. દેવ-કુમારી જેવી તે મદાલસા તેના પિતા ભ્રમરકેતુને બહુ વાહાલી છે. રાક્ષસ ભ્રમરકેતુ તેણીની ઉપર અનુપમ વાત્સલ્ય ધારણ કરે છે. એક વખતે કોઇ નિમિત્તિયો લંકાનગરીમાં આવ્યો હતો. તે સારો ભવિષ્યવેત્તા જાણી રાક્ષસપતિ ભ્રમરકેતુએ તેને પોતાની પાસે બોલાવીને પુછયું કે, આ મારી પુત્રી મદાલસાનો પતિ કોણ થશે? ભવિષ્યવેત્તાએ પોતાના જ્ઞાનબળથી વિચા-રીને કહ્યું " રાજેંદ્ર ! આ તમારી પુત્રીને કોઇ મનુષ્ય ક્ષત્રિય રાજકુમાર વરશે અને તે મોટો પરાક્રમી રાજા થશે. તેના રાજ્યની સીમા દક્ષિણ લંકા સુધી પહોંચશે અને તે જગ-ત્માં મહારાજાધિરાજ કહેવાશે. બળ, વીર્ય, વિદ્યા અને કળાના પ્રભાવથી તે રાજકુમારની સેવા કરવાને વિદ્યાધરો પણ તૈયાર થશે. "

નિમિત્તિયાનાં આ વચન સાંભળી લંકાપતિ ભ્રમરકેતુને ખેદ થયો. તેણે વિચાર્યું કે " શું આ દિવ્યકન્યાને ભૂચર

પરણશે ? આ જગત્‌માં શું ખેચર બધા ખુટી ગયા ? એ વાત કદિ પણ બનવી ન જોઇએ. ” આવું વિચારી તે રાક્ષસપતિએ સમુદ્રમાં આવેલા એક પર્વતના શિખર ઉપર આ મહેલ બનાવ્યો અને તેનું કુવાની અંદર દ્વાર ઉતાર્યું. તે આ મેહેલની અંદર રાજકુમારી મદાલસાને રાખી છે. અને પોતે લંકાપતિ પોતાના ભુજબળથી તેની રક્ષા કરે છે. તેની રક્ષા અને સેવા કરવાને માટે મને અહીં રાખી છે. રાક્ષસકુમારી મદાલસાને તેણે પાંચ રત્નો આપ્યાં છે અને તેના નિર્વાહને માટે આ કુવાના દ્વારથી સર્વ વસ્તુઓ મોકલે છે. કુવા નીચે કનકની એક જાળી કરી છે, કે જેમાંથી કોઈ પણ ભૂચરપ્રાણી પેશી શકે તેમ નથી.

રાક્ષસપતિએ ફરીથી કોઈ બીજા નિમિત્તિયાને પુછયું, મારી પુત્રી મદાલસાનો પતિ કોણ થશે ? તે ચતુર નિમિત્તિયાએ ઉત્તર આપ્યો કે, “તમારી પુત્રીનો પતિ કોઇ માનવ રાજકુમાર થશે. જે સમુદ્રના વહાણોની અંદર રહેલા કુમારે તને હરાવ્યો હતો, તેજ રાજકુમાર તારો જામાતા થશે. ” નિમિત્તિયાની આ વાણી સાંભળી રાક્ષસપતિને ભારે ક્રોધ ચડ્યો હતો. અને પછી તે માનવકુમારને મારવાને ગયેલો છે. હવે ત્યાં શું બન્યું, તે હું કાંઇ જાણતી નથી.

તે વૃદ્ધાદાસીનાં આવાં વચન સાંભળી તે રાજકુમારે પોતાના હૃદયમાં વિચાર કર્યો કે, “ જે રાક્ષસને મેં કુબેરદત્તના વાહાણમાં જીત્યો હતો, તેજ રાક્ષસ ભ્રમરકેતુ અને આ મદાલસા પણ તેનીજ પુત્રી. આ વાત અત્યારે પ્રગટ કરવી નહીં.

જ્યારે સમય આવશે; ત્યારે જોઈ લઇશ. " રાજકુમારને ચિંતા કરતો જોઇ પેલી વૃદ્ધાએ પુછયું-સુંદર કુમાર! આપ કોણ છો? અને અહિં કયાંથી આવી ચડ્યા? કુમારે ઉત્તર આપ્યો—હું એક પરનારી સહોદર માનવ રાજકુમાર છું. કુબેરદત્ત નામના એક વાહાણવટીની સાથે હું મુસાફરી કરવા નીકળ્યો હતો. રસ્તામાં કોઈ દેવીએ માયા રચી મને ભુલાવ્યો હતો; પણ મેં દઢતાથી મારૂં મહાવ્રત સાચવ્યું હતું. છેવટે એ દિવ્ય સ્ત્રી મારૂં વ્રત જોઇ પ્રસન્ન થઇ અને મને તેણીએ ઘણું દ્રવ્ય આપ્યું, અને તે ચાલી ગઇ. તેવામાં તેની માયાથી અદ્રશ્ય રહેલ પેલો કુબેરદત્ત વેપારી મારી પાસે આવ્યો અને તેણે મને વાહાણમાં બેસવાને કહ્યું. પ્રથમ તે કુબેરદત્ત અદૃશ્ય થવાથી મેં તેની ઉપર કૃતઘ્નીપણાનો દોષ આરોપિત કર્યો હતો, પણ જ્યારે પાછળથી ખરી હકીકત જાણવામાં આવી, એટલે મેં તેની પાસે માફી માગી અને પછી હું તેની સાથે વાહાણમાં બેશી સમુદ્રમાં ચાલ્યો. આગળ ચાલતા વહાણમાં બેઠેલા લોકોને તૃષા લાગી. તેઓ પોકાર કરી મિઠું પાણી યાચવા લાગ્યા, પણ કોઈ ઠેકાણે મિષ્ટ જળ મળ્યું નહીં. પછી નાવિકોએ નૌકાશાસ્ત્રના બળથી કહ્યું કે, અહીંથી પાણીની વેળ ઉતરશે એટલે સમુદ્ર જળના સ્પર્શથી રહિત એવો એક પર્વત આવશે. તેની ઉપર એક કુવો છે, તેમાં ઘણું મિઠું પાણી છે. પણ તે જગ્યા ઘણી ભયંકર છે. કારણકે, તેમાં **ભ્રમરકેતુ** નામે એક રાક્ષસ રહે છે. જો કોઈ પણ પ્રાણી ત્યાં જાય, તો તે ભયંકર રાક્ષસ તેનો સંહાર કર્યા વિના રહે નહીં.

"નાવિકોનાં આવાં વચન સાંભળી મેં હિંમત ધરી કહ્યું, તમે બધાઓ અહીં રહો, હું એકલો તે સ્થળે જવાને તૈયાર છું. તમારા સર્વના જળ લાવી પ્રાણ બચાવવા એ મારો ધર્મ છે. હું ક્ષત્રિય પાસે છતાં તમારા પ્રાણ જળ વિના ચાલ્યા જાય, એ મારાથી કેમ જોવાય ?" આટલું કહી હું આ કુવામાં આવવાને તૈયાર થયો, તેઓએ મને આ સાહસ કરવાને અટકાવ્યો, તેમનું કહેવું મેં માન્યું નહીં. અને હું કુવા ઉપર બાણ સજ્જ કરી ઉભો રહ્યો. અને તે વાહાણના લોકોને કહ્યું કે, તમે પાત્રો લઈ આવો અને તેમાંથી મીઠું જળ ભરી લ્યો. મારા વચન ઉપર વિશ્વાસ રાખી તેઓ કુવાના તીર ઉપર આવ્યા, અને કુવામાંથી દોરસહિત પાત્ર નાંખી જળ ખેંચવા લાગ્યા, પણ અંદરથી જળ નીકળ્યું નહીં. તે વખતે એક નાવિકે કહ્યું કે, અંદર જળને રોક્યું છે, તેથી અંદર જઇ જળને છુટું કર્યા વગર આપણાથી તે મેળવી શકાશે નહીં. જો કોઈ અંદર પ્રવેશ કરી જળને મુકત કરે તો આપણને જળ મળશે. તે સાંભળી હું કુવામાં ઉતરવાને તૈયાર થયો. તે વખતે મારા મિત્ર કુબેરદત્તશેઠ મને વારવા લાગ્યા, તથાપિ લોકોના કલ્યાણની ખાતર હું સાહસ કરી દોરવડે કુવામાં ઉતરી પડયો. અંદર ઉતરતાં જળના આડી સુવર્ણની જાળી મારા જોવામાં આવી. જળનાં પાત્રો તે ઉપર ભરાઇ રહેતાં અને નીચે જળ અટકાવેલું હતું. મેં જાળીને ત્યાંથી ઉંચી કરી અંદરથી કહ્યું કે, હવે જળ કાઢો. એટલે ઉપર રહેલા લોકોએ પાત્રો નાંખી જળ ભરી લીધું. પછી તે જાળીની પાસે

કુવાની દીવાલ ઉપર રહેલું એક દ્વાર મારા જોવામાં આવ્યું. તે દ્વાર ઉઘાડી અંદર પ્રવેશ કરી હું અહીં આવ્યો છું.

રાજકુમારની આ હકીકત સાંભળી તે વૃદ્ધા સાનંદાશ્ચર્ય થઇ ગઇ. તેણી કુમારનું સાહસ અને પરોપકારવૃત્તિ જોઇ ઘણીજ પ્રસન્ન થઇ. અને તેણીના હૃદયમાં કુમારને માટે બહુ માન પ્રગટ થયું.

તે વૃદ્ધા અને રાજકુમાર આ પ્રમાણે વાતચીત કરતાં હતાં, તેમનો પ્રતિધ્વનિ મેહેલમાં રહેલી મદાલસાને કાને પડયો. તરત તે રાક્ષસરમણી નીચે આવી ત્યાં સુંદર રાજકુમાર તેણીના જોવામાં આવ્યો. માનુષી આકૃતિમાં એવું અદ્‌ભુત સૌંદર્ય જોઇ તે રાક્ષસબાળા મોહિત થઇ ગઇ. તેણીના પ્રેમાળ હૃદયમાં કુમારની મનોહર મૂર્ત્તિ પ્રતિબિંબિત થઇ ગઇ. આજસુધી રાખેલું કૌમારવ્રત જાણે સફળ થયું હોય, તેમ તે માનવા લાગી. કુમાર પણ તે રૂપવતી રમણીને જોઇ તલ્લીન થઇ ગયો. તે સુંદર બાળામાં પોતાનો શુદ્ધ રાગ પ્રગટ થવાથી તે પોતાના હૃદયમાં ચિંતવવા લાગ્યો. “ અરે આ શો ચમત્કાર ? હું પરનારી સહોદર છું, તે છતાં આ રમણી ઉપર રાગવાન્ થયો. તેનું શું કારણ હશે ? આ દિવ્ય બાળાની સાથે મારો પૂર્વ સંબંધ હોવો જોઇએ. નહીં તો મારા પવિત્ર હૃદયમાં આવો વિકાર થાય નહીં. પૂર્વના મારા કર્મસંસ્કારોની પ્રેરણાથીજ આ બનાવ બન્યો હશે. ” તે શિવાય મારા સ્થિર હૃદયમાં આવી ચંચળતા કયાંથી પ્રગટ થાય ? આવું ચિંતવી તે કુમા-

રનું હૃદય મોહવિકારને વશ થઈ ગયું. મોહવશ થયેલા હૃદયથી તેણે ચિંતવવા માંડયું–"અહા ? કેવું અદ્દભુત સૌંદર્ય ? ક્રૂર હૃદયવાળા રાક્ષસકુળમાં આવી મનોહર મહિલા કયાંથી ઉત્પન્ન થઈ હશે ? કઠોર હૃદયવાળા રાક્ષસને ઘેર આવી સુકોમળ સુંદરી કયાંથી હોય ? તેણીનો મુખચંદ્ર કેવો સુંદર ચળકે છે ? પ્રવાલા જેવા અધરની રક્તપ્રભા કેવી હૃદયવેધક છે ? ચકિત હરિણીનાં જેવાં તેણીનાં નેત્ર કેવાં સુંદર દેખાય છે ! તેની નમણી નાસિકા, ગૌરવર્ણી ગંડસ્થળ અને અર્ધચંદ્ર જેવું લલાટ અવર્ણનીય છે. તેના નાજુક અંગ તથા ઉપાંગની રમણીયતા તો હૃદયાકર્ષક છે."

આ પ્રમાણે રાજકુમાર ચિંતવતો હતો ત્યારે રાક્ષસબાળા પણ તે સુંદર કુમારને જોઈ મોહિત થઈ હતી. તેણીના હૃદયમાં પણ રાજકુમારની ઉપર શુદ્ધ પ્રેમ પ્રગટ થયો હતો. બન્નેની વચ્ચે ક્ષણવાર તારામૈત્રક થયું, પરસ્પર દર્શનના આનંદથી બન્નેનાં શરીરપર રોમાંચ પ્રગટ થઈ આવ્યા અને પરસ્પર દાંપત્યભાવ જોડવાની વાસના જાગ્રત થઇ આવી.

આ બન્નેનો પરસ્પર ભાવ જોઇ વૃદ્ધાએ વિચાર કર્યો—"દૈવયોગે આ બંને દંપતિનો યોગ થાય તો તે રત્ન અને સુવર્ણના યોગ જેવો છે. જેવી મદાલસા મનોહર છે, તેવોજ આ રાજકુમાર મનોહર છે. તે સાથે તે પરાક્રમી અને સાહસી છે. આવા વીર નરની સાથે પ્રેમમાં પડેલી મદાલસા સર્વ રીતે સુખી થાય, તેમાં કોઈ જાતનો સંદેહ

નથી. આ વીરનર જો મદાલસાને અહીંથી હરી જાય તો તે બાળા, રાક્ષસ પિતાના કારાગૃહમાંથી મુક્ત થાય એટલું જ નહીં પણ તેણીની સાથે મારો પણ છુટકો થાય. તેથી ગમે તેમ કરીને આ બંને દંપતિનો યોગ કરવો ઉચિત છે.”

આવું ચિંતવી તે વૃદ્ધાએ ઉત્તમકુમાર અને મદાલસાનો મેળાપ કરાવ્યો અને પોતાની સાક્ષીએ તેમનો ત્યાં ગાંધર્વ વિવાહ કર્યો.

# પ્રકરણ ૮ મું.

## કુબેરદત્તની કુબુદ્ધિ.

મધ્યાન્હકાળે સમુદ્રની અંદર શ્રેણીબંધ વાહાણો ચાલ્યાં જતાં હતાં. સમુદ્ર તરંગોથી નૃત્ય કરતો હતો. સતત્ જળવાસ કરી શીતળ થએલાં મોટાં જલજંતુઓ સૂર્યના કિરણોની ગરમી લેવાને જળ ઉપર પૃષ્ટ રાખી તરતાં હતાં. વહ'ણ ઉપર બેઠેલા મુસાફરો સમુદ્રની સપાટી ઉપર અનેક સંકલ્પ વિકલ્પ કરતા હતા. કાવ્યપ્રેમી જનો સમુદ્રની રચનાને કવિતામાં ઉતારવાનો પ્રયત્ન કરતા હતા. સાહસિક શૂરવીરો સમુદ્રના તરંગોના ઉછાળા જોઈ, પોતાના વીર હૃદયને ઉછાળતા હતા. તત્ત્વજ્ઞાની લોકો તરંગની ચંચળતા ઉપરથી આ જગત્ તથા સંસારની ચંચળતા સરખાવતા હતા. પદાર્થવિજ્ઞાન ધરાવનારા, ચતુર

પુરૂષો જળતત્ત્વની સત્તાનું પ્રમાણ બાંધતા હતા અને કાતર—બ્હીકણ લોકો પોતાને સહીસલામત રહેવાની શંકા રાખતા હતા.

આ વખતે સફરી મુસાફર કુબેરદત્ત પોતાના એક વિશ્વાસુ સુખાનંદ નામના માણસની સાથે નૌકાના એક ભાગમાં બેસી વિચાર કરતો હતો. બંને વચ્ચે નીચે પ્રમાણે વાર્ત્તા થતી હતી.

**સુખાનંદ**—કેમ શેઠ સાહેબ, શો વિચાર કરો છો?

**કુબેરદત્ત**—સુખાનંદ, હું ગમે તેવો વિચાર કરૂં, પણ તારી સહાય વિના મારો વિચાર સફલ થાય તેમ નથી.

**સુખાનંદ**—શેઠ સાહેબ, હું આપનો સેવક છું, અને આપ શેઠ છો. સેવકની સહાય શેઠને લેવાની શી જરૂર હોય?

**કુબેરદત્ત**—કોઇ એવો પણ પ્રસંગ હોય, કે જેમાં સેવકની સહાયની પણ જરૂર પડે.

**સુખાનંદ**—આપને માટે મસ્તક આપવું હોય તો તૈયાર છું.

**કુબેરદત્ત**—સાબાશ છે, તું મારો ખરેખરો વિશ્વાસુ સેવક છે, મારી આ મુસાફરીનો આધાર તારી ઉપર છે.

**સુખાનંદ**—શેઠજી, એવું કહો નહીં. આપને મારા આધારની શી જરૂર પડે? આપ અગણિત લક્ષ્મીના સ્થાનરૂપ અને મારા જેવા અગણિત સેવકોના પાલક છો.

**કુબેરદત્ત**—ભાઇ સુખાનંદ, મારે તને એક વાત કહે-

વાની છે, તે ધ્યાન દઈને સાંભળ. પણ એ વાત તારા વિશ્વાસ ઉપર કહું છું.

**સુખાનંદ**—શેઠજી, તે વાતે નિશ્ચિંત રહેજો. આજ દિન સુધી હું તમારો જેમ વિશ્વાસપાત્ર રહ્યો છું, તેમ યાવજ્જીવિત રહેવાનો છું.

સુખાનંદનાં આવાં વચન સાંભળી વિશ્વસ્ત થયેલા કુબેરદત્તે પોતાની વાત જણાવી. આપણા વાહાણમાં જે ઉત્તમકુમાર એક સુંદર બાળાની સાથે રહેલ છે, તે તું જાણે છે? સુખાનંદે કહ્યું, હા હું તે બન્ને દંપતીને હમેશાં જોઉં છું. તેઓની બીજી વાત કાંઈ જાણતો નથી. તેમની સાથે એક વૃદ્ધ સ્ત્રી પણ છે, તે કોણ છે? કુબેરદત્તે કહ્યું, થોડા દિવસ પહેલાં જ્યારે આપણા વાહાણમાં મીઠા પાણીની જરૂર પડી હતી, ત્યારે તે ઉત્તમકુમાર ખલાશીએ બતાવેલા કોઈ પર્વત ઉપરના કુવામાં ઉતર્યો હતો, ત્યાંથી મીઠું જળ અપાવી પોતે અંદર ગયો ત્યાં કોઇ સુંદર મેહેલમાં આ સુંદર સ્ત્રી અને વૃદ્ધ સ્ત્રી તેના જોવામાં આવી હતી. તે વૃદ્ધ સ્ત્રીએ આ રાજકુમાર અને પેલી સુંદરીનો વિવાહયોગ કરાવ્યો. ત્યાંથી તે રાજકુમાર તે બન્ને સ્ત્રીઓને લઇ આપણા વાહાણમાં આવ્યો. રસ્તામાં પાછી આપણને જળની જરૂર પડી હતી, તે વખતે તે સુંદરસ્ત્રી પાસેથી એક રત્ન લઈ તેણે મીઠા જળની વૃષ્ટિ કરી હતી. તે સુંદર સ્ત્રીની પાસે પાંચ ચમત્કારી રત્નો છે. **ભૂમિરત્ન, જળરત્ન, તેજરત્ન, વાયુરત્ન,** અને **ગગનરત્ન**, એવાં તેનાં નામ છે. ભૂમિરત્નથી શયન, આસન, સુવર્ણના પાત્રો, આભૂષણો વગેરે

બધી સામગ્રી મેળવી શકાય છે. જળરત્નથી ઇચ્છા પ્રમાણે મેઘની વૃષ્ટિ થાય છે. વાયુરત્નથી શીતળ અને સુગંધીપવન મેળવાય છે. તેજરત્નથી, શાકદાળ વગેરે રસોઇ તૈયાર થાય છે અને ગગનરત્નથી નવીન પટકુલ વસ્ત્રો પ્રાપ્ત થાય છે—આ પાંચ દિવ્ય રત્નોથી એ રમણી ખરેખરી કલ્પલતા છે. જો આ સુંદર બાળા મને પ્રાપ્ત થાય, તો મારા ભાગ્યનો અવધિ પૂરો થાય. હે ભાઈ સુખાનંદ! તે સુંદરીને કેવી રીતે મેળવવી? તેમાં તારી પૂર્ણ સહાયની જરૂર છે.

કુબેરદત્તનાં વચનો સાંભળી સુખાનંદ સેવક વિચારમાં પડયો. સુખાનંદ પવિત્ર હૃદયનો માણસ હતો. ને પ્રમાણિકતાથી પોતાના શેઠની સારી સેવા કરતો હતો. તેની પ્રમાણિકતા ઉપર પ્રસન્ન થઈ કુબેરદત્તે તેને પોતાનો વિશ્વાસુ બનાવ્યો હતો. સુખાનંદ જેવો સ્વામીની આજ્ઞાપાળક હતો, તેવો સ્વામીને સત્ય સલાહ આપનારો હતો. કુબેરદત્ત કદિ કષાયને વશ થઇ અનીતિ કરવા તૈયાર થતો ત્યારે સુખાનંદ તેને તેવી અનીતિ કરતાં અટકાવતો હતો.

કુબેરદત્તની આવી કુબુદ્ધિ થયેલી જોઇ સુખાનંદ
નમ્રતાથી બોલ્યો—શેઠ! આ આપતા ર મને યોગ્ય
લાગતો નથી. રાજકુમાર રાજકુમારની અતિશ ઉપકારી છે.
તેણે આપને ઘણીવાર ર ભાવ ધારણ કરતા હતા ગાવ્યા છે.
તેવા મહોપકારી કુમા પ્રસંગે તમારે હૃદયથી વિચા ારો
બદલો આપવો એ કેવી ઉત્તમ વસ્તુ છે, ગુણવાન નર યો

કાર ઉપર કદિપણ અપકાર કરતા નથી. આપ સુજ્ઞ છો, શુભ વિચાર કરો. આપના જેવા ધનવંત અને કુલીન ગૃહસ્થના હૃદયમાં આવા કુવિચાર ઉત્પન્ન થાય તો પછી સદ્‌વિચારને કયા હૃદયમાં આશ્રય મળશે ? શેઠજી ! હું આપનો આજ્ઞાવર્તી સેવક છું. આપની આજ્ઞા ઉઠાવવી, એ મારો ધર્મ છે. પણ જે આજ્ઞા પવિત્ર અને નીતિથી અવિરૂદ્ધ હોય તેવી આજ્ઞા ઉઠાવવી એ મારો ધર્મ છે, તેમજ પોતાના સ્વામીનું જેમાં હિત હોય; તેવું કાર્ય સેવકે કરવું જોઈએ. આ કાર્યમાં આપનું હિત નથી પણ અહિત છે; કારણકે, અનીતિથી મેળવેલા લાભ, લાભને બદલે વિશેષ હાનિ કરે છે. માટે આપ કૃપા કરી એ કુવિચાર હૃદયમાં લાવશો નહીં. સુખાનંદનાં આ વચનો કુબેરદત્તને રૂચિકર લાગ્યાં નહીં. તેનામાં અતિશય ખેદ ઉત્પન્ન થયો. પછી તેણે પોતાનો દુર્વિચાર હૃદયમાં કાયમ રાખી સુખાનંદને માયાથી કહ્યું, સુખાનંદ ! તું કહે છે, તે સત્ય છે. ઉતમકુમાર આપણો મોટો ઉપકારી છે, તેણે બે ત્રણ વખત આપણા બધાના પ્રાણ બચાવ્યા છે, હું તે સારી રીતે જાણું છું. એવું અકાર્ય કરવાનો મારો વિચાર નથી, માત્ર તારી મનોવૃત્તિની પવિત્રતા જોવાને અને તારી સદ્‌વૃત્તિ જરૂર પડી હતી, તેને માટેજ આ વિચાર દર્શાવ્યો હતો. ઈ તેણે મીઠા જળની વૃ આ કુબેરદત્ત તેવી કુબુદ્ધિ કદિપણ કરે ચ ચમત્કારી રત્નો છે. ભૂ

કુબે, વાયુરત્ન, અને ગગનરત્ન, સુખનંદ હૃદયમાં સમજી

ભૂમિરત્નથી શયન, આસન, સુવર્ણના પાત્ર કુબેરદત્તના સ્વભાવને

જાણતો હતો. તેણે વિચાર્યું કે, મારી સદ્‌બુદ્ધિથી શેઠે પોતાના કુવિચારને ફેરવી દીધો છે. અસ્તુ, એમ કરવાથી પણ લાભ થયો છે. તે પોતાની કુબુદ્ધિનો ઉપયોગ નહીં કરે. જો મને છેતરી શેઠ પોતે છુપી રીતે કુબુદ્ધિનો ઉપયોગ કરશે તો જાણવું કે, તેનો વિનાશકાળ સમજવો 'विनाशकाळे विपरीतबुद्धि.' એ કહેવત યથાર્થ છે. આવું વિચારી સુખાનંદે પોતાના શેઠના વિચારને અભિનંદન આપ્યું. બન્ને સ્વામી અને સેવક બીજી વાર્તા કરતા કરતા નૌકાના પ્રવાહમાં ચાલ્યા હતા.

# પ્રકરણ ૯ મું.

## શંકિતહૃદયા મદાલસા.

રાજકુમાર ઉત્તમકુમારે પોતાની પ્રિયા મદાલસાના દિવ્ય રત્નોનો ચત્મકાર જ્યારથી લોકોને બતાવ્યો હતો, ત્યારથી તમામ લોકો તેની ઉપર પૂજ્યબુદ્ધિ રાખતા હતા. રાજકુમારને ઇષ્ટદેવવત્ ગણી તેને માન આપતા હતા. નૌકામાં દરેક મુસાફર પોતાના ઉપકારી રાજકુમારની અતિશય સ્તુતિ કરતા અને તેની તરફ પવિત્ર ભાવ ધારણ કરતા હતા.

વાંચનાર ! આ પ્રસંગે તમારે હૃદયથી વિચારવાનું છે. આ જગત્‌માં ગુણ એ કેવી ઉત્તમ વસ્તુ છે, ગુણવાન્ નર યા નારી

સર્વ ઠેકાણે પૂજાય છે, મનાય છે, અને આરાધાય છે. ગુણના દિવ્યપ્રભાવથી આત્મા કેવી ઉન્નતિ મેળવે છે? તેનું દષ્ટાંતરૂપ ઉત્તમકુમાર છે. તે ધર્મવીરના હૃદયમાં ઉપકાર કરવાનો અસાધારણ ગુણ હતો. એ ગુણને લઈને તે વિદેશી, અજ્ઞાત અને પરજન છતાં સ્વદેશી, જ્ઞાત અને સ્વજન જેવો થઈ પડયો હતો. એ પ્રભાવ શેનો હતો? ગુણનોજ હતો. ગુણોના ગૌરવતા જેવું બીજું કોઈ ગૌરવ નથી. એ ગૌરવની આગળ બીજું ગૌરવ ચાલી શકતું નથી. ગુણને માટે મહાનુભાવ શ્રી જિનહર્ષસૂરિએ નીચેની કવિતા ગાયેલી છે—

" गुण पूजाये लोकमां, गुणने आदर थाय;
राजा परजा ( प्रजा ) गुण थकी, सौ कोइ लागे पाय." ॥१॥

આ ઉપરથી દરેક વાંચનારે શિક્ષણ લેવાનું છે કે, પોતાના જીવનને સાર્થક કરવા કોઈ ઉત્તમ ગુણ ધારણ કરવો. તેમાં પણ પરોપકારનો ગુણ સર્વોપરિ છે. એ મહાન્ ગુણના પ્રભાવથી મનુષ્યો, તીર્થંકર બન્યા છે, રાંક રાજા બન્યા છે, દીન અદીન બન્યા છે. ગુણના દિવ્ય પ્રભાવથી ગુણી જનોનું યશોગાન અદ્યાપિ ભારતભૂમિમાં પ્રવર્ત્તે છે અને એ ગુણના પ્રભાવથી મનુષ્યો દેવતા બની સિદ્ધશિલાના આસનપર વિરાજમાન થઈ શકયા છે.

કુબુદ્ધિ ધારણ કરનાર કુબેરદત્ત કર્ત્રિમ પ્રેમ બતાવવાને ઉત્તમકુમારની પાસે આવ્યો. તેણે કપટતાથી ઉત્તમકુમારને પ્રેમ પૂર્વક બોલાવ્યો અને અતિશય ભાવ બતાવી તેની

પ્રશંસા કરવા લાગ્યો—"રાજકુમાર! તમારી ઉપકારક બુદ્ધિ અલૌકિક છે, તમારી પવિત્ર વૃત્તિ દિવ્ય છે અને તમારૂં પ્રવર્ત્તન સ્પૃહણીય છે. તમારા દર્શનથી મારા હૃદયમાં અતુલિત આનંદ ઉત્પન્ન થાય છે. મારા કુટુંબ કરતાં પણ મારો શુદ્ધ પ્રેમ તમારી તરફ આકર્ષાય છે. ક્ષણે ક્ષણે મારા હૃદયમાં તમારા ચારિત્રનું તમારા સદ્‌ગુણનું અને તમારા લોકોત્તર પ્રભાવનું સ્મરણ થયા કરે છે. મારા હૃદયમાં તમારે માટે એવી ભાવના રહ્યા કરે છે કે, " હું યાવજ્જીવિત તમારા સહવાસમાં રહી મારા જીવનને કૃતાર્થ કરૂં. જો મેં પૂર્વે કાંઇ પણ સુકૃત કર્યાં હોય, મારાથી કાંઇ પણ પુણ્યના બંધ થયા હોય તો રાજકુમાર ઉત્તમકુમારની સાથે મારૂં જીવન નિર્ગમન થજો. આવા આવા નિર્મળ નિયાણા મારા હૃદયમાં બંધાયા કરે છે. અને મારૂં ભક્ત હૃદય એવીજ ભાવના ભાવ્યા કરે છે. "

આવાં મધુર વચનો કહી કુબેરદત્ત પોતાની બેઠક ઉપર આવ્યો, ત્યાં જઈ તેણે પોતાના વિશ્વાસુ સેવક સુખાનંદને કહ્યું, સુખાનંદ ! તું ઉત્તમકુમારની પાસે જઇ પુછી જો. મેં તેની પાસે કેવી ભાવના પ્રગટ કરી છે, તે જાણી લે. તે ઉપરથી તને ખાત્રી થશે કે, કુબેરદત્ત કેવો સદ્‌બુદ્ધિવાળો માણસ છે ? અને ઉપકારી ઉત્તમકુમાર તરફ તેની કેવી માન્ય બુદ્ધિ છે ?

પોતાના શેઠનાં આ વચનો સાંભળી સુખાનંદના હૃદયમાં વિશેષ ખાત્રી થઇ કે, શેઠ કુબેરદત્તે પોતાની કુબુદ્ધિના

ત્યાગ હજુ કર્યો નથી. તે પોતાના કુવિચારને કપટભાવથી આચ્છાદન કરવા પ્રયત્ન કરે છે. હશે, જોઈએ, શું બને છે ? શાસનદેવતા તેને સદ્દબુદ્ધિ આપો. આ તરફ શેઠકુબેરદત્ત મધુર વચનો કહી ચાલ્યો ગયો, તે પછી ચતુર મદાલસાના શુદ્ધ હૃદયમાં તેને માટે શંકા ઉત્પન્ન થઈ, તે ચતુર બાળાએ વિચાર્યું કે, " જ્યાં શુદ્ધ પ્રેમ હોય, ત્યાં ખુશામતની જરૂર નથી. પ્રેમના શુદ્ધ પાઠમાં ખુશામતનાં અશુદ્ધ વચનો આવતાંજ નથી. આમાં કાંઈ પણ દગો છે. શેઠકુબેરદત્તની વાણીમાં પ્રત્યક્ષ દોષ દેખાય છે, તેની મનોવૃત્તિમાં કાંઈ પણ વિકાર ઉત્પન્ન થયો છે. આ વાત મારા ભોળા પતિને જણાવવી જોઈએ, નહીં તો તેમાંથી વિપરીત ભાવ બનશે." આવું વિચારી મદાલસાએ પોતાના પતિને કહ્યું, " પ્રાણનાથ, આ કુબેરદત્ત શેઠ ઉપર હું શંકિતહૃદયા છું. તેની વાણીની મધુરતામાં વિષ રહેલું છે. તેનું હૃદય પાપની છાયાથી આવૃત છે. તેથી આપ કદિપણ તેનો વિશ્વાસ કરશો નહીં. "

પ્રિયાનાં વચનો સાંભળી ઉત્તમકુમારે કહ્યું, પ્રિયા, આ તમારી શંકા ખોટી છે. એ કુબેરદત્ત ઉપકારશીલ છે. મારી તરફ તેની પવિત્ર લાગણી છે. તેની વાણીમાં જે માધુર્ય છે, કત્રિમ માધુર્ય નથી. મદાલસાએ નમ્રતાથી જણાવ્યું, સ્વામી ! આપની મનોવૃત્તિ નિર્મળ છે, એટલે આપ બધાને નિર્મળ દેખો છે. પણ મારા હૃદયની શંકા સત્ય છે. કદિ તે શેઠ પ્રથમ સારો હશે, પણ સાંપ્રતકાળે તેના વિચારો વિકારી થયા છે,

એ વાત નિઃસંદેહ છે. કારણ કે, મારા સૌંદર્ય અને મારા રત્નોની સમૃદ્ધિ જોઇને તેની બુદ્ધિમાં વિપરીતભાવ થયો છે. તેને માટે મને નીતિનો એક શ્લોક યાદ આવે છે.—

" पुष्पं दृष्टवा फलं दृष्टवा, दृष्टवा च नवयौवनाम् ।
द्रविणं पतितं दृष्टवा, कस्य नो चलते मनः " ॥ १ ॥

" પુષ્પને, ફલને, નવયૌવનને અને પડેલા દ્રવ્યને જોઇને કોનું મન ચલાયમાન થતું નથી ? "

વળી એક વિદ્વાન્ કવિ નીચેની કવિતા લખે છે—

" धूता होय सुलक्षणा, कुसती होय सलज्ज;
खारा पाणी सोयलां, बहु फल होय अखज्ज. " ॥ १ ॥

" ધૂર્ત્ત માણસો સુલક્ષણા દેખાય છે, કુસતી સ્ત્રી લજ્જાવાળી હોય છે, ખારાં પાણી ઘણાં હોય છે અને અખાદ્ય-વૃક્ષો ઘણાં ફળવાળા થાય છે. "

પ્રિયાનાં આ વચનો રાજકુમારના હૃદયમાં ઉતર્યાં નહીં. તેણે હાસ્ય કરીને કહ્યું, "સુંદરી, આવી શંકા રાખશો નહીં. કુબેરદત્તશેઠ નિર્મળ છે. તેના હૃદયમાં મારે માટે અતિશય પ્રેમ છે."

પતિનાં આવાં વચન સાંભળી મદાલસા વિચારમાં પડી " અહો ! કર્મની કેવી ગતિ છે ? મારા સ્વામી ચતુર

શિરોમણિ છે, છતાં તે કર્મના પ્રભાવથી કેવા ભોળવાઇ ગયા છે ! કુબુદ્ધિ કુબેરદત્તનું કુટિલ હૃદય તેમના જાણવામાં આવતું નથી. અરે કર્મ ! તારી સત્તા આગળ કોઇનું ચાલતું નથી. દેવ, મનુષ્ય કે ગમે તે હોય તે પણ તારી આગળ નિર્વીર્ય છે. વિદ્યાથી વિભૂષિત થયેલા, તર્ક વિર્તકના શાસ્ત્રોના પારંગત થયેલા, નીતિ વિદ્યામાં પ્રવીણ બનેલા અને માત્ર અવલોકન કરવાથીજ માનવ હૃદયની પરીક્ષા કરનારા મહાશયો પણ તારા ચક્રમાં ભ્રમિત થઈ જાય છે. "

આ પ્રમાણે વિચારી રાક્ષસબાળાએ પોતાના પતિને પુનઃ જણાવ્યું, "સ્વામિનાથ, આપના હૃદય ઉપર મારી વાણી બેસી શકતી નથી, પણ પરિણામ સારૂં નહીં આવે. કુબેરદત્તના હૃદય ઉપર કુટિલતાનો પડદો છે, એ વાત નિશ્ચિત છે. તેના વચનનો વિલાસ શુદ્ધ નથી. તેના મન, વચન અને કાયામાં કપટપણાની કુટિલ છાયા પ્રસરી ગઈ છે. હે આગ્રહીનાથ, આ દાસીના વચન ઉપર ધ્યાન આપો. એ કપટી ગૃહસ્થના હૃદયનો વિશ્વાસ કરશો નહીં." મદાલસાનાં આવાં હૃદયનાં વચનો સાંભળી રાજકુમારે આગ્રહથી જણાવ્યું કે હે શંકિતહૃદયા સુંદરી, આવી કુટિલ શંકા કરો નહીં. ઉપકારી અને જગન્મિત્ર કુબેરદત્ત સર્વ રીતે શુદ્ધ છે. તેના હૃદયની શુદ્ધિનું પ્રતિબિંબ મારા હૃદયમાં પડયું છે; તેથી મને તેની પર પૂર્ણ પ્રતીતિ આવે છે.

પૂર્વકર્મની પ્રેરણાથી પ્રેરાએલો ઉત્તમકુમાર આ

પ્રમાણે આગ્રહ ધરી રહ્યો હતો. તેના હૃદયનો વિશ્વાસ કુબેરદત્ત ઉપર તેમને તેમ રહ્યો હતો. તે વારંવાર કુબેરદત્તની પાસે જતો, કુબેરદત્ત તેની પાસે આવતો એમ પરસ્પર શુદ્ધ અને કુટિલ પ્રેમની વચ્ચે ઘણો વખત પ્રવર્ત્તન ચાલતું, તોપણ પતિભક્તા મદાલસા હમેશાં કુબેરદત્તને માટે શંકિત-હૃદયા રહેતી હતી. જેણીના હૃદયની શંકા આખરે સત્ય થઈ હતી. કુટિલ હૃદયના કુબેરદત્તે એક રાત્રે ઉત્તમકુમારને છેતરી ધક્કો મારી સમુદ્રમાં ફેંકી દીધો હતો.

# પ્રકરણ ૧૦ મું.

## પાપનો ઘડો ફુટયો.

સમુદ્રના તીર ઉપર એક બંદર છે. તે બંદર પાસે એક નાની રાજધાની આવેલી છે. તે રાજધાની મોટપલ્લી એવા નામથી ઓળખાય છે. વિવિધ દેશના લોકો ત્યાં વેપાર કરવાને આવે છે. જાત જાતનાં કરીયાણાંથી તે નગરની બજાર ભરપૂર છે. વ્યાપારલક્ષ્મીના વિલાસથી સર્વ પ્રજા સુખી છે. નગરના મધ્ય ભાગે આવેલી વ્યાપારીઓની હવેલીઓમાં અનેક જાતના લક્ષ્મીવીલાસ થયા કરે છે.

આ સુંદર નગરમાં નરવર્મા રાજા રાજ્ય કરે છે. રાજા નરવર્મા આર્હત ધર્મનો ઉપાસક છે. તેના મનોહર રાજમે-

હેલમાં એક સુંદર જિનાલય આવેલું છે. રાજા નરવર્મા તેમાં ત્રિકાલ જિનદર્શન કરે છે. ધાર્મિક વૃત્તિવાળા મહારાજા નરવર્માના નીતિમય રાજ્યમાં સર્વ પ્રજા સુખી છે.

એક વખતે રાજા નરવર્મા ન્યાયાસન ઉપરથી ઉઠી પોતાના મેહેલમાં વિશ્રાંતિ લેવા બેઠો હતો. પ્રધાનસેવકો તેના વિશ્રાંત હૃદયને શાંતિ આપવા અનેક પ્રકારની ખીજમત કરતા હતા. કોઈ તેના ચરણનું સંવાહન કરતા હતા. કોઈ શીતળ અને સુગંધી પદાર્થો હાજર કરી ઉભા હતા, કોઇ મયૂર પિચ્છના કોમળ પંખાથી પવન નાંખતા હતા, કોઈ સુવર્ણની રકાબીમાં તાંબૂલ વગેરે મુખવાસ ધરી ઉભા હતા, કોઇ તેના શ્રવણને આનંદ આપવાને મધુર સુરથી સંગીત કરતા હતા.

પોતાના હજુરીવર્ગની બરદાસથી વિશ્રાંત થઇ વિરામાસન પર બેઠેલા રાજા નરવર્મા પાસે એક છડીદારે આવી નમન કરી જણાવ્યું, "ખુદાવિંદ, કોઈ પ્રતિષ્ઠિત ગૃહસ્થ એક સુંદર બાળા સાથે આપને મળવા આવ્યો છે. શી આજ્ઞા છે?" રાજાએ સુંદરી સહિત પ્રવેશ કરવાની તેને આજ્ઞા આપી, એટલે છડીદાર તે સુંદરી સહિત ગૃહસ્થને રાજાની હજુરમાં તેડી લાવ્યો. તે ગૃહસ્થ શિષ્ટાચારથી નમન કરી રાજાની પાસે ઉભો રહ્યો. પેલી કુલીનબાળા પણ પુત્રી જેમ પિતાને પ્રણામ કરે, તેમ રાજાને પ્રણામ કરી સત્યતાથી ઉભી રહી. રાજાએ તેમને યોગ્ય આસન ઉપર બેસવાની આજ્ઞા કરી એટલે તેઓ બંને તેની સન્મુખ બેઠાં. રાજાએ પુછ્યું, તમે કોણ છો? આ

સુંદર બાળા કોણ છે ? અને અહિં કેમ આવ્યા છો ? શ્રેષ્ઠિએ નમ્રતાથી જણાવ્યું, મહારાજ, હું કુબેરદત્ત નામે એક વેપારી છું. મારો વેપાર સમુદ્રમાર્ગે ચાલે છે. ગઇ કાલે મારાં સફરી વહાણો આપના બંદર ઉપર આવેલા છે. આ સ્ત્રી મને ચંદ્રદ્વીપમાંથી મળેલી છે. તે સ્ત્રી મારી સાથે વિવાહિત થવાને ઇચ્છે છે. જો આપ આજ્ઞા કરો તો આપની સાક્ષીએ આ સ્ત્રીને હું અંગીકાર કરૂં.

શ્રેષ્ઠીનાં આ વચનો સાંભળી ન્યાયી મહારાજાએ તે રમણીને પુછયું, બ્હેન આ શ્રેષ્ઠી કહે છે તે સત્ય છે ? એને વરવાની તારી ઇચ્છા છે ? રાજાના મુખમાંથી, 'બ્હેન' એ શબ્દ નીકળતાંજ તે રમણીના હૃદયમાં પૂર્ણ વિશ્વાસ પ્રસરી ગયો. પોતાના પવિત્ર શીળનું રક્ષણ આ રાજા કરી શકશે, એવો એને નિશ્ચય થયો. તે રમણી નિઃશંક થઈ બોલી હે પ્રજાપાલ, પિતારૂપ મહારાજા, આ શેઠ કુબેરદત્ત જે કહે છે, તે તદ્દન અસત્ય છે. જો આપ પ્રથમથી મારૂં વૃત્તાંત સાંભળો તો આપને તેના કપટજાળની ખબર પડશે.

રમણીનાં આ વચન સાંભળી તે ન્યાયી રાજાએ ઇંતેજારીથી પુછયું, બ્હેન, શાંત અને નિઃશંક થઇ જે તારી ખરી હકીકત હોય, તે નિવેદન કર. દુઃખી જનનું દુઃખ દૂર કરવું એ અમારો ધર્મ છે. રાજાનાં આવાં વચન સાંભળી તે બાળા નિર્ભય થઈને બોલી "ધર્મપિતા મારૂં નામ મદાલસા છે. હું એક જુલમી રાક્ષસની પુત્રી છું. મારા ક્રુર પિતાએ કોઈપણ

મનુષ્યને નહીં આપવાની પ્રતિજ્ઞા કરી મને એક ગુપ્ત મેહેલમાં રાખી હતી. મારી રક્ષા કરવાને એક વૃદ્ધ સ્ત્રીને પાસે રાખી હતી. એ કારાગૃહરૂપ મેહેલમાં વાસ કરીને હું ઘણો વખત રહી, તેવામાં વારાણુસી નગરીના ઉત્તમકુમાર નામે એક રાજકુમાર ત્યાં આવી ચડયા. એ ગુણી કુમારને સંપૂર્ણ ગુણવાન જોઇ મેં તેની સાથે પ્રેમ બાંધ્યો. અમારો બન્નેનો પરસ્પર પવિત્ર પ્રેમ જોઈ મારૂં રક્ષણ કરનારી વૃદ્ધ સ્ત્રીએ અમારા બન્નેનું ગાંધર્વ વિધિથી લગ્ન કર્યું. પછી અમે ત્રણે જણ તે મેહેલમાંથી છુપી રીતે બાહેર નીકળ્યા. તેવામાં આ શેઠ કુબેરદત્તના વાહાણો ત્યાંથી પસાર થઇ જતાં હતાં, તેમની સાથે અમારો મેળાપ થયો. અમે આ શેઠના આગ્રહથી તેના વહાણુમાં બેઠા. રસ્તામાં અનેક જાતનાં વિઘ્ન આવતાં તે વિઘ્નો મારી પાસે રહેલા પાંચ દિવ્ય રત્નોથી અમે દૂર કરતાં હતાં. થોડે દૂર જતાં આ શેઠના હૃદયમાં કુબુદ્ધિ ઉત્પન્ન થઈ. તે પાપીએ રસ્તામાં ભરસમુદ્રે મારા વિશ્વાસી પતિને ધક્કો મારી પાડી નાંખ્યો, અને પછી મને વશ કરવાની કુબુદ્ધિ કરી મારી પાસે આવ્યો. મારા પતિને સમુદ્રમાં નાંખવાથી મને ભારે અપસોસ થઇ આવ્યો. પછી પાછળ સમુદ્રમાં પડી પ્રાણ આપવા તૈયાર થઈ, પણ તે વૃદ્ધાસ્ત્રીએ મને તે સાહસ કરતાં અટકાવી હતી. મહારાજા ! ત્યારપછી પતિના વિયોગથી રૂદન કરતી હતી એવામાં મારી પાસે આ પાપી શેઠ કુબુદ્ધિ કરી આવ્યો, અને મને તાબે થવાનું કહેવા લાગ્યો. ભરસમુ-

ઉત્તમ કુમાર ચરિત્ર



આ દુષ્ટ વ્યભિચારી શેઠનો તમામ માલ કબજે કરી લ્યો અને
તેને કારાગૃહમાં પુરી દો.
( ઉત્તમ કુમાર ચરિત્ર પૃષ્ઠ ૫૫. )

Krishna Press, Bombay 2.

દ્રમાં તેની સર્વ સત્તા નીચે રહેલી એવી હું તે વખતે વિચાર કર્યો કે, " જો હું આ વખતે આ પાપીનો તિરસ્કાર કરીશ અથવા તેને પ્રતિકુળ રહીશ તો તે કોઈ પણ ઉપાયથી મારા શીયળનું ખંડન કરશે આવું વિચારી ચાતુર્યથી મેં આ પાપીને ધીરજ રાખવા કહ્યું, શેઠજી, આ વખતે મારે તમારોજ આધાર છે. હું તમને અનુકૂળ રહેવાને ખુશી છું, પણ મારા સ્વર્ગસ્થ પતિની દશ દિવસે ઉત્તરક્રિયા થયા પછી કોઈ પણ રાજાની આજ્ઞા લઈ હું તમને અનુકૂળ થઈશ. આ પ્રમાણે શીળની રક્ષા કરવા માટે મેં આ પાપી શેઠને સમજાવ્યો હતો. હવે જયારે મને આપનું પવિત્ર શરણ પ્રાપ્ત થયું, ત્યારે હું આપની સમક્ષ નિર્ભય થઈ આ વૃત્તાંત જાહેર કરૂં છું. "

મદાલસાનાં આવાં વચન સાંભળી રાજા નરવર્મા, શેઠ કુબેરદત્ત ઉપર ક્રોધે ભરાયો. તત્કાળ પોતે તેના સેનાપતિને બોલાવ્યો અને હુકમ કર્યો કે, **"આ દુષ્ટ વ્યભિચારી શેઠનો તમામ માલ કબજે કરી લ્યો અને તેને કારાગૃહમાં પુરી દો."** રાજાની આવી આજ્ઞા થતાંજ સેનાપતિ કુબેરદત્તને બાંધી કારાગૃહમાં લઈ ગયો અને તેનો બધો માલ જપ્ત કરી કોશાગારમાં મુકી દીધો.

મહારાજા નરવર્માએ મદાલસાને નમ્રતાથી જણાવ્યું, બ્હેન, હવે તું નિર્ભય થઈ છે. મારે તિલોત્તમા નામે એક પુત્રી છે. તેની સાથે તું મારા અંતઃપુરમાં રહે. તું પણ મારે

તેના જેવી પુત્રીરૂપ છું. તારી ઈચ્છા આવે તે પ્રમાણે દાન-પુણ્ય કરજે. અનેક સ્વાધ્યાય ધ્યાન કરી સમયને નિર્ગમન કરજે. પ્રિય વાંચનાર, પાપી કુબેરદત્તની સ્થિતિ તરફ જોઈ વિચાર કરજો. 'જેવી કરણી તેવી પાર ઉતરણી' એ કહેવત કુબેરદત્તના પ્રસંગમાં યથાર્થ થઈ છે. વ્યાપારમાં પ્રતિષ્ટા પામેલા કુબેરદત્તે મદાલસા તરફ કુદૃષ્ટિ કરી અને તેના નિર્દોષ વિશ્વાસુ પતિ ઉત્તમકુમારને નઠારી દાનતથી સમુદ્રમાં ફેંકી દીધો. આ ઘોર પાપનું ફળ તેને અલ્પ સમયમાં પ્રાપ્ત થયું. તેનાં બળવાન્ પાપોએ રાજા નરવર્માના હૃદયમાં પ્રેરણા કરી અને તેને તે ન્યાયી રાજાએ પાપી કુબેરદત્તને પાયમાલ કરી કારાગૃહમાં પૂર્યો હતો. માણસ ગમે તેવી યુક્તિથી અને ગમે તેવી છુપી રીતે પાપ કરે છે, તથાપિ એ પાપનું કટુ ફળ ભોગવ્યા વિના તેનો છુટકો થતો નથી.

પતિ વિરહિણી મદાલસા રાજા નરવર્માના અંતઃપુરમાં તેની પુત્રી તિલોત્તમા સાથે રહેતી હતી અને નિરંતર પોતાના પતિનું સ્મરણ કરતી શીળરત્નની રક્ષા કરતી હતી.

# પ્રકરણ ૧૧ મું.

## તિલોત્તમાનો મેળાપ.

સતી મદાલસા રાજા નરવર્માના અંતઃપુરમાં રાજકુમારી તિલોત્તમાની સાથે રહેતી હતી. પોતાનો પતિ સમુદ્રમાં મગ્ન થયેલ છે, તે છતાં એ પવિત્ર બાળા પતિને મળવાની ઉમદી આશા રાખતી હતી. શુભ સ્વપ્નના યોગથી અને મનની પ્રસન્નતાથી તેણી પતિના પુનઃ સમાગમને માટે વિશ્વાસિની થતી હતી.

મદાલસાનો નિવાસ તિલોત્તમાના એકાંત મેહેલમાં હતો. તે પવિત્ર રમણી પોતાની પાસે રહેલાં પાંચ દિવ્ય રત્નોથી દાન ધર્મ ચલાવતી હતી. હમેશાં આર્હત ધર્મનાં પવિત્ર પુસ્તકો વાંચતી, અને રાજકુમારી **તિલોત્તમાને** તે વાંચી સંભળાવતી હતી. તે મર્દનથી સ્નાન કે વિલેપન કરતી ન હતી. ભૂમિપર શયન કરતી. નવીન વસ્ત્રાલંકારો ધારણ કરતી ન હતી. સુગંધી પુષ્પો તથા અત્તર ગુલાબ રાખતી ન હતી. પોતાના મુખચંદ્રને તાંબુલથી અલંકૃત કરતી નહીં. સ્વાદિષ્ટ ભોજન તથા મધુર મેવાનો સ્વાદ લેતી નહીં. દૂધ, દહીં, ઘી વગેરે વિકૃતિવાળા પદાર્થોનો ઉપયોગ કરતી નહીં. બધી જાતની મીઠાઇનો તેણે ત્યાગ કરી દીધો હતો. તે સિવાય કંદ, મૂળ તથા લીલોતરી તેણે છોડી દીધી હતી. હમેશાં તે એકભુક્ત કરતી હતી. મેહેલના ગોખ કે અગાસી ઉપર બેસતી

નહીં. રસિક કથાઓ, વાર્ત્તાઓ, કવિતાઓ, ગાથાઓ કે ગરબીઓ તે ગાતી નહીં તેમ સાંભળતી નહીં. શ્રૃંગારનાં કાવ્યોનું વાંચન તથા શ્રવણ તેણીએ ત્યજી દીધું હતું. કોઇ પણ પરપુરૂષની સાથે વાત કરતી નહીં. તેમ તેની સામું જોતી ન હતી. તે હમેશાં નવકારમંત્રનું સ્મરણ કરતી અને હૃદયમાં જિનભગવંતનું ધ્યાન ધરતી હતી. મહાવીરોનાં, ધર્મવીરોનાં, અને સતીઓનાં ચરિત્રો તથા ધર્મ, નીતિ અને વૈરાગ્યનાં બોધક પુસ્તકો વાંચતી હતી.

એક વખતે રાજકુમારી તિલોત્તમાએ મૃદુહાસ્ય કરી પુછયું, "બ્હેન, મદાલસા, તમે સંસારી સ્ત્રી છતાં સાધ્વીની જેમ આવા કઠિન નિયમો શામાટે ધારણ કરો છો ? જો કે, તમારૂં સદાચરણ, તમારા :નિયમ તરફ દઢતા જોઇ હું ઘણી ખુશી થાઉં છું, તથાપિ માત્ર જાણવાની ખાતર મેં તમને આ પ્રશ્ન કર્યો છે."

મદાલસા મંદહાસ્ય કરી બોલી—બ્હેન તિલોત્તમા, હું એક વિવાહિત વિયોગી સ્ત્રી છું. મારા નિર્દોષ પતિને પાપી કુબેરદત્તે દુષ્ટ આશયથી સમુદ્રમાં ફેંકી દીધા છે. કેટલાંએક શુભચિન્હોથી એ પતિના પુનઃ સમાગમની મને આશા રહે છે. જ્યાંસુધી એ પતિનો મારે સમાગમ ન થાય, ત્યાંસુધી આ નિયમો રાખવાનો મેં નિશ્ચય કર્યો છે. પ્રિય બ્હેન, વળી આપણા શાસ્ત્રમાં સતી અને કુલીન સ્ત્રીના ધર્મની અંદર લખ્યું છે કે, "**જે સુંદરી પતિથી વિયુક્ત હોય, તેણીએ**

**સર્વ શ્રૃંગારનો ત્યાગ કરવો.** " પતિની ગેરહાજરીમાં કુલીન કાંતાએ વિભૂષિત રહેવું નહીં, મિષ્ટાન્ન ભોજન કરવું નહીં અને પરપુરૂષના પ્રસંગમાં આવવું નહીં. પ્રિય બ્હેન, પૂર્વે જૈન સતીઓએ જે સતીપણાની સત્કીર્ત્તિ મેળવી છે, તેનું કારણ ફક્ત તેઓનું ઉચ્ચ જાતનું પ્રવર્ત્તનજ હતું. જેવી રીતે વિવાહિત થયેલી વનિતાએ પતિની ગેરહાજરીમાં વર્ત્તવાનું છે, તેવીજ રીતે કુંવારી કુલીન કન્યાઓએ પણ કેટલીક રીતે વર્ત્તવાનું છે. પિતાના ઘરમાં રહેલી કુલીન કન્યા કદિ સુશોભિત શ્રૃંગાર ધારણ કરી શકે છે, પણ તેણીએ પરપુરૂષના પ્રસંગથી દૂર રહેવાનું છે. તેમજ પોતાનાં માતાપિતાની આજ્ઞામાં રહી કન્યાવ્રત સાચવવાનું છે.

રાક્ષસસુતા મદાલસાનાં આ વચનો સાંભળી રાજસુતા તિલોત્તમા પ્રસન્ન થઇ. તેણીએ હૃદયથી મદાલસાને અભિનંદન આપ્યું.

આ પ્રમાણે બન્ને રમણીઓ સહોદર બ્હેનોની જેમ સાથે રહેતી, અને કેળવણીરૂપ કલ્પલતાના મધુર ફળનો સ્વાદ લેતી હતી. તિલોત્તમા મદાલસાની પાસેથી ઉત્તમ શિક્ષણ સંપાદન કરતી, અને તેણીને એક સારા શિક્ષકગુરૂના જેટલું માન આપતી હતી. બન્ને રમણીઓ ધર્મના, જ્ઞાનના અને નીતિ સાહિત્યના આનંદમાં મગ્ન થઈ પોતાનો સમય પ્રસાર કરતી હતી. કોઈવાર તિલોત્તમા શહેરની બીજી વિદુષી શ્રાવકબાળાઓને બોલાવતી અને તેની પરિષદ્ કરી મદાલસાની

પાસે સારાં સારાં વ્યાખ્યાનો અપાવતી હતી. પવિત્રહૃદયા મદાલસા પોતાની બુદ્ધિ પ્રમાણે સારા સારા વિષયો ઉપર વ્યાખ્યાન આપી મોટપલ્લી નગરની મહિલાઓને મહાનંદ આપતી હતી.

# પ્રકરણ ૧૨ મું.

## વિશ્વકર્માનો અવતાર.

લોકોનો કોલાહલ થઇ રહ્યો હતો. મજુરોનાં ટોળેટોળાં ફરતાં હતાં, કોઈ પાષાણ ચડાવતા હતા, કોઇ ઘડતા હતા, કોઇ રેતીના સુંડલા વેહેતા હતા અને કોઈ પ્રમુખ થઇ બીજાઓને આજ્ઞા કરતા હતા. એક તરફ કોરણીનું કામ થતું હતું, બીજી તરફ ચિત્રકારો નવા નવા રંગ તૈયાર કરી ઉભા હતા અને એક બાજુ સૂત્રધારો ( સુથારો ) કાષ્ટ ઉપર કોતરકામ કરતા હતા.

આ વખતે એક તરૂણપુરૂષ આવી ચડયો. તે આવી આ બધો દેખાવ જોવા લાગ્યો. ક્ષણવાર જોયા પછી તેણે ચારે તરફ ફરવા માંડયું. તેવામાં કોઇ પુષ્ટ શરીરવાળો કદાવર પુરૂષ તેના જોવામાં આવ્યો. તે પ્રૌઢ પુરૂષે આવી તે તરૂણ પુરૂષને તેજસ્વી જોઇ નમન કર્યું. તરૂણ પુરૂષે તેને માન આપી પુછ્યું, તમે કોણ છો ? અને આ શું થાય છે ? તે પુરૂષે

વિનયથી કહ્યું, " ભદ્ર, હું મીસ્ત્રી છું. " અમારા મહારાજાની આજ્ઞાથી તેમનાં રાજકુમારીને માટે આ નવો મેહેલ બંધાય છે. મહારાજાએ મોટી ઉદારતાથી આ મેહેલનો આરંભ કર્યો છે. ઉંચી જાતના કામથી અને કારીગરીથી આ મેહેલની રચના કરી છે. આ મેહેલનું સર્વ કાર્ય મને સોંપ્યું છે. મારી દેખરેખ નીચે આ મોટો સમારંભ થાય છે.

મીસ્ત્રીનાં આ વચન સાંભળી તે તરૂણપુરૂષે કહ્યું, ભાઇ, આ મેહેલનો સમારંભ સારો થાય છે, પણ તેની રચનામાં કેટલીએક ખામીઓ છે. જો તમારી ઇચ્છા હોય તો જણાવું ? મીસ્ત્રીએ આનંદપૂર્વક કહ્યું. ભદ્ર, જો તમે આ કાર્યની અંદર ખામી બતાવશો તો હું તમારો ઉપકાર માનીશ. ખોટખામી જાણવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

મીસ્ત્રીનાં આવાં વિનીત વચનો સાંભળી તે તરૂણપુરૂષ પ્રસન્ન થઇ ગયો. તેણે હર્ષિતવદને જણાવ્યું, ભદ્ર, તમારો સુશીલ સ્વભાવ જોઈ હું ઘણો પ્રસન્ન થયો છું. તમારા જેવા શુદ્ધ હૃદયના મનુષ્યો આ જગત્‌માં થોડા હશે. ઘણા અલ્પવિચારી ગુણીજનો પોતાના ગુણનો મદ કરનારા હોય છે. પોતાનામાં કળા કે વિદ્યાનું જ્ઞાન અલ્પ હોય, તે છતાં 'પોતે સંપૂર્ણ છે,' એવો વૃથા ફાંકો રાખે છે. એવા ગુણીજનો પોતાનું જ્ઞાન વધારી શકતા નથી. કેટલાએક એવા પણ હોય છે, કે જો તેમનામાં કોઇ જાતની ખોટખામી કાઢીએ, તો તેઓ હૃદયમાં નાખુશ થાય છે.

અને કોઇ તો તેથી મનમાં ખોટું લગાડી ઉશ્કેરાઈ સામા વિતંડાવાદ કરવાને સજ્જ થાય છે. ભદ્ર, તમારામાં તેવી લઘુવૃત્તિ નથી. આથી તમારા સુશીલ સ્વભાવને સંપૂર્ણ ધન્યવાદ ઘટે છે.

તે તરૂણ પુરૂષનાં આવાં વચનો સાંભળી તે મીસ્રી મનમાં ખુશી થઇ ગયો. પછી તેણે તે તરૂણપુરૂષને પોતાની ખામી બતાવાને આગ્રહ કર્યો, એટલે તેણે પોતાના શિલ્પશાસ્ત્રની તે ખામી બતાવી. જેથી તે મીસ્રી સાનંદાશ્ચર્ય થઇ ગયો. શિલ્પવિદ્યામાં તેનું ચાતુર્ય જોઇ તેણે તે તરૂણપુરૂષને ઘણી શાબાશી આપી અને તેની અદ્ભુત બુદ્ધિની તારીફ કરી.

મીસ્રી સાનંદાશ્ચર્ય થઇ બોલ્યો—ભદ્ર, તમારી શિલ્પ-વિદ્યાની ચાતુરી જોઇ મને અતિશય આનંદ થાય છે. આપ કોણ છો ? અને અહીં આવવાનું શું પ્રયોજન છે ? તરૂણ-પુરૂષે નમ્રતાથી કહ્યું " ભદ્ર, હું એક મુસાફર છું, વિદેશનાં કૌતુક જોવાને બાહેર નીકળ્યો છું, મારી ઈચ્છા આવે ત્યાં રહું છું અને મારી ઇચ્છા આવે ત્યાંથી ચાલ્યો જાઉં છું."

તરૂણનાં આવાં વચનો સાંભળી, મીસ્રીએ વિનયથી કહ્યું ભાઇ ! જો કૃપા કરી અહિં રહો તો, મને ઘણો લાભ થાય. બીજાને લાભ થતો હોય, તો મહાત્માઓ ખુશીથી તે વાત માન્ય કરે છે. મીસ્રીની આ વિનંતી ઉપર ધ્યાન આપી, તે તરૂણપુરૂષ તે મીસ્રીના આવાસમાં રહ્યો, અને પોતાની શિલ્પ-શાસ્ત્રની વિદ્વતાથી તે મીસ્રીને એક મહાન્ મદદગાર થઈ પડયો.

વાંચનારને આ અનિર્દિષ્ટ પ્રસંગ જાણવાની ઇચ્છા પ્રબળ થઇ હશે, તેથી તેનું સ્પષ્ટીકરણ કરવાની આવશ્યકતા છે. જે આ મહેલ રચાય છે, તે રાજા નરવર્માનો છે. રાજા નરવર્મા પોતાની પુત્રી તિલોત્તમા અને મદાલસાને રહેવા માટે એક સુંદર મેહેલ રચાવે છે. મેહેલનો સમારંભ મોટા પાયા ઉપર ચાલે છે. જે તરુણપુરૂષ, તે આપણી વાર્ત્તાનો મુખ્ય નાયક ઉત્તમકુમાર છે. પુણ્યના પ્રભાવથી આયુષ્યના કર્મના બળે ઉત્તમ કુમાર સમુદ્રના ભયંકર તોફાનમાંથી બચી કુશળક્ષેમ અહીં આવી પહોંચ્યો છે. તેને અહીં રાજાના મીસ્રી સાથે મેળાપ થયો છે. ઉત્તમકુમારે વારાણસી નગરીની પાઠશાળામાં વિદ્યા તથા કળાની સારી કેળવણી લીધી હતી, તેથી તેની શિલ્પકળાની વિદ્વતાએ તે મીસ્રીને સાનંદાશ્ચર્ય કરી દીધો હતો.

પાપી કુબેરદત્તે જ્યારે ઉત્તમકુમારને સમુદ્રમાં ફેંકી દીધો, ત્યારે તે અનંત જળનિધિમાં પડયો. સર્વ કળાને જાણનારા કુમારે તે અગાધ જળમાં તરવા માંડયું. મહાસાગરને તરતો તે કુમાર જળ માર્ગમાં જતો હતો, તેવામાં કોઈ મગર આવ્યો. તે કુમારને અખંડિત રીતે ગળી ગયો. કુમારને ગળી તે મગર સમુદ્ર તટે ફરતો ફરતો આ મોટપલ્લીના બંદર ઉપર આવ્યો, તેવામાં કેટલાએક ધીવર લોકોએ આવી જાળ નાંખી એ મગરને પકડયો. મત્સ્યભક્ષી ધીવર લોકો તે મગરને પોતાને સ્થાને લઇ ગયા. તેના શરીરને

ચીરતાં તેના ઉદરમાંથી ઉત્તમકુમાર જીવતો નીકળ્યો. ઉત્તમકુમારની તેજસ્વી મૂર્ત્તિ જોઇ ધીવરોએ વિચાર્યું કે, ' આ કોઇ મહાન્ નર છે, માટે તેને આશ્રય આપવો ' આવું ચિંતવી ધીવરોએ તે રાજકુમારને પોતાના આવાસમાં રાખ્યો અને શુદ્ધ હૃદયથી તેની પરિચર્યા કરવા માંડી.

એક વખતે રાજકુમાર ધીવર લોકોના વાસમાંથી મોટપલ્લી નગર જોવાના કૌતુકથી બાહેર નીકળી પડયો. તે ફરતો ફરતો આ નવીન રચાતા રાજમહેલની પાસે આવ્યો હતો. જ્યાં તેને રાજાના મુખ્ય મીસ્ત્રીની સાથે મેળાપ થયો હતો. જે વૃત્તાંત વાંચનારને સારી રીતે વિદિત છે.

રાજકુમાર ઉત્તમકુમાર નીકળી ગયા પછી બંદર ઉપર રહેતા સર્વ ધીવર લોકોએ તેની ઘણી શોધ કરી હતી, પણ કોઈ સ્થળે તે કુમાર તેમના જોવામાં આવ્યો નહીં એટલે તેઓએ કહ્યું કે "આવો ઉત્તમ પુરૂષ આપણને કયાંથી મળશે ? ખરેખર આપણે એક અમૂલ્યરત્ન ગુમાવ્યું છે." એમ કહી અપસોસ કરવા લાગ્યા.

અહિં રાજકુમાર ઉત્તમકુમારની સૂચનાથી તે રાજમહેલનું કામ ઉત્તમ પ્રકારે ચાલવા લાગ્યું. શિલ્પશાસ્ત્રના નિયમ પ્રમાણે મહેલના જુદા જુદા ભાગ ગોઠવાયા, દરેક ભાગમાં ઉત્તમ પ્રકારની કારીગરી કરવામાં આવી, થોડા દિવસમાં એ મનોહર મેહેલ તૈયાર થઇ ગયો. તેની ઉપર સાત માળ કરવામાં આવ્યા હતા. તેની અંદર સભાભુવન. શયનભુવન, વિદ્યાભુવન, ક્રીડાભુવન, વિચારભુવન, શાંતિ-

ભુવન અને શ્રૃંગારભુવન વગેરે જુદા જુદા ભાગ, વિશાળતા અને સુંદરતાથી રમણીય બનાવવામાં આવ્યા હતા. દરેક ભાગમાં કોરણીદાર થાંભલાઓ અને તેની ઉપર નવરંગિત શ્રૃંગારથી સુશોભિત એવી પુતળીઓ મુકવામાં આવી હતી. ઉત્તમકુમાર આવી શિલ્પવિદ્યામાં પ્રવીણ હતો, તથાપિ તેનામાં અહંકાર ન હતો. તે સાથે તે ગુરૂવિભાગ રાખનારો ન હતો. પોતે રાજના મીસ્ત્રીને અને બીજા કારીગરોને પોતાની ગુપ્ત કળા પણ દર્શાવતો હતો અને સર્વની સાથે શુદ્ધ હૃદયથી વર્ત્તતો હતો.

આજકાલ કેટલાએક ગુણિજનો પોતાનામાં જે ગુણ હોય તે ગુપ્ત રાખે છે. અને ગુરૂવિભાગ રાખી કોઈને કળાનું રહસ્ય બતાવતા નથી, તેમજ પોતે તે ગુણનું અભિમાન રાખી બીજાની ઉપર દબાણ રાખે છે. કોઇ તો કપટ રાખી બીજાને શીખવવાની ખોટી ખોટી આશા આપી તેમની પાસે પોતાની સેવા—બરદાશ કરાવે છે. આવા ગુણીજનો ઘણાજ અધમ ગણાય છે. અને તેઓ જગત્‌માં નિંદાપાત્ર બને છે.

રાજવીર ઉત્તમકુમાર તેવા દુર્ગુણથી દૂર હતો. તે શુદ્ધ હૃદયથી પોતાની ગુપ્ત વિદ્યા પણ બીજાને દર્શાવતો હતો અને ઉત્તમ પ્રકારની સૂચના આપતો હતો.

એક વખતે રાજા નરવર્મા પોતાનો કુમારીમેહેલ સંપૂર્ણ થયેલો જાણી તે જોવાને માટે આવ્યો, મહારાજાને આવેલા

જાણી રાજમીસ્ત્રી અને બીજા સૂત્રધારો ઉત્તમકુમારને સાથે લઈ તેની પાસે ગયા. મહારાજાએ મેહેલમાં પ્રવેશ કરી લક્ષ્ય-પૂર્વક રાજમેહેલને અવલોકયો. મેહેલની સુંદર રચના અને ઉત્તમ પ્રકારની બાંધણી જોઈ નરવર્મા ઘણોજ પ્રસન્ન થઈ ગયો. આવું દિવ્ય જેવું અદ્‌ભુત શિલ્પકામ જોઈ મહારાજાએ મીસ્ત્રીને શાબાશી આપી અને કેટલાંએક પ્રશંસાનાં વચનો કહી સંભળાવ્યાં, તે વખતે કૃતજ્ઞ ગુણને ધારણ કરનારા મીસ્ત્રીએ રાજકુમારને આગળ કરી કહ્યું,—" મહારાજા, આ બધી પ્રશંસા આ રાજકુમારનેજ ઘટે છે. " **આ વીરનર શિલ્પશાસ્ત્રનો મોટો વિદ્વાન્ છે.** તેના પ્રતાપથીજ અમે આ રાજમહેલનું મહાભારત કામ કરી શકયા છીએ. " આ સાંભળતાં રાજા નરવર્મા આશ્ચર્ય પામી ગયો. રાજકુમારની મનોહર આકૃતિ જોતાંજ તેના હૃદયમાં પ્રતીતિ સાથે પ્રેમ ઉત્પન્ન થઇ આવ્યો. મહારાજાએ તેને માન આપી પુછયું "ભદ્ર, તમે કોણ છો ? અને અમારા ભાગ્યયોગે તમે અહિં કયાંથી આવી ચડ્યા છો ? રાજકુમારે નમન અને વિનયપૂર્વક કહ્યું, મહારાજા, હું એક ક્ષત્રિયકુમાર છું અને કૌતુકથી વિદેશ જોવા નીકળ્યો છું. "તમે આવી શિલ્પવિદ્યા કયાંથી સંપાદન કરી ?" રાજાએ સાનંદાશ્ચર્ય થઈ પુછયું. રાજકુમારે વિનયથી પ્રત્યુત્તર આપ્યો—રાજેંદ્ર! **વારાણસીનગરીના કળાભુવનમાં** રહી હું તે વિદ્યા શીખ્યો છું. તેમાં મેં કાંઇ નવું કર્યું નથી, કારણ કે, સર્વ કળા સંપાદન કરવી, એ ક્ષત્રિય કુમારનો ધર્મ

છે. કુમારનાં આવાં નિરભિમાની વચનો સાંભળી મહારાજા નરવર્મા વધારે પ્રસન્ન થયો. તે વખતે રાજાએ કુમારને પોતાના વાસગૃહમાં આવવાને આમંત્રણ આપ્યું. રાજકુમારે દાક્ષિણ્યતાથી બીજે દિવસે આવવાને તે આમંત્રણ સ્વીકાર્યું. રાજા નરવર્માએ પ્રસન્ન હૃદયે ચાલવા માંડયું, તે વખતે પેલા પ્રૌઢમીસ્ત્રીએ વિનંતિપૂર્વક જણાવ્યું–મહારાજા! આ રાજકુમાર ખરેખર વિશ્વકર્માનો અવતાર છે, માટે તેને આપના રાજ્યનો આશ્રિત કરો. આવા આવા ગુણીજનોથી રાજ્યની શોભા છે. મીસ્ત્રીની વિનંતિ ધ્યાનમાં લઇ રાજા નરવર્મા પોતાના દરબારમાં ચાલ્યો ગયો. રાજાના ગયા પછી મીસ્ત્રીએ ઉત્તમકુમારને રાજા નરવર્માની રાજનીતિની, તેની અસાધારણ ઉદારતાની અને ગુણીજનની કદર જાણવાના મહા ગુણની વાર્ત્તાઓ કરી. જે સાંભળી રાજકુમારના નિર્મળ હૃદયમાં તેને માટે બહુ માન ઉત્પન્ન થયું હતું.

# પ્રકરણ ૧૩ મું.

## સર્પદંશ.

એક સુંદર વાટિકા ખીલી રહી હતી. વિવિધ જાતનાં વૃક્ષો પોતાનાં પલ્લવ, પુષ્પ અને ફળરૂપ સમૃદ્ધિથી સુશોભિત દેખાતાં હતાં. પક્ષીઓ પોતાના મધુર ધ્વનિથી વાટિકાની મ-

નોહરતામાં વધારો કરતાં હતાં. કોઇ સ્થળે ક્યારાઓની રચના મનને આકર્ષતી હતી. ક્યારાના મધુર જળનું પાન કરનારાં પક્ષીઓ જાણે વૃક્ષોનો આભાર માનતાં હોય, તેમ પોતાના કલરવોથી અભિનંદન આપતાં હતાં. કોઇ સ્થલે પુષ્પોનો અવચય કરતી માલણો મનવાંછિત કુસુમોના લાભથી મનમાં મલકાતી હતી અને તેથી મધુર ગીતો ગાતી ગાતી પુષ્પાચય કરતી હતી. એક તરફ નિર્મલ નીરની નીકો ચાલી રહી હતી અને છાયાદાર વૃક્ષોની શીતલ છાયામાં રહી અનેક પશુ પક્ષીઓ તે નીકના નીરનું પાન કરતાં હતાં. કોઈ સ્થળે નીકના નીરની કરેલી રચનાનો ધ્વનિ સાંભળી મયૂર પક્ષીઓ મેઘધ્વનિના સંભ્રમથી કેકારવ કરી નૃત્ય કરતા હતા. ચપળતાને દર્શાવનારા કપિઓ વડવાઈના હીંચકા કરી ઝુલતા હતા. અને આમ્રવૃક્ષની મંજરીના સ્વાદથી મત્ત થયેલી કોકિલાઓ પંચમ સ્વરથી શ્રોતાના શ્રવણને અતિશય આનંદ આપતી હતી.

આ વખતે રાજા નરવર્માની પુત્રી તિલોત્તમા બીજી સખીઓની સાથે વનમાં રમવાને આવી હતી. વનની કુદ્રતી શોભાને અવલોકતી રાજબાળા ઉપવનમાં ચારે તરફ ફરતી હતી. કોઈ છાયાદાર વૃક્ષ નીચે ઉભી રહી. બધી સાહેલીઓની સાથે રાસલીલાઓ ફરતી ફરતી ગાતી હતી. ક્ષણમાં કુવારાની પાસે આવી જળયંત્રની રચના જોઈ જોઇ અનેક જાતની ચેષ્ટાઓ કરતી હતી. વળી ક્ષણમાં વૃક્ષની શાખા ઉપર



“બ્હેનો દોડો મને સર્પ કરડયો.”

(ઉત્તમ કુમાર ચરિત્ર પૃષ્ટ ૬૮.)

Krishna Press, Bombay 2.

કુદાકુદ કરી રહેલા કપિઓની લીલા જોઈ મનમાં આનંદ પામતી હતી. કોઇ કોઇ વાર આમ્રવૃક્ષના ગુચ્છઓમાં રહેલી કોકિલાના મધુર સ્વર સાંભળી તેની સાથે પોતાના કંઠરવની મેળવણી કરતી હતી.

આ પ્રમાણે અનેક લીલા વિસ્તારતી રાજબાળા આગળ ચાલી ત્યાં એક છાયાદાર રાયણનું વૃક્ષ આવ્યું. તે વૃક્ષની આસપાસ જુદી જુદી જાતનાં પુષ્પવૃક્ષો આવેલાં હતાં. તે જોઇ રાજકુમારી અને તેની સખીઓ વાર્ત્તાલાપ કરવા લાગી—" સખી, જો આ ચંબેલીનાં સુંદર પુષ્પો કેવાં ખીલી રહ્યાં છે ? આ મોગરાની ખુશબો કેવી મજેની આવે છે ? આ નાગકેશરની રચના કેવી અદ્ભુત છે ? આ કર્ણિકાર દેખાવમાં સુંદર છે, પણ સુગંધ વગરનું હોવાથી જાણે તે શરમાતું હોય તેવું દેખાય છે. આ જુઈ, ગુલાબ અને જાસુદનાં પુષ્પો કેવાં વિકસિત થયેલાં છે ? જુવો, જુવો, આ ભમરાઓ કેવા ઉદ્યોગમાં પડી ગયા છે. અને તેઓ મકરંદરમાં કેવા તલ્લીન થઈ ગયા છે ? "

આ પ્રમાણે વાર્ત્તાલાપ કરતી સખીઓ તિલોત્તમાની આજ્ઞા લઇ તે પુષ્પોને ચુંટવા દોડી ગઇ અને રાજકુમારી તે રાયણ વૃક્ષ નીચે ઉભી રહી, તેવામાં વૃક્ષના કોટરમાંથી એક ભયંકર સર્પ બાહેર આવ્યો, જાણે તેણીનો પ્રત્યક્ષકાળ હોય, તેમ તેણે આવી રાજકુમારીના ચરણ ઉપર દંશ માર્યો " બ્હેનો, **દોડો મને સર્પ કરડયો** " આ પ્રમાણે ચીસ પાડી ત્રિલો-

ત્તમા મૂર્છિત થઇ પૃથ્વી પર પડી. તેણીની ચીસ સાંભળ-તાંજ બીજી સખીઓ સંભ્રમ પામી દોડી આવી અને રાજ-કુમારીની આસપાસ 'ખમાખમા' કહી વીંટાઇ વળી. તેઓમાંથી એક દાસી દોડતી બાગવાનની પાસે આવી અને તેણીએ તેને દરબારમાં મહારાજાને તે ખબર આપવા દોડાવ્યો.

પવિત્ર રાક્ષસકુમારી મદાલસાના સહવાસથી તિલોત્ત-માના હૃદયમાં ધર્મની વાસના વધારે પ્રબલ થઇ હતી. તેથી સર્પનો દંશ થતાંજ તેણી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવારૂપ નવકારમંત્રને ઉચ્ચારવા લાગી અને ધર્મનું શરણ લેવા લાગી. તેણીની સહીયરો રાજકુમારીના મુખ સામું જોઈ અશ્રુધારા વર્ષાવી રૂદન કરતી કરતી પોકાર કરવા લાગી.

મહારાજા નરવર્મા આ માઠા ખબર સાંભળી પોતાના ખાસ માણસો સાથે ઉદ્યાનમાં દોડયા આવ્યા. જ્યાં રાયણના વૃક્ષ નીચે પોતાની પુત્રી બેભાન થઇ પડેલી હતી, ત્યાં આવી રાજાએ તેણીને ઉત્સંગમાં લીધી. 'બેટા તને શું થયું ? શાસનપતિ તારી રક્ષા કરો ' એમ કહી પુત્રીવત્સલ પિતા તેણીને બોલાવવા લાગ્યો, પણ સર્પના વિષથી વ્યાપ્ત થયેલી ત્રિલોત્તમા કાંઇ પણ બોલી શકી નહીં. જ્યારે રાજપુત્રીના મુખમાંથી કાંઈ પણ જવાબ મળ્યો નહીં, એટલે રાજા શોકા-તુર થઈ ગયો અને ઉંચે સ્વરે રૂદન કરવા લાગ્યો.

આ ખબર આખા મોટપલ્લીનગરીમાં પસરી ગયા. તે ખબર સાંભળી રાજાનાં મંત્રીઓ, અધિકારીઓ અને સામંતો

ત્યાં દોડી આવ્યા. સતી મદાલસા પણ સખી સ્નેહથી પોકાર કરતી રાજમાતા સાથે ત્યાં આવી. અને નગરમાં હાહાકાર થઈ ગયો.

રાજ્યના મંત્રી, તથા નગરશેઠ વગેરેએ આવી મહારાજાને સમજાવ્યા, પુત્રીના વાત્સલ્યથી પરિપૂર્ણ એવો રાજા નરવર્મા શોકથી મુક્ત થયો નહીં. પછી શાણા મંત્રીઓએ રાજાને સમજાવી એક ઉત્તમ શિબિકા મંગાવી અને તેમાં રાજકુમારીના મૃતવત્ થઈ ગયેલા શરીરને આરોપિત કર્યું. તે શિબિકા સાથે રાજકુમારીને દરબારમાં લાવવામાં આવી અને સર્પના વિષને દૂર કરવાના અનેક ઉપાયો યોજવા માંડયા.

સર્પવિષને દૂર કરવાનાં ઔષધોને જાણનારા વૈદ્યોને બોલાવ્યા, તોપણ રાજકુમારી નિર્વિષા થઈ નહિં. આખરે તે ચતુર વૈદ્યોએ ચિકીત્સા કરી જણાવ્યું કે, જો કોઇ ગારૂડી વિદ્યાને જાણનારો પુરૂષ મળી આવે, તો આ કુમારી નિર્વિષા થાય.

# પ્રકરણ ૧૪ મું.

## ઉપકારનો બદલો.

રાજા નરવર્મા શોકાતુર થઈ બેઠો છે. તેની આસપાસ મંત્રિઓ, સામંતો અને બીજો હજુરી વર્ગ રાજાના શોકથી

શોકાતુર થઈ રહ્યો છે. રાજકુમારી તિલોત્તમાના શરીર ઉપર સર્પનું વિષ વ્યાપતું જાય છે. તે રાજબાળાની ચેતનશક્તિ હણાતી જાય છે. મરણની સમીપ આવેલી તિલોત્તમાએ મંદસ્વરે પોતાના પિતાને કહ્યું " બાપુ, હું હવે આ સંસારની અલ્પ મુસાફરી પૂરી કરી પરલોકમાં જાઉં છું. મારા હૃદયની વાસનાઓ અપૂર્ણ છે, તે છતાં હું તેને પૂર્ણ માની મારા હૃદયમાંથી એ વાસનાઓ દૂર કરૂં છું. બીજી બધી વાસનાઓ મારા હૃદયથી દૂર થઇ ગઇ છે. માત્ર એક વાસના મારા હૃદયમાં જાગ્રત રહ્યા કરે છે. તેને દૂર કરવાનું વચન આપો તો મારા મનને શાંતિ થાય.

દુહિતાનાં આ વચન સાંભળી રાજા નરવર્મા શોકાશ્રુ પાડતો બોલ્યો " બેટા, શામાટે નિરાશ થાય છે? તારા જીવનને માટે મેં હજુ અનેક ઉપાય યોજ્યા છે. તને જીવિત આપનાર કોઈ વીર નર નીકળી આવશે. તારા જીવિતને માટે આ મારૂં સમૃદ્ધિવાન રાજ્ય તથા હું અર્પિત થઈ ચુક્યાં છીએ. તેને માટે નગરમાં પટહઘોષણા કરવામાં આવી છે. બેટા, ગભરાઈશ નહીં. તને જીવન આપનાર કોઇ મહાપુરૂષ મળી આવશે. તારા હૃદયમાં જે વાસના અને આશા હોય તે બધી ધર્મના પ્રભાવથી સફળ થશે. બેટા, ધીર થઇ **પંચપરમેષ્ટીનું સ્મરણ કર. એ મહામંત્ર તારા જીવનનું રક્ષણ કરશે.** " પિતાનાં આ વચન સાંભળી તિલોત્તમા પુનઃ ઘણાજ મંદસ્વરથી બોલી–બાપુ, તમે મારા ઉપકારી પિતા છો. તમે મારા જીવનને માટે જે

કર્યું છે, તે ઘણું છે. તમે તમારો પિતૃધર્મ જેવી રીતે બજાવ્યો છે, તેવી રીતે બજાવનારા પિતાઓ આ જગત્માં થોડા હશે. હે પૂજ્ય પિતાજી, તમે મને હીંમત આપો છો, પણ-મારામાં તે હીંમત આવતી નથી. સર્પનું ભયંકર અને પ્રાણહારી વિષ મારા અંગે અંગમાં વ્યાપી ગયું છે. આવા ઉગ્ર વિષને ઉતારનારો મહાપુરૂષ ક્યાંથી મળે ? હવે હું મારા જીવનની આશા છોડી દઉં છું, બાપુ તેથી તમે મારી એક વાસના પૂર્ણ કરવાનું વચન આપો, જેથી હું સંતુષ્ટ થઇ આ અવશાન વખતે સાર્થક કરવા પંચપરમેષ્ટીનું સ્મરણ કરૂં. મહારાજાએ રૂદન કરતાં કહ્યું, "બેટા, શાંત થા! શાસનદેવતા તારી રક્ષા કરશે, તારી શી ઈચ્છા છે ? આ દેહ, રાજ્ય અને સર્વ તારૂંજ છે. તારા જીવનને માટે એ બધું તૈયાર છે." રાજબાળા ઘણાજ મંદ અને સૂક્ષ્મ સ્વરથી બોલી—"બાપુ! **મારી પ્રિય બ્હેન આ મદાલસા છે, તેનું તમે રક્ષણ કરજો અને તેણીને મારી સમાન ગણી તેની સર્વ આશાઓ પૂર્ણ કરજો.**" આ મારી એકજ તીવ્ર વાસના છે. મારો વિયોગ તેને લાગે નહીં, તેવી ગોઠવણ કરજો. અને તેણીના સર્વ મનોરથ પૂરા કરજો." આટલું કહેતાંજ રાજબાળા બોલતી બંધ થઈ ગઈ. તેની વાચા ઉપર વિષની અસર થઇ ગઇ, તથાપિ તે પવિત્ર રમણી અસ્ફુટ શબ્દોથી નવકાર મંત્રનો અવ્યકત ઉચ્ચાર કરવા લાગી.

પુત્રીની આવી સ્થિતિ જોઈ નરવર્મા વધારે ગભરાઇ

ગયો. તેના બન્ને નયનમાંથી અશ્રુધારા ચાલવા લાગી. એક તરફ મદાલસા ધ્રૂશકે ધ્રૂશકે રોવા લાગી. સર્વ અંતઃપુર આક્રંદ કરવા તૈયાર થયું અને ચારે તરફ મહાશોક વ્યાપી ગયો. આ વખતે એક રાજસેવક દોડતો દોડતો ત્યાં આવ્યો અને તેણે રૂદન કરતા રાજા નરવર્માને નમન કરી જણાવ્યું, મહારાજા, કોઇ એક રાજકુમાર દ્વાર આગળ આવી ઉભા છે અને તે કહે છે કે, “ રાજકુમારી ક્યાં છે? હું **તેને નિર્વિષ કરવાને સમર્થ** છું. ” આ શબ્દો સાંભળતાંજ રાજા નરવર્મા જાણે નવજીવન પામ્યો હોય, અને અમૃતથી સિંચિંત થયો હોય, તેમ સાવધાન થઇ બોલ્યો—“ જાઓ, એ રાજકુમારને સત્વર પ્રવેશ કરાવો. ” રાજાની આજ્ઞા થતાં તેનો મુખ્ય મંત્રી બેઠો થઇ પોતાની જાતે દ્વાર આગળ આવ્યો. અને તે રાજકુમારને મહારાજા નરવર્મા પાસે લઇ આવ્યો. કુમારને જોતાંજ રાજાએ ઓળખી લીધો. તે ઉત્તમકુમાર હતો. મહારાજાએ રાજકુમારીને માટે રચાવેલા રાજમેહેલમાં તેનો મેળાપ થયો હતો. અને તેની તેમાં અનુપમ નિપુણતા જોઇ મહારાજા તેની ઉપર અતિશય પ્રસન્ન થઇ ગયો હતો.

દિવ્યમૂર્ત્તિ ઉત્તમકુમારે મહારાજાને વિનયથી નમન કર્યું. તેનો વિનય જોઇ નરપતિ વિશેષ પ્રસન્ન થઇ બોલ્યો— “ રાજકુમાર, તમને મેં તરતજ ઓળખ્યા છે. રાજકુમારીના રાજમેહેલના તમે વિશ્વકર્મા છો. તમારામાં સર્વ પ્રકારની નિપુણતા જોઇ હું ઘણોજ પ્રસન્ન થાઉં છું. મને પૂર્ણ વિશ્વાસ

છે કે, તમે મારી રાજકુમારીને જીવન આપનારા થશો. હે મહાનુભાવ ! કૃપા કરી આ બાળાને જીવિતદાન આપો. આ રાજબાળાને જીવિત આપવાથી તમારો અમારા બધા રાજકુટુંબ ઉપર મોટો ઉપકાર થશે. જો કે, તમારા આ મહોપકારનો બદલો મારાથી કોઇ રીતે વાળી શકાશે નહીં. તથાપિ મારાથી બનશે તેટલી કૃતજ્ઞતા કરવાને હું ચુકીશ નહીં. હવે સત્વર તમારા કોઈ પણ પ્રયોગથી આ રાજબાળાને જીવાડો."

મહારાજાનાં આ વચનો સાંભળી ઉત્તમકુમાર રાજબાળાની પાસે આવ્યો અને તેણે તરત ગારૂડી મંત્રનો મહાપ્રયોગ આરંભ્યો. ક્ષણવારમાં તિલોત્તમા નિર્વિષ થઈ બેઠી થઈ અને તેણીએ પ્રથમ પોતાના તે ઉપકારી કુમારને વંદના કરી પછી અનુક્રમે પોતાનાં પિતા, માતા વગેરેને વંદના કરી. રાજબાળાને સજ્જ થયેલી જોઇ રાજા નરવર્મા ઘણોજ ખુશી થઇ ગયો, તેના નયનમાં રહેલા શોકાશ્રુ આનંદાશ્રુરૂપે થઈ ગયા. આનંદના રંગથી રંગિત થયેલો રાજા નરવર્મા પોતાની પ્રિય પુત્રીને ભેટી પડયો. તે પછી તેણે હર્ષાશ્રુવદને ઉત્તમ કુમારનો અંતઃકરણથી મહાન ઉપકાર માન્યો. આ વખતે સર્વ રાજકુટુંબમાં આનંદ મંગળ વર્તાઈ રહ્યો અને પ્રજાવર્ગમાં પણ ઘેરઘેર ઉત્સવ થઈ રહ્યો. પોતાની પુત્રીને સાવધાન થયેલી જોઈ, પ્રસન્ન થયેલા રાજા નરવર્માએ રાજકુમારને કહ્યું, " હે ઉપકારી, નરવર, આ રાજ્ય અને રાજકન્યા ગ્રહણ કરી મને કૃતાર્થ કરો. રાજસુતાને જીવન આપનારા

તમે તે બાળાના તથા મારા રાજ્યના સ્વામી થઈ મને તમારા ઋણમાંથી મુકત કરો. તમારા પ્રથમ સમાગમ વખતે તમારી કુલીનતાની તથા તમારી નિપુણતાની મને પૂર્ણ પ્રતીતિ થઈ હતી, તેમાં તમારા આ ઉપકારે મોટો વધારો કર્યો છે. રાજપુત્ર, તમારા ઉપકારનો બદલો બીજી કોઇ રીતે મારાથી વાળી શકાય તેમ નથી. સુજ્ઞ મનુષ્યોએ ઉપકારનો બદલો આપવો જોઇએ. જે મનુષ્ય કોઈના ઉપકારમાં આવ્યા પછી તેનો બદલો નથી આપતો તે મનુષ્ય કૃતઘ્ની ગણાય છે. અને તે પોતાના માનવજીવનને દૂષિત કરે છે. કૃતજ્ઞતા એ મોટામાં મોટો ગુણ છે. શ્વાન જેવાં હલકાં પ્રાણીમાં પણ એ ગુણ રહેલો છે. પાળેલો શ્વાન પોતાના પોષક ધણીના ગૃહ–શરીરની રક્ષા કરે છે. એટલુંજ નહીં પણ ધણીને માટે તે પ્રાણાર્પણ કરવાને તૈયાર થાય છે. રણભૂમિમાં મૂર્છિત થઈ પડેલા પોતાના સ્વારને છોડી જાતિવંત અશ્વ નાશી જતો નથી. આ પ્રમાણે જ્યારે તિર્યંચો પણ કૃતજ્ઞતાના ગુણથી વિરાજિત છે, ત્યારે સંજ્ઞીપંચેંદ્રિય જીવોમાં પ્રથમ પંક્તિએ ગણાતા બુદ્ધિવાન મનુષ્યો એ કૃતજ્ઞતાના ઉત્તમ ગુણને ભુલી જાય, તે ખરે ખરા કૃતઘ્ની કહેવાય છે. કૃતઘ્ની પુરૂષોના મલિન જીવનને નીતિકારોએ અતિશય ધિક્કાર આપેલો છે. તેથી હે પ્રિયકુમાર! હું કૃતઘ્નીપણાના મહાપાપથી ભય પામું છું અને તેથી કરીને આ રાજ્ય તથા રાજકન્યા આપને અર્પણ કરી મારા પશ્ચિ-

મ જીવનને સન્માર્ગે દોરવાની મારી ઈચ્છા છે. ગલિતવયમાં ધર્મ તથા આત્મસાધન કરનારા પુરૂષોનાં જીવિત કૃતાર્થ થયેલાં ગણાય છે અને તેવાં અનેક દષ્ટાંતો જૈન ઈતિહાસમાં મળી આવે છે.

# પ્રકરણ ૧૫ મું.

## પરસ્પર પ્રેમજાગ્રતિ.

રાજભુવનના એકાંતવાસમાં પવિત્રહૃદયા મદાલસા ખિન્નવદના થઇ બેઠી હતી. તેણીના લલાટ ઉપર ચિંતાની ત્રિવળી પડી હતી. ક્ષણે ક્ષણે નિશ્વાસ નાંખતી અને નયનમાંથી અશ્રુધારા છોડતી તે સુંદરી હૃદયના પરિતાપથી પરિતપ્ત થતી હતી. તેણીનું ચિંતિત હૃદય શોકના અંધકારથી આવૃત થઈ ગયું હતું.

આ વખતે તેણીની પેલી વૃદ્ધાદાસી પાસે આવી. પોતાની સ્વામિનીને શોકાતુર જોઇ તેણીનું હૃદય પણ ચિંતાતુર થઇ ગયું. તેણીએ મધુર અને મંદસ્વરથી કહ્યું,—"રાજકુમારી, શા માટે શોક કરો છો? આજ સુધી તમે આનંદમાં રહેતાં હતાં, તો આજે અકસ્માત્ આવા ભારે શોકમાં શામાટે આવી પડયાં છો? તમારા જેવાં સુજ્ઞ અને કેળવણી પામેલ રાજબાળા જ્યારે મોહને વશ થઈ આવી રીતે શોકસાગરમાં મગ્ન થઈ

જાય, તો પછી બીજી સામાન્ય સ્રીની શી વાત કરવી ? બા સાહેબ, આપ ગુણી અને સમજુ છો, આપના હૃદયમાં આવી ચિંતાની લાગણી પ્રગટ થાય, એ સર્વ રીતે અનુચિત કહેવાય.

વૃદ્ધાદાસીનાં આવાં વચન સાંભળી મદાલસા મંદસ્વરે બોલી—દાસી, આજે મને મારા પ્રાણનાથનું સ્મરણ થઈ આવ્યું છે. મારી પ્રિય બ્હેન તિલોત્તમાના લગ્નનો પ્રસંગ જોઇ મારી મનોવૃત્તિ પતિના સ્મરણમાં આતુર થઇ છે. આજે ઘણા દિવસ થઈ ગયા, તોપણ મારા પતિ તરફના કાંઇ પણ સમાચાર આવ્યા નહીં, મેં આજ સુધી મારી આશારૂપ લતાને સજીવન કરી ટકાવી રાખી, તથાપિ એ આશાલતા અદ્યાપિ સફળ થઇ નહીં. હવે મારી આશા શિથિલ થતી જાય છે. અને મારા હૃદયમાં પતિને માટે દુઃશંકા પ્રગટ થાય છે. ઊછળતા મધ્યસમુદ્રમાં પડેલા મારા પતિ શી રીતે સજીવન રહે ? એ બધી વાત મને અસંભવિત લાગે છે. હે વૃદ્ધાદાસી, હવે મને મારા જીવન ઉપર પ્રીતિ નથી. પતિના જીવનમાં નિરાશ થયેલી હું મારા જીવનને શી રીતે ધારણ કરી શકું ? દાસી, વળી જ્યારે જીવનના અંતનો વિચાર કરૂં છું, ત્યારે મારા હૃદયમાં આર્હત ધર્મના નિયમો સ્ફુરી આવે છે. કાષ્ટ-ભક્ષણ કરી આત્મહત્યા કરવી, એ આર્હત ધર્મથી વિરૂદ્ધ છે. તેથી મેં હવે નિશ્ચય કર્યો છે કે, આ સંસારી જીવનમાંથી મુક્ત થઇ જવું અને આ સંસારનો ત્યાગ કરી ચારિત્રજીવ-

નમાં પ્રવેશ કરવો. મારા પિતાતુલ્ય મહારાજા નરવર્માના પ્રસાદથી મેં આ સ્થળે સારો લાભ મેળવ્યો છે. દીનજનોને દાન આપી અને અશરણને શરણ આપી મેં મારા પ્રવર્ત્તનને ઉપકારધર્મમાં યોજ્યું છે. સાત ક્ષેત્રોમાં દ્રવ્ય વાપરી મેં મારો ગૃહસ્થધર્મ યથાશક્તિ કૃતાર્થ કર્યો છે. તેમજ હૃદયના પરિણામને શુદ્ધ કરવાને જિનપૂજા, અને જિનારાધન પણ કરેલાં છે. હે દાસી, હવે મારી ઇચ્છા ચારિત્ર લઈ આત્મસાધન કરવામાં તત્પર થઇ છે. હવે હું આ પ્રવૃત્તિમાર્ગમાંથી નિવૃત્તિમાર્ગ તરફ વળવા સજ્જ થઇ છું. આ સંસારના અસાર સ્વરૂપ તરફ મને પૂર્ણ અભાવ આવી ગયો છે.

મદાલસાનાં આવાં વચનો સાંભળી તે વૃદ્ધાદાસી બોલી– રાજકુમારી આવી ચિંતા કરો નહીં. મેં આજે તમારી અશાલતાને સિંચન મળે તેવી એક વાત સાંભળી છે, તે સાવધ થઇને સાંભળો. તમારાં પ્રિય બ્હેન તિલોત્તમા હમણાં જે પુરૂષને પરણ્યાં છે, તે પુરૂષ કોઇ વિદેશી છે અને તેની સારી પ્રશંસા થાય છે. તેનું જ્ઞાન તથા કળાકૌશલ્ય લોકોત્તર સંભળાય છે. તો રખેને તે વીરપુરૂષ તમારા પતિ તો નહીં હોય ? આયુષ્યના બળથી દુસ્તર સમુદ્રને તરી તે આ તરફ કેમ ન આવે ? કર્મની ગહનતા વિચિત્ર છે. કર્મ–વિધિ અઘટિત ઘટનાને ઘટાવનારો છે. બા સાહેબ, જો તમારી ઈચ્છા હોય, તો હું એ વીરનરને પ્રત્યક્ષ જોઇઆવું ?

વૃદ્ધાદાસીનાં આ વચન સાંભળી મદાલસાની અશાલતા

પાછી અંકુરિત થવા લાગી. દાસીની વાણી તેણીને અસંભવિત ન લાગી. કર્મની વિચિત્રતા ઉપર વિશ્વાસ રાખનારી મદાલસા પોતાના ક્ષુભિત હૃદયમાં સંકલ્પ–વિકલ્પ કરવા લાગી. ક્ષણવાર વિચારી તેણીએ તે વૃદ્ધાદાસીને તેમ કરવાની અનુમતિ આપી, એટલે વૃદ્ધા ઉમંગથી બેઠી થઇ પોતાની સ્વામિનીનું કાર્ય સિદ્ધ કરવા રાજકુમારી તિલોત્તમાના રાજમહેલ તરફ આવી.

વૃદ્ધાદાસી એ મેહેલની હમેશાં પરિચિત હતી. આથી તેણીનો ત્યાં અપ્રતિહત પ્રવેશ હતો. તેણીએ તિલોત્તમાના મેહેલમાં જઈ પેલા સુંદર રાજકુમારને જોયો. રાજકુમારની આકૃતિ તેના લક્ષમાં આવી, તથાપિ તેને ઓળખવામાં તે તદ્દન નિઃશંક થઇ ન હતી.

ઉત્તમકુમારને સશંક હૃદયે ઓળખી વૃદ્ધા પોતાની સ્વામિની મદાલસાની પાસે આવી, તેણીએ અંગમાં ઉમંગ ધારણ કરી મદાલસાને કહ્યું, “ બા સાહેબ, રાજકુમારી તિલોત્તમાનો પતિ તમારા પતિ ઉત્તમકુમારને મળતો છે. જો કે હું નિઃશંકપણે કહી શકતી નથી, તથાપિ પ્રાયેઃ કરીને તે ઉત્તમકુમારના જેવો દેખાય છે. સ્વરૂપ તો તેના જેવુંજ છે, પણ તેની આકૃતિમાં જરા ફેર દેખાય છે. ફેર સ્વાભાવિક નથી, પણ કત્રિંમ છે.

વૃદ્ધાદાસીનાં આ વચન સાંભળી મદાલસા આર્દ્રહૃદયા થઇ ગઈ. રખે તે પોતાનો પતિ હશે, એવો અનિશ્ચિત વિચાર

તેણીના હૃદયમાં પ્રગટ થઇ આવ્યો. તરતજ તેણીના હૃદયમાં તેની તરફ પ્રેમની જાગ્રતિ થઇ આવી. હૃદયના પ્રેમમય મંદિરમાં એ રાજકુમારને અવકાશ મળ્યો. થોડીવાર પછી તે સતીરમણીયે પોતાનો અનિશ્ચિત વિચાર બદલાવ્યો. તરતજ તેણી પોતાના મનને સંબોધી ઠપકો આપવા લાગી—“ અરે પાપી મન! મને ભુલાવી ખરો નિશ્ચય થયા વિના એ અજ્ઞાત પુરૂષ ઉપર તેં શા માટે રાગ ધર્યો ? તું મારા શુદ્ધ ચરિત્રને કલંકિત કરવા તૈયાર થયું પણ મારા પૂર્વ પુણ્યના બળથી હું ચેતી ગઇ છું. કદિ **ઇંદ્ર, દેવ, ગંધર્વ, ચક્રવર્ત્તી, અર્ધચક્રવર્ત્તી, સાર્વભૌમ કે મહારાજા હોય, તોપણ મારા વિચારમાં વિકારદશા થતી નથી.** અરે ચંચળ મન, તેં તારો ચપલસ્વભાવ દર્શાવ્યો, અને તું રાગી થવા તૈયાર થયું, પણ મારા સમ્યકત્વસહિત સતીધર્મે મને બચાવી છે. તારા મલિન પાશમાંથી મારા ધાર્મિક વિચારેજ મારો ઉદ્ધાર કર્યો છે. અરે અનાચારી ચંચળમન ! વળી તારે પૂર્ણ વિચાર કરવો જોઇએ કે, તારૂં ભાગ્ય તેવું ક્યાંથી હોય, કે, મારા તે પ્રાણજીવન પતિનો પુનઃ સમાગમ થાય. જો તારૂં સદ્‌ભાગ્ય જાગ્રત હોત તો તે વીરનરનો સમુદ્રપાત શામાટે થાત ? પ્રાપ્ત થયેલ ચિંતામણિ રત્ન પાછું, વિનષ્ટ કેમ થઇ જાય ? ”

આ પ્રમાણે મનને ઉપાલંભ આપતી મદાલસા પાછી નિર્મોહ અને નીરાગી થઇ નવકારમંત્ર ગણવા લાગી. તેણીના રાગી હૃદય ઉપર પાછી ધર્મભાવના જાગ્રત થઇ

આવી; સમ્યકત્વ ધર્મની શુદ્ધ છાયા તેણીની મનોવૃત્તિ ઉપર પ્રસરી ગઇ. મદાલસાની આવી શુદ્ધ વૃત્તિ જોઇ વૃદ્ધા દાસી તેને અનુમોદન આપવા લાગી.

આ તરફ નરવીર ઉત્તમકુમાર પોતાની નવીન પ્રિયા તિલોત્તમાની પાસે રહી નવીન રસરાજનો અનુભવ કરતો હતો. જ્યારે પેલી વૃદ્ધ દાસી મદાલસાની પ્રેરણાથી ત્યાં આવી, રાજકુમારને જોઈ તરત પાછી વળી, એટલે ચતુર કુમારે પોતાની પ્રિયાને કહ્યું—પ્રિયા ! આ અહીં આવીને ચાલી ગઈ તે સ્ત્રી કોણ છે ? પતિના આ પ્રશ્નના ઉત્તરમાં તિલોત્તમા બોલી—પ્રાણનાથ ! મદાલસા નામે એક વિદેશી સ્ત્રી અહીં આવી ચડેલી છે. તે દ્રવ્ય અને ભાવ બંને રીતે ઘણી સુંદર છે, તેને સર્વ રીતે યોગ્ય જાણી મારા પિતાએ તેને આશ્રય આપ્યો છે, અને તે મારા અતઃપુરના આવાસના એક ભાગમાં રહે છે. આ વૃદ્ધ સ્ત્રી તે મારી પ્રિય સખી મદાલસાની દાસી છે.

રાજકુમારી તિલોત્તમાના મુખથી "મદાલસાનું" નામ સાંભળતાંજ રાજકુમાર સાનંદાશ્ચર્ય થઈ ગયો. 'તે પોતાની પ્રિયા મદાલસાજ હશે' એવો નિશ્ચય થવાથી તેના મનોમંદિરમાં પ્રિયાના પ્રેમની પવિત્ર મૂર્ત્તિ પાછી પ્રગટ થઈ આવી. મદાલસાનો પૂર્વપ્રેમ તેનામાં પૂર્ણ રીતે જાગ્રત થઇ આવ્યો. રાજકુમાર પોતાના હૃદયમાં ચિંતવવા લાગ્યો. "અરે ! કર્મ ! તારી કેવી ગતિ ? શું મારી પ્રિયા મહાસા-

ગરના પ્રબળ પ્રવાહમાંથી અહીં આવે ! અને શું મારે તે હૃદયમંદિરનો મેળાપ થાય ! આ સર્વ રીતે અસંભવિત છે. કર્મની પ્રબળ સત્તા શું નથી કરી શકતી ? જગત્‌ના જીવન-માર્ગમાં કર્મનું પ્રચંડ તાંડવ જે કાર્ય કરે છે, તે કાર્ય કોઇ બીજાથી કરી શકાતું નથી. ”

આવું ચિંતવતાંજ તેના પવિત્ર હૃદયમાં પ્રેમની દશા જાગ્રત થઇ આવી. શરીર રોમાંચિત થઇ ગયું, મુખમુદ્રા વિકારી બની ગઈ. સર્વ અંગેઅંગમાં રાગનો રંગ વ્યાપી ગયો, મદાલસાની મનોહર મૂર્ત્તિ તેની પ્રેમાળ દૃષ્ટિની આગળ ખડી થઈ ગઇ. તે પરોક્ષ છતાં પણ પ્રત્યક્ષવત્ તે રમણીના સુંદર દર્શનને અનુભવવા લાગ્યો.

આ પ્રમાણે એક તરફ મદાલસા અને બીજી તરફ ઉત્તમકુમાર પોતપોતાના શંકિત અને અનિશ્ચિત પ્રેમના સુંદર રસનો પરોક્ષ અનુભવ કરતાં હતાં. તેઓ પરસ્પર રાગી થયાં હતાં, પણ તે રાગદશા અનિશ્ચિત હોવાથી તેમના મનને પરસ્પર શંકા અને સંકલ્પના જટિલ જાળમાં ઝોકાં ખવરાવતી હતી. તથાપિ શુદ્ધ પ્રેમની પ્રતિમા સત્ય હોવાથી સહજ સ્વભાવના બળથી શંકિત છતાં નિઃશંક ધર્મને ધારણ કરી તેમના હૃદયમાં પ્રતીતિ ઉત્પન્ન કરતી હતી. સતી મદાલસાએ પોતાના રાગી મનને ઉપાલંભ આપ્યો હતો, તથાપિ આશાના બળથી તેણીના હૃદયપર સત્યની છાપ પડતી અને તેથી તે ‘ રખે આ વાત સત્ય હોય ’ એમ ધારતી હતી. તેવી રીતે

રાજકુમાર પણ પોતાના હૃદયની સ્થિતિને ધારણ કરી આશાનું અવલંબન કરી રહ્યો હતો. આ પ્રમાણે તે બંને વિયુક્ત દંપતીના શુદ્ધ હૃદયમાં જુદી જુદી રીતે પ્રેમની જાગ્રતિ થઈ આવી હતી.

# પ્રકરણ ૧૬ મું.

## સહસ્રકળા.

એક સુંદર બાળા મનોહર મેહેલમાં બેઠી હતી. તેની વય મુગ્ધ અને તારૂણ્યની વચ્ચે આવેલી હતી. તેના શરીરપર અનુપમ સૌંદર્ય સ્ફુરી રહ્યું હતું. દરેક અંગ તથા પ્રત્યેક શરીરના પ્રમાણને અનુસરી સુશોભિત લાગતાં હતાં. તેનો મુખચંદ્ર પૂર્ણિમાના ચંદ્રનો તિરસ્કાર કરતો હતો. તે મુખચંદ્ર ઉપર મૃદુ મૃદુ હાસ્ય સ્ફુરી રહ્યું હતું. તે હાસ્યનો વિકાશ થતાં તેના દાંતના ઉજવળ કિરણો તેણીના મુખતેજમાં વધારો કરતા હતા.

આ સુંદર રમણીનો મેહેલ ઘણો સુંદર અને ભભકાદાર હતો. તેમાં ઉંચી જાતની કોરણીદાર રચના કરવામાં આવી હતી. તેના મેહેલની આસપાસ બીજા મનોહર મેહેલો હતા. તે મેહેલોમાં તે રમણીનું ધનાઢ્ય કુટુંબ રહેતું હતું. મેહેલની પાસે હાથી, ઘોડા, ગાડી, પાલખી, મ્યાના વગેરે સુશોભિત

વાહનોના સુંદર મકાનો આવેલાં હતાં. દરેક સ્થળે રાજવૈભવના જેવો દબદબા ભરેલો દેખાવ જોવામાં આવતો હતો. તેની ગૃહલક્ષ્મી રાજલક્ષ્મીનું અનુકરણ કરતી હતી. વિશાળ આંગણાઓમાં હજારો દાસ દાસીઓ નવરંગિત વેશ ધારણ કરી આમતેમ ફરતાં હતાં.

વાંચનાર ! આ સુંદર બાળાનો વૃત્તાંત જાણવાની ઇચ્છા રાખતા હશો. તેમની તે જિજ્ઞાસા પૂર્ણ કરવી એ લેખકનું પ્રથમ કર્ત્તવ્ય છે. આ સુંદર બાળાનું નામ સહસ્રકળા છે. સહસ્રકળાઓને ધારણ કરનારી તે બાળાનું નામ સર્વ રીતે સાર્થક છે. તેણીના પિતાનું નામ મહેશ્વરદત્ત છે. મહેશ્વરદત્ત મોટપલ્લી નગરનો એક ધનાઢ્ય વણિક ગૃહસ્થ છે. રાજા નરવર્માના સમૃદ્ધિવાન્ નગરનો તે એક મોટો પ્રતિષ્ઠિત ધનાઢ્ય શેઠ છે. તેણે વ્યાપારકળાથી મોટી સમૃદ્ધિ સંપાદન કરી છે. તેની લક્ષ્મીની સંખ્યા છપ્પન ક્રોડ સોનૈયાની ગણાય છે. મોટાં પાંચસો સફરી વાહાણો તેના તાબામાં છે. પાંચસો ગાડા, પાંચસો દુકાનો, અને પાંચસો વખારો તેની સત્તા તળે રહેલાં છે. તેના મોટા વૈભવમાં હાથી, ઘોડા, પાલખી, સેવક, અને સુભટો વિદ્યમાન છે.

આવા મહાન્ ધનાઢ્ય શેઠ મહેશ્વરદત્તને સહસ્રકળા નામે એકજ પુત્રી છે. ગુણવતી વિનયવતી અને રૂપવતી પુત્રી સહસ્રકળા તે ધનપતિશેઠના બહિઃપ્રાણરૂપ છે. પુત્રીવત્સલ પિતાએ એ બાળાને સારી કેળવણી આપી એક વિદુષી બાળશ્રાવિકા

બનાવી હતી. જ્ઞાન તથા કળાથી સુશોભિત થયેલી એ સુંદર સુતા પોતાના પિતૃગૃહમાં રહી જ્ઞાન તથા કળાના આનંદને અનુભવતી હતી. પુત્રી સહસ્રકળા જ્યારે યોગ્ય વયની થઈ એટલે તેણીના પિતા મહેશ્વરદત્તને તેણીના પતિને માટે ભારે ચિંતા થતી હતી. પુત્રીને રૂપ તથા ગુણથી યોગ્ય એવા પતિનો યોગ કરવાને આતુર એવો સુજ્ઞ પિતા અહર્નિશ તે ચિંતામાં સદા મગ્ન રહેતો હતો, અને તેને માટે નવા નવા ઉપાયો યોજ્યા કરતો હતો.

તે શ્રાવકબાળા સહસ્રકળા પોતાના મેહેલમાં બેઠી છે. પોતાના ભવિષ્ય માટે નવા નવા સંકલ્પોવિકલ્પો કરે છે. આ વખતે એક દાસીએ આવી સુંદરીને નમન કરી જણાવ્યું, 'સહસ્રકળા બા, આપને શેઠ બોલાવે છે.' આ શબ્દો સાંભળતાંજ તે બાળા બેઠી થઇ અને પાસેના મેહેલમાં જ્યાં પોતાના પિતા મહેશ્વરદત્ત બેઠા હતા, ત્યાં આવી તેણીએ વિનયથી પોતાના પિતાને પ્રણામ કર્યા. પિતાએ પુત્રીને પ્રેમથી બોલાવી પાસે બેસારી.

આ વખતે શેઠ મહેશ્વરદત્તની પાસે એક વિદ્વાન્ જોષી આવ્યો હતો. જે પોતાના નિમિત્તજ્ઞાનના બળથી ભૂત તથા ભવિષ્યને સારી રીતે કહી શકતો હતો. તે જોષીને બતાવવા માટે શેઠે પોતાની પુત્રી સહસ્રકળાને ત્યાં બોલાવી. સહસ્રકળા પિતાના કહેવાથી તે વિદ્વાન્ જોષીને પગે લાગી. શાંતમૂર્ત્તિ જોષીએ તે બાળાને આશીષ આપી. સહસ્રકળાનું અદ્ભુત સૌંદર્ય જોઈ તે અણુક હૃદયમાં આશ્ચર્ય પામી ગયો. ક્ષણવાર

પોતાના જ્ઞાનનો વિચાર કરી તે બોલ્યો—"શેઠજી ! આ બાળાની આકૃતિનાં લક્ષણો ઉપરથી જણાય છે કે, આ બાળાને આજથી એક માસે યોગ્ય વરની પ્રાપ્તિ થશે. આપ નિશ્ચિંત થઈ તેણીના વિવાહની સામગ્રી તૈયાર કરો."

જોષીનાં આ વચનો સાંભળી શેઠ મહેશ્વરદત્ત ઘણોજ ખુશી થઈ ગયો. તેના હૃદયમાં આનંદામૃતનો પ્રવાહ વેહેવા માંડ્યો. તેણે પ્રસન્ન થઈ તે જોષીને ઉત્તમ પ્રકારનો ભેટ અર્પણ કરી. જોષી પ્રસન્ન થઇ શેઠની આજ્ઞા લઇ પોતાને સ્થાને ચાલ્યો ગયો. પોતાના વિવાહની વાર્ત્તા સાંભળી મુગ્ધ હૃદયા સહસ્રકળા અંતરમાં આનંદ ધરતી હતી, તથાપિ ઉપરથી લજ્જાને દર્શાવતી હતી. તે પિતાની રજા લઈ પોતાના મહેલમાં આવી સમાન વયની સખીઓ તેને વિવાહની વાત પુછી ઉપહાસ્ય કરવા લાગી.

નિમિત્તિયાનીવાણી ઉપર વિશ્વાસ પામેલા મહેશ્વરદત્તે તત્કાળ સહસ્રકળાના વિવાહની તૈયારી કરવા માંડી. વિવાહની કુમકુમ પત્રિકાઓ લખી પોતાના મિત્રો, સ્નેહિઓ અને હિતકારીઓને બોલાવવા માંડયા, વિવાહનો મનોહર અને વિશાળ મંડપ કરવાને અનેક કારીગરોને રોકવામાં આવ્યા. વિવિધ પ્રકારના પકવાનો તથા મિષ્ટ મીઠાઈઓ બનાવવાને ઉત્તમ પ્રકારના રસોઈઆઓને એકઠા કરવામાં આવ્યા. માંગલિક વાજીત્રોના ધ્વનિથી અને સૌભાગ્યવતી સુંદરીઓના મંગળ ગીતથી મહેશ્વરદત્તનું આંગણું ગાજી ઉઠયું. આવી રીતે સહ-

સ્રકળાના [illegible] માંડી. અને તે વાત આખ[illegible]માં [illegible]

આ [illegible] સાંભળ[illegible]માં આવતાં તે ઘણો આ[illegible] પા[illegible] વિચાર [illegible] લાગ્યો. 'અરે ? મહેશ્વરદત્ત જે[illegible] સુર અને બુદ્ધિમાન શેઠે આ શું કર્યુ ? હજુ વરનું તો ઠેકાણું નથી અને વિવાહનો આરંભ તે કરી બેઠો છે. આવું સાહસ કોઈ સુજ્ઞ પુરૂષ કદિ પણ કરે નહીં. આમાં કાંઈ પણ ભેદ હોવા જોઇએ. દીર્ઘવિચારી મહેશ્વરદત્ત આવું સાહસ કરે એ વાત તદન અસંભવિત છે." આ આ વાતની ચર્ચા નગરમાં પ્રજાજનમાં પણ થતી હતી. લોકો તે વિષે અનેક જાતના તર્ક વિતર્ક કરતા હતા.

પોતાના નગરશેઠની અસંભવિત વાર્ત્તા સાંભળી હૃદયમાં વિસ્મય પામેલા મહારાજા નરવર્માને એક રાજસેવકે આવી ખબર આપ્યા કે "સ્વામી, નગરમાંથી એવા ખબર મળ્યા છે કે, શેઠ મહેશ્વરદત્તે ગુપ્ત રીતે કોઇ પુત્રીને માટે યોગ્ય વરની ધારણા કરી છે અને તેણે પોતાના મનમાં નિશ્ચય કર્યો છે કે, પોતાની પુત્રી સહસ્રકળાને વિવાહિત કર્યા પછી તેની માતાને પોતાની બધી સમૃદ્ધિ સ્વાધીન કરી દેવી. અને પોતે દીક્ષા ગ્રહણ કરી આત્મસાધન કરવાને પ્રવૃત્ત થવું. રાજસેવકના આ વચનો સાંભળી રાજા નરવર્મા ઘણોજ આનંદમગ્ન થઇ ગયો. તેના હૃદયમાં ઉત્તમ ભાવના પ્રગટ થઇ આવી. નૃપતિએ પોતાના હૃદયમાં ચિંતવ્યું "અહા ! મહેશ્વરદત્તના કેવા વિચાર?

આવી રાજમના જેવી સમૃદ્ધિને તૃણવત્ છોડી દઇ અનગાર-વૃત્તિને ગ્રહણ કરવા તત્પર થયેલા એ સદ્‌ગુણી શેઠને સહસ્ત્ર વાર ધન્યવાદ ઘટે છે. રાજ્યલક્ષ્મીનો કીડો થઇ મોહમગ્ન રહેનારા એવા મારાથી એ શ્રેષ્ટી સોગણે દરજ્જે શ્રેષ્ટ છે. જૈનશાસન દેવતા મારી વૃત્તિને પણ તેવી રીતે પુણ્યના પવિત્ર માર્ગ તરફ પ્રેરો."

આ પ્રમાણે ચિંતવતો રાજા નરવર્મા ઉત્તમ ભાવનાનો ભાવક અને વૈરાગ્ય ધર્મનો પ્રભાવક બન્યો હતો. તેની મનોવૃત્તિ તાત્વિક વાસનાથી પરિપૂર્ણ થઇ ઉચ્ચ વિચારોમાં તલ્લીન થઇ ગઈ હતી. તેના શુદ્ધ હૃદયમાં ઉપરાઉપરી તાત્વિક વિચારો પ્રગટ થવા લાગ્યા હતા અને તેથી તે આત્મિક બળનો પોષક અને કર્મ પંકનો શોષક બન્યો હતો.

# પ્રકરણ ૧૭ મું.

## તિલોત્તમાની ચિંતા.

એક ગગનચુંબી સુંદર મેહેલમાં બેઠેલી તિલોત્તમા લલાટ ઉપર હાથ મુકી ચિંતા કરતી હતી. ક્ષણેક્ષણે નિશ્વાસ નાંખી પોતાના કોમળ ઓષ્ટપલ્લવને અતિશય ગ્લાની પમાડતી હતી. ચિતાસમાન ચિંતાથી તેણીનું કોમળ હૃદય દગ્ધ

થતું હતું. તે સચેતન છતાં જડના જેવી અને પરિવારિત છતાં શૂન્ય જેવી દેખાતી હતી.

આ વખતે તેની એક સખીસમાન દાસી આવી. પોતાની સ્વામિનીને આમ ચિંતાતુર જોઇ, તે સમદુઃખા દાસી પણ ચિંતાનો અનુભવ કરતી કરતી બોલી—"રાજકુમારી! શેની ચિંતા કરો છો? મહારાજા નરર્માએ યોગ્યપતિ શોધી આપી તમારી ચિંતા દૂર કરી છે. વિવાહિત થયા પછી પતિગૃહમાં જનારી કન્યાઓને પોતાના પિતૃગૃહનો વિયોગ થાય છે, અને પોતાના માતાપિતા અને કુટુંબથી દૂર રહેવું પડે છે, તેવો યોગ હજુ તમારે થયો નથી. તમારા પુત્રીવત્સલ પિતાએ એવો યોગ કર્યો છે કે, તમે વિવાહિત થયા છતાં હજુ પિતાની સમૃદ્ધિના પૂર્ણ ભોક્તા રહ્યા છો. બાલક્રીડાની ભૂમિનો લાભ તમે યૌવનવયમાં પણ મેળવો છો, તે છતાં તમારી મુખમુદ્રા ચિંતાની મલિન છાયાથી આવૃત કેમ થઇ છે? મૃદુહાસ્યના અંકુરરૂપ કિરણોથી પ્રકાશતો તમારો મુખચંદ્ર ચિંતાગ્રહરૂપ રાહુએ ગ્રસેલો જોઇ મારા મનમાં અતિશય ખેદ થાય છે.

સખીરૂપ દાસીનાં આવાં વચન સાંભળી તિલોત્તમા મંદસ્વરે બોલી—સખી! જે સુખને માટે તું મારા ભાગ્યને વર્ણવે છે, તેવું ભાગ્ય મારા દુર્દૈવથી સહન થતું ન હોય, તેમ દેખાય છે. પિતૃગૃહમાં રહી પતિગૃહના સુખને સંપાદન કરાવનારૂં મારૂં ભાગ્ય અસ્થિર છે, એવો મને આભાસ થાય

છે. " એવો આભાસ થવાનું શું કારણ બન્યું છે? તે સત્વર કહો " દાસીએ ઇંતેજારીથી પુછયું.

" સખી ! આજે મારા પતિ પ્રાતઃકાળે વેહેલા ઉઠીને જિનપૂજા કરવાને ગયા હતા. અત્યારે સાયંકાળ થવા આવ્યો તોપણ તેઓ પાછા આવ્યાજ નથી. તે સ્થળે તપાસ કરાવી, તથાપિ તેમનો પત્તો લાગ્યો નહિં. હવે તેઓ કયાં ગયાં હશે, એ વાર્તાની મારા મનને ભારે ચિંતા થઇ પડી છે. મારા સુખનો પ્રકાશ અસ્ત થવાને તૈયાર થયો છે. હું ઉપોષણ કરી પતિની રાહ જોઈને બેઠી છું. મારા પતિની શી સ્થિતિ થઇ હશે ? જિનપૂજાના પવિત્ર કાર્યમાં જોડાયેલા પતિને કાંઈપણ અંતરાય થવાનો સંભવ નથી. શુભકાર્યમાં તત્પર રહેનાર અને ધર્મનું પ્રવર્ત્તન કરનારા પ્રાણીનું કદિ પણ અશુભ થતું નથી. એવાં પ્રાણીઓ અંતરાયના મહાસાગરમાંથી પણ બચે છે, પ્રિય સખી ! આ શું બન્યું હશે ? તે કાંઇ બુદ્ધિગ્રાહ્ય થતું નથી. ઈષ્ટ વસ્તુની ઉપાસનામાં અનિષ્ટની શંકા કરવી એ અનુચિત છે, તથાપિ મારૂં શંકિત હૃદય એવી અનુચિત પ્રવૃત્તિ કર્યા વગર રહેતું નથી; તિલોત્તમાએ સખિન્નવદને જણાવ્યું.

દાસીએ કહ્યું, રાજકુમારી ! આ વિષે મહારાજાને ખબર આપો. તેઓ રાજ્યના સર્વ સાધનોથી તમારા પતિની શોધ કરાવશે જેથી તમારા હૃદયની ચિંતા દૂર થઇ જશે.

રાજકુમારી બોલી–સખી ! ક્ષણવાર પેહેલાં એ યોજના

પણ કરી છે. મહારાજાએ આ વૃત્તાંતને જાણી મોટા પ્રયત્નથી રાજકુમારની શોધ કરવા માંડી છે. તે કેટલીક રીતે સફળ થઇ છે, તે જાણવાને મેં પણ એક વિશ્વાસુ દાસીને મોકલી છે.

આ પ્રમાણે તિલોત્તમા અને દાસી વાતચીત કરતાં હતાં, તેવામાં પેલી દાસી દોડતી આવી. તેણીએ ઉંચે સ્વરે કહ્યું, “ બા સાહેબ ! મારા ગયા પહેલાં મહારાજાને ખબર પડી છે કે, ઉત્તમકુમાર જિનાલયમાં પૂજા કરવા ગયા છે, ત્યાંથી એકાએક અદૃશ્ય થઇ ગયા છે અને તેથી રાજકુમારી તિલોત્તમા ચિંતાતુર છે. આ ખબર સાંભળતાંજ તેમણે પોતાના મંત્રીઓને બોલાવી તેમની શોધ કરવા માણસ મોકલી દીધા છે. આ વાત નગરમાં ફેલાતાં લોકો પણ રાજ્યભક્તિને લઇ ઉત્તમકુમારની શોધ માટે મહાન્ પ્રયત્ન કરે છે. નગરનાં દરેક પ્રસિદ્ધ અને ગુપ્ત સ્થાનો જોયાં, પણ કોઇ સ્થળે ઉત્તમકુમારનો પત્તો લાગતો નથી. આથી મહારાજા, મહારાણી, મિત્રવર્ગ, તથા પ્રજાવર્ગ ભારે શોકમગ્ન થઇ ગયો છે. ”

દાસીનાં આ વચનોએ રાજકુમારી તિલોત્તમાની ચિંતામાં ભારે વધારો કર્યો. રાજબાળાના હૃદયમાં શોકાનળની મહાજ્વાળા પ્રગટ થઇ આવી. તેણી ક્ષણવાર મૂર્છિત થઇને ભૂમિપર પડી ગઈ. દાસીઓએ શીતોપચાર કરી તિલોત્તમાને માંડ માંડ શુદ્ધિમાં આણી.

# પ્રકરણ ૧૮ મું.

## વિષ પ્રયોગ.

એક સુંદર વાટિકા આવેલી છે. વિવિધ જાતનાં પુષ્પ વૃક્ષોથી તે ઘણી રમણીય છે. શીત, મંદ અને સુગંધી પવન તેની આસપાસ ફુંકે છે. તે વાટિકાના વિહારિ પુરૂષો એ મધુર અને સુખ સ્પર્શ પવનનો આનંદ લઇ હૃદયમાં અતિ આનંદ પામે છે. કોકિલ, મયૂર, મેના અને તિત્તિર પક્ષીઓ પોતાના કંઠમાધુર્યથી એ વાટિકાને સંગીતમય બનાવે છે. મધ્યમાં આવેલો દ્રાક્ષામંડપ અને વચ્ચે વચ્ચે ગોઠવેલાં જળ-યંત્રો વિહારિ જનને વિશ્રાંતિ આપી તલ્લીન કરી દે છે.

આ વાટિકામાં એક પ્રૌઢવયની સુંદરી કુસુમ વૃક્ષોની શ્રેણીમાં ફરે છે. તેના એક હાથમાં છાબડી છે અને બીજે હાથે તે વિવિધ જાતનાં રંગબેરંગી પુષ્પોને ચુંટતી ચાલતી જાય છે. પુષ્પોને ચુંટતી એ ચપળા પોતાના મધુર કંઠથી રસિક ગીત ગાતી જાય છે. કોઇ કોઇવાર પુષ્પના મકરંદ ઉપર લીન થયેલા ભમરાઓ ઉડી એ રમણીને આકુલવ્યાકુળ કરી દે છે. આ વખતે એક પ્રૌઢવયનો પુરૂષ ત્યાં થઇ પસાર થયો. તે સુંદરીને જોઇ તેની પાસે આવી ઉભો રહ્યો.

“ભાઇ, તમે કોણ છો? અને અહીં મારી પાસે કેમ આવ્યા છો?” તે સુંદરીએ શંકિતહૃદયે પુછયું.

"બ્હેન, હું એક મુસાફર છું, અને કોઈ કાર્ય નિમિત્તે ફરતો ફરતો અહિં આવી ચડયો છું." તે પ્રૌઢ પુરૂષે પોતાના હૃદયનો આશય દર્શાવી કહ્યું.

"તમારે એવું શું કાર્ય છે? કે જેને માટે તમે ખાસ ફરવા નીકળ્યા છો." તે સુંદરીએ તેના આશયની જિજ્ઞાસાથી પુછયું.

"મારૂં કાર્ય સાધારણ છે, તથાપિ તે હિંમતથી થઇ શકે તેવું છે. જો કોઈ એ કાર્ય સાધ્ય કરવાને તત્પર થાય તો હું તેમાં દ્રવ્યનો અતિ વ્યય કરવા તૈયાર છું." તેણે વિશ્વાસ લાવી જણાવ્યું.

"જે માણસ દ્રવ્યનો વ્યય કરવા તૈયાર થાય, તેનાં બધાં કાર્યો સાધ્ય થઈ શકે છે." તે સુંદરીએ પણ પોતાનો લુબ્ધ આશય જણાવ્યો.

તે રમણીનાં આવાં અનુકૂળ વચનો સાંભળી તે પુરૂષ હૃદયમાં ખુશી થયો અને 'હવે પોતાનું કાર્ય સિદ્ધ થશે' એવી દૃઢ આશા તેના હૃદયમાં બંધાણી આથી તેણે પોતાનો આશય ખુલ્લો કરવા કહ્યું, "બ્હેન! આ નગરમાં **ઉત્તમકુમાર** નામે એક મારો શત્રુ છે. તે જયાંસુધી જીવતો છે, ત્યાં સુધી મારા મનને શાંતિ થતી નથી. એ શત્રુના નામનું સ્મરણ કરતાં મારી ક્ષુધા, તૃષા અને નિદ્રા નષ્ટ થઈ જાય છે; તેથી કોઈ પણ ઉપાયથી તેને દૂર કરવાની મારી ઇચ્છા છે. મારી તે ઇચ્છા પૂર્ણ કરવાને હું મનોવાંછિત દ્રવ્ય આપવાને તત્પર થયો છું."

આ વચન સાંભળી તે રમણી બોલી—ભાઇ, એ ઉત્તમકુમારને હું સારી રીતે ઓળખું છું. તે પ્રતિદિન જિનપૂજા કરવાને જિનાલયમાં આવે છે અને પ્રભુની પૂજા માટે મારાંજ પુષ્પો ખરીદે છે.

રમણીનાં આવાં વચન સાંભળી તે પુરૂષે ઇંતેજારીથી કહ્યું, બ્હેન ! શું તમે માલણ છો ? ત્યારે તો મારૂં કાર્ય તમારાથીજ સિદ્ધ થશે. પ્રાચીન ઇતિહાસમાં પુષ્પધારિણી માલણોએ જે કાર્યો કર્યાં છે, તેવાં કાર્યો બીજા કોઇ પણ કરી શક્યા નથી. ભદ્રે, હવે મને ખાત્રી થાય છે કે, તમે મારૂં કાર્ય અવશ્ય સિદ્ધ કરશો. આ પ્રમાણે કહી તે પુરૂષે સોનામોહોરનો એક હાર બાહેર કાઢયો અને તે માલણના કોમળ કંઠમાં આરોપિત કર્યો.

લક્ષ્મી એ ચમત્કારી વસ્તુ છે. તેનાથી જેમ સારાં કાર્યો થાય છે, તેમ નઠારાં કાર્યો પણ તેનાથીજ થાય છે. માનવહૃદયને લોભાવનારી લક્ષ્મીજ છે. લક્ષ્મીથી આકર્ષાએલા લુબ્ધ મનુષ્યો સર્વ પ્રકારનાં અકાર્યો કરવા ઉભા થાય છે. લક્ષ્મી શું નથી કરતી ? એ ચપલાનો પ્રભાવ અવર્ણનીય છે. તે જેવી રીતે પ્રાણને પોષણ કરનારી છે, તેવી રીતે પ્રાણને હરનારી પણ છે. લક્ષ્મીની લ્હેરોમાં લુબ્ધ થયેલા મનુષ્યો પ્રાણાપહાર કરવાને તત્પર થાય છે.

સુવર્ણના હારથી લલચાએલી માલણ ઘણી ખુશી થઈ ગઈ. તે મનોરંજન હારથી તેણીનું હૃદય અત્યંત પ્રસન્ન થઈ

ગયું. તે મૃદુહાસ્ય કરતી બોલી–"શેઠજી! આપનું નામ શું ? અને આપનું કાર્ય ક્યારે સિદ્ધ કરવાનું છે ? એ કાર્ય કરવાને હું સર્વ રીતે સમર્થ છું."

માલણનાં આ વચનો સાંભળી હૃદયમાં ખુશી થએલા તે પુરૂષે કહ્યું, "ભદ્રે ! મારૂં નામ સમુદ્રદત્ત છે. રાજકુમાર ઉત્તમકુમાર મારો કટ્ટો શત્રુ છે. એક વખતે મેં તેને સમુદ્રમાં નાંખી દીધો હતો, તથાપિ તે મારૂં વૈર લેવાને પાછો જીવતો રહ્યો છે. હવે ગમે તેમ કરીને પણ એ વૈરીના પ્રાણ લેવાને હું તત્પર થયો છું. તેને માટે મેં અનેક ઉપાયો વિચાર્યા. પણ કોઈ ઉપાય મારા ધ્યાનમાં ઉતર્યો નહીં. છેવટે તારો મેળાપ થતાં હવે મને કાર્યસિદ્ધિની પૂર્ણ આશા રહે છે. બ્હેન ! કહે, તું કેવી રીતે મારા કાર્યની સિદ્ધિ કરીશ ? "

સમુદ્રદત્તનાં આ વચન સાંભળી તે માલણ ઉમંગ લાવીને બોલી--શેઠજી ! હું હમણાં જિનાલયમાં ઉત્તમકુમારને પુષ્પ આપવા જાઉં છું. એક સુગંધી મોટા પુષ્પમાં નલિકાની યોજના કરી તેની અંદર એક ઝેરી સૂક્ષ્મ નાગને મુકીશ અને પછી તે પુષ્પ ઉત્તમકુમારને આપીશ. ઉત્તમકુમાર જિનપૂજા માટે તે સુગંધી પુષ્પ ગ્રહણ કરશે, એટલે તે પુષ્પનલિકામાં રહેલો ઝેરી સર્પ તેને દંશ મારશે, જેથી તે પ્રાણરહિત થઈ જશે, એટલે તમે શત્રુના સંતાપથી દૂર થઈ જશો.

માલણનાં આ વચન સાંભળી સમુદ્રદત્ત ખુશી ખુશી થઈ ગયો. તે ઉમંગી થઇ બોલ્યો--બ્હેન ! તારી યુક્તિને સાબા-

શી ઘટે છે. આ કાર્ય સિદ્ધ થયા પછી હું તને બીજી અમૂલ્ય ભેટ આપી પ્રસન્ન કરીશ.

આટલું કહી સમુદ્રદત્ત તે સુંદર માલણનું વચન લઇ અને પોતે પ્રતિવચન આપી પુનઃ તેજ સ્થળે મળવાનો સંકેત કરી ચાલ્યો ગયો. પછી ચતુર માલણ દ્રવ્યના લોભમાં લુબ્ધ થઇ વિષ પ્રયોગની યોજના કરવા પ્રવૃત્ત થઈ હતી.

# પ્રકરણ ૧૯ મું.

## સ્વામી અને શેઠ.

" શેઠ મહેશ્વરદત્ત પોતાની પુત્રીને માટે યોગ્ય વર મળ્યો નથી, તે છતાં તેણીના વિવાહની તૈયારી કરે છે અને પોતે પુત્રીનો વિવાહ કર્યા પછી પોતાના જમાઈને પોતાની સર્વ ગૃહલક્ષ્મી અર્પણ કરી **પંચ મહાવ્રત લેવાને તૈયાર થયો** છે. " આ વાર્ત્તા સાંભળી હૃદયમાં આનંદાશ્ચર્ય થયેલા નરપતિ નરવર્માને શેઠમહેશ્વરદત્તને મળવાની પ્રબળ ઉત્કંઠા થઇ આવી અને તેથી તેણે પોતાના એક મંત્રીને તે શેઠને બોલાવવા મોકલ્યો, મંત્રીએ આવી મહેશ્વરદત્તને તે ખબર આપ્યા એટલે તે હૃદયમાં અતિ આનંદ પામ્યો હતો. તેના રોમેરોમમાં રાજ્યભક્તિ વિલસિત થઇ રહી હતી, તેથી પોતાના

નગરપતિ મહારાજાનાં દર્શન કરવા તે ઘણો ઉત્સુક થયો. અને પોતાને તથા તે દિવસને ધન્ય માનવા લાગ્યો.

રાજા નરવર્મા પોતાના પ્રિય જામાતા ઉત્તમકુમારના ગુમ થવાથી હૃદયમાં પરિતાપિત હતો. અને તેથી કરીને તેની મનોવૃત્તિમાં વૈરાગ્યની પ્રબળ ભાવના પ્રગટ થઈ આવી હતી. આ અસાર સંસાર તેને શૂન્યવત્ દેખાતો હતો. જગત્‌ના નશ્વર પદાર્થો તરફ તેને અપ્રીતિ ઉત્પન્ન થઇ હતી.

વિરક્ત થઇ સિંહાસનપર બેઠેલા મહારાજાને દ્વારપાળે આવી વિજ્ઞપ્તિ કરી—"સ્વામી! આપણા નગરના પ્રખ્યાત શેઠ મહેશ્વરદત્ત રાજદ્વારે આવી ઉભા છે અને તે આપનાં દર્શન કરવાની ઈચ્છા રાખે છે." દ્વારપાળનાં આ વચનો સાંભળતાંજ મહારાજા સંભ્રમથી બેઠા થયા અને તેને લેવાને રાજમેહેલના અંતર્દ્વાર પાસે આવી ઉભા રહ્યા. દ્વારપાળ શેઠને લઈ મહારાજાની પાસે આવ્યો. મહારાજા તેને સન્માન આપી બેઠક પાસે લઇ ગયા અને તેણે તેમને એક સુંદર યોગ્ય આસન ઉપર બેસાર્યો.

કુશળ વાર્તા પુછયા પછી મહેશ્વરદત્ત બોલ્યો—મહારાજા! આ પ્રજાજનને શી આજ્ઞા છે? આજનો દિવસ ધન્ય છે કે જે આપે મને બોલાવીને દર્શન આપ્યાં.

નરવર્મા પ્રસન્ન ચિત્તે બોલ્યો—શેઠજી! હું પણ આપના દર્શનથી કૃતાર્થ થયો છું. તમારા જેવા પવિત્ર ગૃહસ્થ મારી રાજધાનીમાં વસે છે, તે હું મારા પુણ્યનો યોગ સમજું છું.

ધર્મિ અને પ્રમાણિક પ્રજાજન ઉપર રાજ્ય કરનાર રાજા ખરે-ખર પુણ્યવાન્ ગણાય છે. હે પવિત્ર પુરૂષ ! મારા સાંભળવામાં આવ્યું છે કે, તમે પુત્રીનો વિવાહ કરી સર્વ ગૃહલક્ષ્મીનો ત્યાગ કરવાની ઇચ્છા રાખો છો. અને પશ્ચિમવયમાં પરલો-કનું સાધન કરવાનીજ પ્રવૃત્તિ કરવા ચાહો છો ?

મહેશ્વરદત્ત વિનયથી બોલ્યો—મહારાજા ! જો મારી સર્વ ધારણા પૂર્ણ થાય તો મારી એ ઇચ્છા ખરી. પણ તે કર્માધીન છે. અંતરાયથી પરિપૂર્ણ એવા આ સંસારમાંથી મુક્ત થવું, એ ઘણુંજ દુષ્કર કાર્ય છે. કર્મને આધીન એવો પ્રાણી ધારે છે શું ? અને બને છે શું ? કર્મના જટિલજાળ-માંથી પ્રસાર થવું એ ઘણુંજ ભયંકર છે.

મહારાજાએ હિંમત આપતાં કહ્યું, શેઠજી ! તમારી દ્રઢતા જોઈ ખાત્રી થાય છે કે, તમારી ધારણા સર્વ રીતે સફળ થશે. તમારી શુદ્ધ મનોવૃત્તિ તમારા મનોવાંછિત પૂરા કરશે. ભદ્ર ! તમારા આવા સુવિચાર સાંભળી મારા હૃદયમાં પણ એવી ભાવના પ્રગટ થઈ છે. જો તમે મને સહાય આપવાની ઇચ્છા રાખતા હો તો મારી પણ એ શુદ્ધ ભાવનાને પૂર્ણ રીતે પુષ્ટિ મળશે. આ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી પરલોક સાધન કરવામાં પ્રવૃત્તિ કરવાનો મેં દ્રઢ નિશ્ચય કર્યો છે. જ્યારથી તમારા સુવિચાર મારા સાંભળવામાં આવ્યા, ત્યારથી હું તે મહત્કાર્ય કરવા સત્વર તૈયાર થયો હતો, પણ દૈવયોગે હાલ એક મહા વિઘ્ન આવી પડ્યું, જે વિઘ્ને મારી ધારણામાં મોટો અંતરાય નાંખ્યો છે.

મહેશ્વરદત્તે ઇંતેજારીથી પુછયું, મહારાજા ! એવું શું વિઘ્ન આવી પડયું છે ?

નરવર્માએ સંક્ષેપમાં કહ્યું, મારી રાજકુમારી તિલોત્તમાનો સ્વામી એકાએક ગુમ થઈ ગયેલ છે. તે રાજદ્વારમાંથી જિનપૂજા કરવા ગયેલ, ત્યાંથી તે પાછો ફર્યોજ નથી, નગર અને આસપાસના પ્રદેશમાં ઘણી શોધ કરાવી, તથાપિ કયાંઇ પણ તેનો પત્તો લાગ્યો નથી. આ અકસ્માત્ થયેલા વિઘ્નથી મારૂં હૃદય ચિંતા અને સંતાપથી પરિતપ્ત થયેલું છે, એથી મારી પવિત્ર ધારણા સફળ થવામાં શંકા ઉત્પન્ન થાય છે. જો આ અકસ્માત્ વિપરીત બનાવ ન બન્યો હોત તો આજે હું આ અસાર સંસારમાંથી મુક્ત થઈ મુનિમાર્ગનો પથિક બની ગયો હોત. આ વિશાળ રાજ્યલક્ષ્મી જામાતાને અર્પણ કરી તમારા સુવિચારને અનુસરી મારા આત્માનો ઉદ્ધાર કરવાને હું તત્પર થયો હોત. પણ કર્મયોગે આવી પડેલા અંતરાયે મને નિવૃત્તિમાર્ગમાં જતાં અટકાવ્યો અને પ્રવૃત્તિમાર્ગના દઢ બંધનમાં બાંધી રાખ્યો.

મહેશ્વરદત્તે ખિન્નવદને કહ્યું, મહારાજા ! આપના મુખથી આ અંતરાયની વાત સાંભળી મને ઘણુંજ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. આપના યોગ્ય વયના જામાતાનું અચાનક હરણ થાય, એ વાત દરેક શ્રોતાને આશ્ચર્ય કરનારી છે. તેમ વળી જિનપૂજા જેવા પવિત્ર કાર્યને માટે ગયેલા પુરૂષને અકસ્માત્ અંતરાય આવી પડે એ પણ અસંભવિત છે. 'શાસનદેવ તમારા અંતરાયને દૂર કરી તમને શુભ માર્ગ દર્શાવો.'

મહેશ્વરદત્તની આવી હિંમત ભરેલી વાણી સાંભળી રાજા નરવર્મા જરા આશ્વાસન પામી બોલ્યા—શેઠજી ! તમારી પુત્રીનાં લગ્ન ક્યારે થવાનાં છે ? અને તેણીને માટે યોગ્ય વર કોણ છે ?

મહેશ્વરદત્તે જરા ગ્લાનિ પામી કહ્યું, મહારાજા ! હજુ કોઈ યોગ્ય પતિ મારી પુત્રીને માટે નિશ્ચિત થયો નથી. માત્ર કોઇ વિદ્વાન્ જોષીના કહેવાથી મેં તેણીના લગ્નનો સમારંભ કરેલો છે. હવે શું બનશે ? તે જ્ઞાની જાણે. તે વિદ્વાન્ જોષીએ પોતાના જ્ઞાન બળથી ખુલ્લે ખુલ્લું કહ્યું છે કે, " એક માસે તમારી પુત્રીને યોગ્ય વર મળશે, તેથી નિઃશંક થઇને તમારે વિવાહની સામગ્રી તૈયાર કરવી." તે જોષીના એ વચનના વિશ્વાસ ઉપર મેં વિવાહની સર્વ સામગ્રી તૈયાર કરી છે. હવે જે બને તે ખરૂં.

મહેશ્વરદત્તનાં આવાં વચન સાંભળી મહારાજા નરવર્માએ તેને ધીરજ આપતાં કહ્યું, " શેઠજી ! કોઇ જાતની ચિંતા રાખશો નહિં. કર્મની અનુકૂળતા હશે તો તમારી સર્વ ધારણા પાર પડશે. ધર્મ તથા સુકૃતના વિચારો ઘણે ભાગે સફળજ થાય છે. આપણુ બંને સાથે આ સંસારના માર્ગમાંથી મુક્ત થઈ પરલોકના પવિત્ર માર્ગના અનુગામી થઇએ. જૈનશાસનપતિ તમારી ચિંતાને દૂર કરો."

રાજા નરવર્માના આ વચનોથી શેઠ મહેશ્વરદત્ત હૃદયમાં અત્યંત પ્રસન્ન થઇ ગયો અને તેની ભવિષ્યની વિવાહની ચિંતા જરા શાંત થઇ ગઈ.

તે પછી સ્વામી અને શેઠ બંને હૃદયની ઉત્તમ ભાવનાની વાતો કરી અને પોતપોતાના કર્ત્તવ્યનો નિશ્ચય કરી જુદા પડ્યા.

# પ્રકરણ ૨૦ મું.

## પક્ષીની પંડિતાઇ.

મહારાજા નરવર્મા પોતાના રાજમહેલમાં બેઠો હતો. તેની સામે રાજ્યના અધિકારીઓ આવી પોતપોતાના અધિકારનું વૃત્તાંત નિવેદન કરતા હતા. અને નવી નવી આજ્ઞા મેળવવાની પ્રાર્થના કરતા હતા. નીતિનિપૂણ મહારાજા ન્યાય પૂર્વક વિચાર કરી તે અધિકારીઓને નવી નવી આજ્ઞા આપતો હતા અને પોતાની રાજભક્ત પ્રજાને સર્વ પ્રકારે ન્યાય આપવાની ભલામણ કરતો હતો. રાજા નરવર્મા પોતાના જમાઈ ઉત્તમકુમારના ગુમ થવાથી ચિંતાતુર હતો, તથાપિ તે રાજ્ય કાર્યમાં નિશ્ચિંતપણે ભાગ લેતો હતો. પ્રજાની કાંઈ પણ ફરીયાદ સાંભળવામાં આવે તો તે બીજી બધી વાત એક તરફ રાખતો અને તેમાં પૂર્ણ ધ્યાન આપતો હતો.

આ વખતે રાજમેહેલના એક ગોખમાંથી રાજાની દૃષ્ટિ ચૌટામાં પડી. ચૌટાની અંદર એકઠું થએલું લોકોનું મોટું ટોળું તેના જોવામાં આવ્યું, તે જોતાંજ તેના હૃદયમાં તે જાણવાનું કૌતુક ઉત્પન્ન થયું. તરતજ તેણે સેવકને આજ્ઞા કરી કે,

" આ ચૌટામાં લોકો શામાટે એકઠા થયા છે? તેની તપાસ કરી આવ." મહારાજાની આજ્ઞા થતાંજ તે સેવક મેહેલ ઉપરથી ઉતરીને દોડતો દોડતો ત્યાં ગયો. ત્યાં જતાંજ " અહા! પક્ષીની પંડિતાઇ કેવી અદ્ભુત છે ? " આ વાક્ય દરેક પ્રેક્ષકના મુખમાંથી નીકળતું હતું. તે સાંભળી તે રાજપુરૂષ મનમાં ચિંતવતો કે, " પક્ષીની પંડિતાઇ " એ શું હશે ? આથી તેને વિશેષ કૌતુક થયું અને લોકોના ટોળા પાસે આવી પહોંચ્યો, ત્યાં જઇ તેણે એક પ્રૌઢ પુરૂષને પુછયું, એટલે તેણે તે બનાવનો બધો વૃત્તાંત જણાવ્યો. તે જાણી લઇ રાજસેવક મહારાજા નરવર્માની પાસે આવ્યો અને તેણે નીચે પ્રમાણે કહ્યું.

મહારાજા ! આપણા પ્રખ્યાત શેઠ મહેશ્વરદત્ત તરફથી શેહેરમાં જાહેર ઘોષણા થાય છે કે " **જે કોઇ રાજકુમારી તિલોત્તમાના પતિને શોધી લાવે અથવા તેના ખબર આપે તેને સહસ્રકળા કન્યા આપવામાં આવશે.**" તે સાથે આપના તરફથી એક બીજી જાહેર ઘોષણા થાય છે કે, "જે પુરૂષ રાજકુમારી તિલોત્તમાના પતિને શોધી લાવે અથવા ખબર લાવે તેને મહારાજા નરવર્મા પોતાનું રાજ્ય આપશે."

આ બંને જાહેર ઘોષણા થતી હતી. જ્યારે ઘોષણાનો પટહ વાગતો વાગતો આપણા મેહેલની પાસે ચૌટામાં આવ્યો, એટલે એક શુકપક્ષીએ આવી તે બંને પટહને સ્પર્શ કર્યો. તે જોઇ તે પટહ વગાડનારા લોકો આશ્ચર્ય પામી ઉભા રહ્યા, એટલે તે પક્ષીએ મનુષ્ય વાણીથી કહ્યું,—" હે રાજપુરૂષો !

મને તમારા રાજાની પાસે લઇ જાઓ. હું રાજાના જમાઈનો વૃત્તાંત કહી આપીશ." પોપટની આવી શુદ્ધ વાણી સાંભળી આપણા માણસો અને બીજા ચૌટાના લોકો સાનંદાશ્ચર્ય થઇ ગયા. કર્ણપરંપરાએ એ વાર્તા ચૌટામાં પ્રસરવાથી લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું છે, અને લોકો તે સાંભળી પોપટની પંડિતાઈનાં વખાણ કરે છે.

સેવકના મુખથી આ ખબર સાંભળતાંજ રાજા નરવર્મા અતિ સાનંદાશ્ચર્ય થઇ ગયો. તેની આશાલતા એકદમ નવપલ્લવિત થઇ ગઈ. મહારાજાએ તરત આજ્ઞા કરી કે, 'એ પક્ષીને અહિં સત્વર લઈ આવો.' અવનિપતિની આજ્ઞા થતાં રાજસેવકો દોડતા ચાલ્યા અને તે પટહના વાદક નરની સાથે શુકપક્ષીને દરબારમાં બોલાવી લાવ્યા.

શુકપક્ષી રાજાની પાસે આવ્યો, તેણે વિનયથી મસ્તક નમાવી રાજાને પ્રણામ કર્યો. રાજાએ પણ વિનયથી હાથ ઉંચો કરી તેના પ્રણામને અંગીકાર કર્યો.

રાજા—પક્ષિરાજ! તમે પક્ષીરૂપે કોણ છો? અને મારા જામાતા ઉત્તમકુમારની શી ખબર આપો છો?

પક્ષી—મહારાજા! જો તમારી પ્રતિજ્ઞા પ્રમાણે વર્ત્તવાને તમે કબુલ થાઓ તો હું તમને તમારા જામાતાનો બધો વૃત્તાંત કહી સંભળાવું.

રાજા—જો તમે રાજકુમારના ખરા ખબર આપશો તો હું મારી પ્રતિજ્ઞા પ્રમાણે વર્ત્તીશ. ઉત્તમ પુરૂષો કદિપણ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી.

પક્ષી—રાજા! તમે બરાબર તમરી પ્રતિજ્ઞા પ્રમાણે વર્ત્તજો. હું ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનને જાણનારો છું. જો મારો વૃત્તાંત સત્ય લાગે, તો તમારે મને તમારૂં રાજ્ય અને મહેશ્વરદત્તની કન્યા સહસ્રકળા આપવી પડશે. જો સહસ્રકળા આપવાની વાત તમારે સ્વાધીન ન હોય તો તેના પિતા મહેશ્વરદત્તને પણ અહિં બોલાવો.

આ વખતે પક્ષીના કહેવા ઉપરથી રાજાએ સેવકને મોકલી શેઠ મહેશ્વરદત્તને ત્યાં બોલાવ્યો, અને તેની સાથે બીજા પણ નગરના પ્રતિષ્ટિત ગૃહસ્થોને ત્યાં બોલાવ્યા હતા. રાજાના કહેવાથી મહેશ્વરદત્તે પોતાની કન્યા સહુસ્રકળા આપવાને વચન આપ્યું. તે વખતે રાજાએ તે સુજ્ઞ શેઠનો હૃદયથી આભાર માન્યો.

પછી સર્વ સમાજ વચ્ચે તે ચતુર પક્ષી મનુષ્ય વાણીથી બોલ્યો:—

હે રાજા! તમારા જમાઈ ઉત્તમકુમારનો પ્રથમ પૂર્વ વૃત્તાંત કહું છું, તે સાંભળો!—

"એ ઉત્તમકુમાર વારાણસીનગરીનો રાજકુમાર છે. તેના પિતાનું નામ મકરધ્વજ રાજા છે. તે પોતાના પિતાથી રીસાઇને બાહેર નીકળ્યો છે. પોતાની જન્મભૂમિ વારાણસીનગરીમાંથી નીકળી તે ભૃગુકચ્છ નગરમાં આવ્યો હતો. ત્યાંથી વાહાણમાં બેસી ભરસમુદ્રે ચાલ્યો, ત્યાં રસ્તામાં એક બેટ આવ્યો તે વખતે તૃષાતુર થયેલા વાહાણના લોકોનો ઉપકાર કરવા દ્વીપગિરિપર આવેલા એક કુવામાં ઉતર્યો. કુવાની અંદર એક બારી

જોવામાં આવી, તેની અંદર પેસતાં દેવભુવનના જેવું એક મંદિર જોવામાં આવ્યું. તે મંદિરની અંદર લંકાના પતિ રાક્ષસની સુંદર પુત્રી મદાલસાને મળ્યો. મદાલસાએ પ્રેમથી તેની સાથે ગાંધર્વ લગ્ન કર્યાં. પોતાના રાક્ષસ પિતાએ પૂરેલી એ મદાલસા એક વૃદ્ધાદાસીને સાથે લઇ તે કુમારની સાથે ચાલી નીકળી. બાહેર આવતાં પેલું વાહાણ જોવામાં ન આવ્યું. પછી ત્યાં આવેલા સમુદ્રદત્ત નામના એક વેપારીના વાહાણ ઉપર તે પ્રિયા સાથે આરૂઢ થયો. પેલી રાક્ષસપુત્રી મદાલસાની પાસે પાંચ દિવ્ય રત્નો હતાં. તેનાથી તેણે સમુદ્રદત્તના વાહાણના લોકોને થયેલી તૃષા શાંત કરી દીધી. અને તે રત્નના પ્રભાવથી અન્ન, પાનથી પણ તેણે સર્વને સુખી કર્યા. સુંદર સ્વરૂપવતી મદાલસા અને તે પ્રભાવિક પાંચરત્નો દેખી તે વાહાણપતિ સમુદ્રદત્તના હૃદયમાં વિકાર ઉત્પન્ન થઇ આવ્યો. તે કુમારનો ઘાત કરવાની તેનામાં કુબુદ્ધિ ઉત્પન્ન થઇ. આ કુબુદ્ધિથી કુમતિ સમુદ્રદત્તે તે કુમારને રાત્રે સમુદ્રમાં ફેંકી દીધો. ત્યાં રહેલો કોઇ મોટો મઘર કુમારને ગળી ગયો. તે મગરને કોઈ માછીએ પકડયો. તેનું શરીર ચીરતાં તેમાંથી દૈવયોગે રાજકુમાર જીવતો નીકળ્યો, માછીએ તેને ઉત્તમપુરૂષ ધારી પોતાને ઘેર રાખ્યો. એક દિવસે તે કુમાર શેહેર જોવાને માટે ફરવા નીકળ્યો, ત્યાં રાજપુત્રીના નવીન મેહેલમાં ચાતુર્ય બતાવી પ્રખ્યાત થયો. તે પછી રાજકુમારી તિલોત્તમાને સર્પદંશ થતાં તેણે પોતાના મંત્રપ્રયોગથી સજીવન કરી અને તેને પરણ્યો. ત્યાં રાજ્યસુ-

ખને ભોગવતો તે કુમાર એક દિવસે જિનપૂજા કરવાને જિનાલયમાં ગયો. વિધિથી જિનપૂજા કરતાં એક સુંદર પુષ્પ હાથમાં આવ્યું, તેની અંદર મીણથી બંધ કરેલી એક નલિકા ઉઘાડી, ત્યાં તેની અંદર રહેલા તંબોળી સર્પે તેને દંશ માર્યો. સર્પના વિષથી તે પૃથ્વી ઉપર અચેતન થઇને પડયો."

આટલી વાર્તા કહી પક્ષીએ કહ્યું, હે મહારાજા! તમારા અંત:પુરમાં જે મદાલસા નામે તમારી પુત્રીની સખી છે, તે રાક્ષસપુત્રી છે અને તે ઉત્તમકુમારની પ્રથમની સ્ત્રી અને તમારી પુત્રીની સપત્ની છે, હે રાજા ! આ પ્રમાણે મદાલસાને લગતો તે રાજકુમારનો વૃત્તાંત મેં તમને કહી સંભળાવ્યો, હવે તમારી પ્રતિજ્ઞા પ્રમાણે મને શેઠની સુતા સહસ્ત્રકળા અને તમારૂં રાજ્ય આપો.

પક્ષીનાં આ વચનો સાંભળી રાજા નરવર્મા આશ્ચર્ય પામી બોલ્યો--હે પક્ષી ! આટલી વાત કહેવાથી, કાંઈ રાજકુમારની પૂર્ણ શોધ આવી નહીં. જિનાલયમાં અચેત થઈ પડેલા એ રાજકુમારનું પછી શું થયું ? તે કહેવું જોઇએ.

પક્ષીએ પંડિતથી કહ્યું, મહારાજ ! એ તો ઠીક છે, પણ મેં જેટલી ખબર આપી છે તે સત્ય છે, માટે તમારે મને સહસ્ત્રકળા કન્યા સાથે રાજ્ય આપવું જોઇએ. હું સહસ્ત્રકળા કન્યાને પરણી સારી રીતે રાજ્ય ચલાવીશ. મહારાજા! મારા મનોરથ પૂરા કરો, હું તમને અંતરની આશીષ આપીશ.

રાજાએ આક્ષેપ કરી કહ્યું, પક્ષી ! જો કે, મારે મારી

પ્રતિજ્ઞા પાળવી જોઇએ, પરંતુ પક્ષીથી રાજ્ય શી રીતે ચાલશે ? તેમજ તારી સાથે વિવાહિત થયેલી માનવસ્ત્રી શી રીતે સુખ પામશે ?

પક્ષીએ આક્ષેપકરી સામો જવાબ આપ્યો—રાજા ! તમારે હવે એવી શંકા કરવાનું કાંઈ કારણ નથી. જો તમારે તમારૂં પ્રતિજ્ઞાવચન પાળવું હોય તો મને રાજ્ય તથા કન્યા આપો. હું ગમે તે રીતે તે કાર્ય સાધીશ. તેમ છતાં જો તમારે તમારી પ્રતિજ્ઞા ભંગ કરવી હોય તો, મારા મનમાં કાંઇ નથી. હું વનમાં મારી ફળફુલની આજીવિકા કરી સ્વતંત્રતાથી વિચરીશ. 'તમારૂં કલ્યાણ થાઓ.' હે રાજા ! હૃદયથી વિચાર કરો, "તમે પૃથ્વીપતિ થઇ પોતાની પ્રતિજ્ઞા પાળતા નથી, એ અનીતિ કહેવાય છે. વળી મેં તમને આટલો વૃત્તાંત કહ્યો છે, તમે મારો વૃત્તાંત સાંભળી મને નિરાશ કરો છો, એ 'કામ સર્યા પછી વૈદ્ય વેરી' ના જેવો ન્યાય થાય છે."

આટલું કહી તે પક્ષીએ ઉડવા માડયું, એટલે રાજાએ તેને હાથથી પકડીને કહ્યું, "પક્ષિરાજ ! ધીરા થાઓ" હું મારી પ્રતિજ્ઞાનો ભંગ નહીં કરૂં. પ્રિયપક્ષી ! તમને વિનંતિ કરી કહું છું કે, તે રાજકુમાર જીવે છે કે નહીં ? મને તેની ખરી ખબર આપો.

પક્ષીએ ધીરેથી કહ્યું, મહારાજા ! મેં તમને આટલો વૃત્તાંત કહ્યો, તે છતાં તમે મને તમારી પ્રતિજ્ઞા સફળ કરવાનું કહ્યું નહીં, તેથી હવે મને આગળનું વૃત્તાંત કહેતાં ઉમંગ આવતો નથી. પક્ષીનાં આ વચન સાંભળી એક તરફ બેઠેલા

અંતઃપુરના વર્ગમાંથી મદાલસા બાહેર આવી અને તેણીએ પક્ષીના ચરણમાં પડીને કહ્યું, વ્હાલા પંખી! હું તને પ્રાર્થના કરૂં છું કે, તે અમારા જીવનરૂપ કુમારની ખરી ખબર તું આપ.

મદાલસાની પ્રાર્થનાથી તે પક્ષીના હૃદયમાં દયા આવી અને તે બોલ્યો—સાંભળો જ્યારે તે રાજકુમાર અચેતન થઈ જિનાલયમાં પડયો હતો, તે વખતે જાણે સાક્ષાત્ અનંગની સેના હોય તેવી **અનંગસેના** નામે એક વેશ્યા જિનાલયમાં દર્શન કરવાને આવી. તે ગુણિકા મંત્રતંત્રમાં પ્રવીણ હતી. તેણીએ કુમારને જિનાલયમાં અચેતન થઇ પડેલો જોયો. કુમારનું સુંદર રૂપ જોઈ તે સુંદરી તેની પર મોહિત થઈ ગઈ. તેણીની પાસે **વિષાપહારી** એક મણિ હતો. તે સુંદરી તે કુમારને ઉપાડીને પોતાના વાસસ્થાનમાં લઇ ગઈ. વિષાપહારી મણિને જળમાં ધોઈ, તે જળવડે તેણીએ કુમારના શરીર ઉપર સિંચન કર્યું. જળનું સિંચન થતાંજ રાજકુમાર નિર્વિષ થઈ બેઠો થયો. તેણે પ્રસન્ન થઈને વેશ્યાને કહ્યું, સુંદરી ! તમે મને સજીવન કર્યો છે, તેથી હું તમારી ઉપર સંતુષ્ટ થયો છું, તમારી ઈચ્છા આવે તે માગી લ્યો. વેશ્યાએ પોતાની અભિલાષા પૂર્ણ કરવા કહ્યું, હે પ્રિય કુમાર! જો તમે મારીપર સંતુષ્ટ થયા હો તો તમે મારી સાથે પ્રેમ બાંધો. તમારા પ્રેમરસમાં મગ્ન થવાની મારી ઇચ્છા છે. વચનથી બંધાયેલા કુમારે તે વાત કબુલ કરી. પછી તેણે પોતાનો પ્રેમ વેશ્યાની સાથે જોડયો, અને વેશ્યાના શ્રૃંગારરસમાં મગ્ન થઇ તે વેશ્યાના

આવાસમાં રહ્યો. હે મહારાજા ! તે પવિત્ર રાજકુમાર પોતાનું વચન પાળવાને વેશ્યાને ત્યાં રહ્યો હતો. આ ઉપરથી તમારે જાણવું જોઈએ કે, મોટા પુરૂષો પોતાનું વચન પાળવાને કેવા આતુર હોય છે ? તમારે આ વાત લક્ષમાં રાખવાની છે. તમે જે વચન મને આપ્યું છે, તે તમારે અવશ્ય પાલવું જોઈએ, મહારાજા! મેં આપને આટલો બધો વૃત્તાંત કહ્યો છે, હવે મને સહસ્રકળાસહિત રાજ્ય આપો. જો આપની તેમ કરવાની ઈચ્છા ન હોય તો મને રજા આપો. હું મારા વાસસ્થાનમાં જઈ સ્વેચ્છાએ આનંદ કરૂં.

પક્ષીનાં આ વચન સાંભળી રાજાએ કહ્યું, "પક્ષીરાજ ! તમારો વૃત્તાંત કેટલો સત્ય છે ? તે અમારે જાણવું જોઈએ, માટે ક્ષણવાર વિશ્રાંત થાઓ. હું મારા વિશ્વાસુ સેવકોને તે અનંગસેનાને ઘેર મોકલું અને ત્યાં ઉત્તમકુમાર છે કે નહીં ? તેની તપાસ કરાવું. તમારો વૃત્તાંત જો સત્ય હશે, તો હમણાંજ દેખાઇ આવશે." આ પ્રમાણે કહી રાજાએ પોતાના વિશ્વાસુ સેવકોને અનંગસેના વેશ્યાને ઘેર મોકલ્યા. ત્યાંસુધી પક્ષીરાજ શાંત થઈ બેઠો રહ્યો.

ક્ષણવાર થઈ એટલે રાજાના સેવકો અનંગસેનાને ઘેર જઇ પાછા આવ્યા. તેમણે મહારાજાને નમ્રતાથી જણાવ્યું. "મહારાજા ! અનંગસેના વેશ્યાને ઘેર કુમાર નથી. અમે તેના ઘરના દરેક ગુપ્ત તથા પ્રકાશિત સ્થાન જોયાં, તથાપિ કોઇ ઠેકાણે ઉત્તમકુમાર જોવામાં આવ્યા નહીં."

સેવકોનાં આ વચન સાંભળી રાજા નિરાશ થઇ ગયો.

અને તેણે આક્ષેપથી પક્ષીને કહ્યું, "શુકરાજ આ શું બન્યું? તમારા વૃત્તાંત ઉપરથી અમારો વિશ્વાસ ઉઠી જાય છે, આવા અસત્ય વૃત્તાંત ઉપરથી તમને આપવાને અંગીકાર કરેલી વસ્તુઓ શી રીતે આપી શકાય? જો કે આ વૃત્તાંત ઉપરથી તમારી સત્યતા દેખાઈ આવી છે, તથાપિ હજુ તમારા વચન ઉપરથી અમારો વિશ્વાસ તદ્દન ઉઠી જતો નથી. તમે કહેલું મદાલસાનું વૃત્તાંત અમારા હૃદય ઉપર જે વિશ્વાસ સ્થાપિત કરી ગયું છે, તે વિશ્વાસની છાપ હજુ અમારા હૃદયથી અંતર્હિત થતી નથી. હે પક્ષીમિત્ર! હવે કૃપા કરી આ વિષે સત્ય શું છે? તે પ્રકાશિત કરો."

રાજાની પૂર્ણ ઉત્કંઠા અને પોતાની તરફ શ્રદ્ધા જોઇ તે પક્ષી બોલ્યો—મહારાજા! તમારા સેવકો અનંગસેનાને ઘેર તપાસ કરી પાછા આવ્યા. પણ તે અનંગસેનાએ શું કર્યું હતું, તે સાંભળો. તે ચતુરાએ પ્રથમથીજ વિચાર કર્યો હતો કે, "આ રાજકુમાર મહારાજા નરવર્માનો જામાતા છે, તેથી આને ગુપ્ત રાખવો જોઇએ." આવું ચિંતવી તે પ્રવીણ વેશ્યાએ એક સૂત્રનો દોરો મંત્રીને તેના પગમાં બાંધ્યો એટલે તે પુરૂષ શુકપક્ષી થઈ ગયો છે. તે વિષયી વેશ્યા હમેશાં રાત્રે તે દોરો છોડી તેને પુરૂષ બનાવે છે અને તેની સાથે વિષયભોગ ભોગવી પાછો પ્રાત:કાળે તે દોરો બાંધી તેને શુકપક્ષી બનાવી પાંજરામાં રાખે છે. જ્યારે દિવસે તે વેશ્યા એ કુમારને પક્ષી બનાવી પાંજરામાં પૂરે છે તે વખતે તે કુમાર ખેદસહિત નીચેની કવિતા બોલે છે:—

" मनुष्य थकी तिर्यंच थयो, में शां कीधां पाप;
आभव तो नवि सांभरे, शे पाम्या संताप. १
हा हा जाण्युं में हवे, पिता अ दिधी नार;
परणी कुमरी मदालसा, पांच रत्न ग्रह्या सार. २
ए बे पाप किया इंहा, तेथी डश्यो भुजंग;
वळि आव्यो वेश्या घरे नरथी थयो विहंग. ३

આ પ્રમાણે તે કુમાર વેસ્યાના ઘરમાં એક માસ સુધી રહ્યો. એક વખતે અનંગસેના પ્રમાદથી તે પાંજરૂં ઉઘાડું રાખી કાર્ય પ્રસંગે બાહેર ગઈ, તિર્યંચની પરાધીન અવસ્થા ભોગવતો તે કુમાર તે લાગ જોઈ પાંજરામાંથી ઉડી ગયો. હે રાજા ! હવે હું જે વાત કહીશ તે તમને હર્ષદાયક થઈ પડશે. પણ તમારે તમારા વચનને પાળવું જોઈશે.

આજે તમારી આજ્ઞાથી નગરમાં જાહેર ઘોષણાનો પટહ વાગતો હતો. તેને સાંભળી તે પક્ષીએ તે પટહનો સ્પર્શ કર્યો. પક્ષીનું આ ચરિત્ર જોઈ લોકોનું મોટું ટોળું એકઠું થઇ ગયું. તે પછી તમારી આજ્ઞાથી તે પક્ષીને અહિં લાવવામાં આવ્યો છે. રાજેંદ્ર ! તે પક્ષી હું પોતેજ છું. મારા પગમાં બાંધેલો આ દોરો છોડી દો, એટલે હું કુમારરૂપે પ્રગટ થઇશ.

પક્ષીની આ વાણી સાંભળી રાજા અને બધી સભા સાનંદાશ્ચર્ય થઈ ગઇ. રાજા નરવર્માનું હૃદય હર્ષથી ઉભરી ગયું. પોતે જાતે ઉઠીને પક્ષીના ચરણમાં બાંધેલો દોરો છોડી

નાંખ્યો. તરતજ પક્ષી ઉત્તમકુમાર થઇ ઉભો રહ્યો. તેણે વિનયથી પ્રથમ મહારાજાને અને પછી સભાના સર્વ સભ્યોને પ્રણામ કર્યા. રાજા વગેરે સર્વ સંભ્રમથી તે કુમારને ભેટી પડ્યા. અને સર્વત્ર આનંદમંગળ વર્ત્તાઇ રહ્યો. તિલોત્તમા અને મદાલસાના હૃદયાનંદનો તો પારજ રહ્યો નહીં. આ વાર્ત્તા નગરમાં પ્રસરી રહી. અને લોકો અજાયબ થઇ તે ઉપર નવાનવા તર્કો કરવા લાગ્યા. કોઈ અનંગસેનાની શક્તિને વખાણવા લાગ્યા, કોઇ ઉત્તમકુમારની આસ્તાને વખાણવા લાગ્યા, કોઈ કર્મની અનુકૂળતાને પ્રશંસવા લાગ્યા, કોઈધર્મની મહત્તાને માન આપવા લાગ્યા, કોઇ કર્મની વિચિત્રતાનું વર્ણન કરવા લાગ્યા અને કોઈ પક્ષીની પંડિતાઇને ધન્યવાદ આપવા લાગ્યા.

જાણે મૃત્યુ પામી પાછો આવ્યો હોય, તેમ ઉત્તમકુમારના સ્નેહીઓ અને મિત્રો તેને મળવા આવવા લાગ્યા અને તેના દર્શનથી પોતાને અહોભાગ્ય માનવા લાગ્યા.

રાજકુમાર પ્રગટ થવાથી રાજા નરવર્માએ સર્વ જિનાલયોમાં મહોત્સવ કરવાની અને વૃહસ્નાત્ર તથા મહાપૂજાઓ ભણાવાની આજ્ઞા કરી. પાઠશાળાઓમાં ભણતા બાળકો તથા બાળિકિઓને મીઠાઇ વેહેંચવામાં આવી અને વિદ્વાનો, કવિઓ અને ગુણીજનોને ઇનામો તથા અગણિત યાચકોને દાન આપવામાં આવ્યાં. મોટપલ્લી નગરમાં ઘેરઘેર આનંદોત્સવ થઇ રહ્યો.

# પ્રકરણ ૨૧ મું.

---

## અભયદાન.

ઉત્તમકુમાર પ્રગટ થયા પછી હૃદયમાં આનંદ ધરી રહેતો મહારાજા નરવર્મા એક વખતે પ્રજાને ન્યાય આપવાને ન્યાયાસન ઉપર બેઠો હતો. તેની પાસે વિચક્ષણ ન્યાયાધીશો પોતપોતાની યોગ્યતા પ્રમાણે બેઠા હતા. નીતિમંદિરમાં રહેલા મહારાજાના શિર ઉપર નીતિદેવી છત્ર ધરી અદૃશ્ય રહ્યાં હતાં. રંકથી તે પોતાના રાજકુટુંબ સુધી સમાન દૃષ્ટિયે રહેલા મહારાજાની આગળ ખરી પ્રમાણિકતાથી ન્યાયકાર્ય થતું હતું.

આ વખતે એક સેવકે આવી મહારાજાને નમન કરી ખબર આપ્યા. " ન્યાયમૂર્ત્તિ નરેંદ્ર ! આપની આજ્ઞા પ્રમાણે પેલી માલણ હાજર થઇ છે. જે ઇચ્છા હોય તે આજ્ઞા કરો." સેવકનાં આ વચન સાંભળી મહારાજાએ તેને ન્યાયમંદિરમાં લાવવાની આજ્ઞા કરી. એટલે સેવકે તરતજ તે અપરાધી માલણને મહારાજાની પાસે હાજર કરી, માલણને જોતાંજ મહારાજા ક્રોધ કરી બોલ્યા:—

રાજા—બાઇ તું કોણ છે ?

માલણ—મહારાજ ! હું આપના બગીચાની માલણ છું

રાજા—તારૂં નામ શું ?

માલણ—મારૂં નામ ચપળા છે.

રાજા—તું બગીચામાં શું કામ કરે છે ?

માલણ—હું હમેશાં પુષ્પ વીણવાને જાઉં છું.

રાજા—તે પુષ્પોને વીણી પછી તેને શું કરે છે ?

માલણ—તે પુષ્પો જુદે જુદે ઠેકાણે આપવા જાઉં છું.

રાજા—ક્યાં ક્યાં આપવા જાય છે ?

માલણ—આપના દરબારમાં, જિનચૈત્યમાં, અને મંત્રી-ને ઘેર.

રાજા—તે પુષ્પ આપવાથી તને શો લાભ થાય છે ?

માલણ—મને રાજ્ય તરફથી વાર્ષિક આજીવિકા મળે છે.

રાજા—જિનચૈત્યોમાંથી કે મંત્રીને ઘેરથી તને કાંઇ મળે છે ?

માલણ—હા, કોઈવાર પર્વ કે ઉત્સવને પ્રસંગે સારાં સારાં ઈનામો મળે છે.

રાજા—જિનચૈત્યમાંથી કાંઈ મળે છે ?

માલણ—હા, કોઈ સારો ગૃહસ્થ મારાં પુષ્પ લઇ જિ-નપૂજા કરે તો મને તે કાંઇ ઇનામ આપતો જાય છે.

રાજા—તું ઉત્તમકુમારને ઓળખે છે ?

માલણ—( મનમાં વિચારીને ) ના, હું તેમને ઓળ-ખતી નથી.

રાજા—કોઇ રાજકુમાર અમારા જમાઇ છે અને તે અહિં દરબારમાં રહે છે, એ વાત તારા જાણવામાં છે ?

માલણ—હા, હું રાજકુમારી તિલોત્તમાબાને મેહેલે પુષ્પ આપવા જાઉં છું અને તેથી કોઇવાર હું તેમને ત્યાં જોઉં છું.

રાજા—ત્યારે તેમનું નામ શું છે, એ તું જાણે છે?

માલણ—તેમનું નામ શું છે? એ મને ખબર નથી.

રાજા—તેઓ કોઈવાર જિનપૂજા કરવા આવે છે કે નહિં?

માલણ—એ વાત પણ હું જાણુતી નથી.

રાજા—તું તેમને જોવાથી ઓળખી શકે કે નહિ?

માલણ—હા. આ વખતે રાજાએ સેવકને ઉત્તમકુમારને તેડવા મોકલ્યો. સેવક દોડતો જઈ રાજકુમારને તેડી લાવ્યો. મહારાજાએ કુમારને માન આપી પોતાની પાસે આસન ઉપર બેસાર્યો. કુમાર તરફ હાથ કરી રાજાએ માલણને કહ્યું, કેમ બાઈ, આ કુમારને તું ઓળખે છે?

માલણ—હા, ઓળખું છું, તે તિલોત્તમાબાના પતિ છે.

રાજા—આ કુમાર કોઈવાર જિનાલયમાં પૂજા કરવા આવે છે?

માલણ—એ મને ખબર નથી.

રાજા—તેં કોઇવાર જિનપૂજા કરવા માટે તેમને પુષ્પ આપ્યાં છે?

માલણ—ના, મેં કોઇવાર આપ્યાં નથી.

રાજા—સાચે સાચું બોલજે. જો ખોટું બોલીશ તો તને ખરેખરી શિક્ષા થશે.

માલણ—મહારાજા ! હું સાચે સાચું બોલું છું. મેં કોઈવાર તેમને જિનાલયમાં જોયા નથી, તેમજ તેમને કદિપણ પૂજા કરવાને માટે પુષ્પ આપ્યાં નથી.

મહારાજાએ રાજકુમારની સામે જોઇ કહ્યું, કુમાર ! આ બાઈ કહે છે, તે સત્ય છે ?

કુમાર—મહારાજા ! તે અસત્ય બોલે છે. પણ સ્ત્રીજાતીને વધારે શિક્ષા કરવી તે યોગ્ય નથી.

રાજા—અરે દુષ્ટા ! તું ન્યાયાસન આગળ આવી આવું અસત્ય બોલે છે, તેથી હું તને સખ્ત શિક્ષા કરીશ. જે ખરેખરૂં હોય, તે બોલી દે. મહારાજાની મુખમુદ્રા ઉપર ક્રોધ જોઈ, તે માલણ કંપી ચાલી અને નીતિદેવીના પ્રતાપથી ભય પામતી તે નીચે પ્રમાણે બોલી.

માલણ—અન્નદાતા ! મને ક્ષમા કરો. હું આપની આગળ સાચેસાચું કહું છું. એક વખતે હું આપના બગીચામાં પુષ્પ વીણવા ગઇ હતી. ત્યાં સમુદ્રદત્ત નામે કોઈ વેપારી મારી પાસે આવ્યો. તેણે સુવર્ણનો હાર આપી મને લલચાવી અને તેથી મેં પુષ્પની નલિકામાં તંબોળીનાગ પુરી એ પુષ્પ આ રાજકુમારને જિનાલયમાં આપ્યું હતું. મેં પાપણિએ લોભને વશ થઇ એ અપકૃત્ય કર્યું હતું. મારો અપરાધ ક્ષમા કરો.

આટલું કહી તે માલણ નીચે પ્રમાણે કવિતા બોલી:--

" लोभे मुज लक्षण गया, में कीधुं ए काज;
मति पानीए नारीने, केहनी नावे लाज. " १

આ વખતે માલણના અપકૃત્ય ઉપર રાજાને ઘણો તિરસ્કાર છુટ્યો અને તેણે પોતાના સેવકોને ક્રોધાવેશથી આજ્ઞા કરી કે, " આ દુષ્ટાને મારી નાંખો. મારા નીતિવંત રાજ્યમાં આવી દુષ્ટ સ્ત્રીઓની જરૂર નથી. આવી સ્ત્રીઓના વાસથી પ્રજાની નીતિ રીતીમાં ભંગ પડે છે. તેમજ આ સ્ત્રીને દુષ્ટ કાર્યની પ્રેરણા કરનાર પેલા સમુદ્રદત્તને પણ શોધી લાવો. તેને પણ દેહાંત શિક્ષા કરો. રાજકુમારને ભરસમુદ્રમાં ધકકો આપનાર અને પુનઃ દુષ્ટ ઇરાદાથી વિષપ્રયોગ કરાવી માલણદ્વારા અપકૃત્ય કરાવનાર—એ દુષ્ટને આ જગત્માંથી નષ્ટ કરવો જોઇએ. "

રાજાની આવી ભયંકર શિક્ષા થતાં દયાળુ રાજકુમારે મહારાજાને વિનંતિ કરી જણાવ્યું, "રાજેંદ્ર! શાંત થાઓ. તે દીન પામર અપરાધી લોકોને છોડી મુકો. તેઓએ કર્મને વશ થઇને આવું કુકર્મ કર્યું છે. કર્મના અંધકારમાં મગ્ન થએલો પ્રાણી અંધ થઈ જાય છે. તે પછી શુભાશુભ જોઇ શકતો નથી. તેઓ બીચારા નિર્દોષ છે. કર્મના દોષથી દૂષિત થયેલા દીન ઉપર દયા કરવી, એ ઉત્તમ પુરૂષનું કર્ત્તવ્ય છે. મહારાજા! આપ જાણો છો કે, કર્મનો દોષ ઘણો બળવાન છે. મારો સમુદ્રમાં પાત થયો, મઘરના મુખમાં પ્રવેશ થયો અને મનુષ્ય છતાં તિર્યંચભવનો અનુભવ થયો—એ મારા પૂર્વ કર્મનું ફળ છે. એમાં સમુદ્રદત્ત શેઠ કે આ માલણ બીચારી શું કરી શકે ?"

આ પ્રમાણે કહી રાજકુમાર નીચેની કવિતા બોલ્યો.

इंद्र चंद्र नागेंद्र नर, म्होटा जेह मुनींद्र;
कर्या कर्म सहु भोगवे, छूटे नहीं नरेंद्र. १

किणशुं किजे आमणो, किणशुं कीजे रोष;
क्हेनो दोष न काढियें, कर्म तणो ए दोष. २

આ કવિતા સાંભળી રાજા નરવર્મા જરા શાંત થઇ ગયો.

આ વખતે રાજાના સેવકો સમુદ્રદત્તને પકડી રાજાની પાસે લાવ્યા. પાપી સમુદ્રદત્તે પોતાના બધા અપરાધો કબુલ કર્યા અને મહારાજાની પાસે ક્ષમા માગી.

ઉત્તમકુમારના ઉપદેશ તથા કવિતાથી શાંત થએલા રાજાએ સમુદ્રદત્તને તેના નીચ કૃત્ય માટે ઠપકો આપ્યો. છેવટે રાજાએ તે બંને અપરાધીઓને દેહાંત શિક્ષામાંથી મુક્ત કર્યા. પછી સમુદ્રદત્તનું સર્વસ્વ જપ્ત કરી તેને પોતાના દેશની હદ બહાર કર્યો અને માલણને પોતાના નગરમાંથી કાઢી મુકી. આ પ્રમાણે દયાળુ રાજકુમારે પોતાના દયાધર્મના ગુણને લઇને તે બંને અપરાધીઓને અભયદાન આપ્યું હતું. અને તેથી આખા મોટપલ્લીનગરમાં ઉત્તમકુમારની ભારે ધર્મકીર્ત્તિ ફેલાણી હતી. અને સર્વ પ્રજામાં તેનું યશોગાન થવા માંડયું હતું.

અભયદાન એ જગત્‌માં દિવ્ય વસ્તુ છે. એ દિવ્ય વસ્તુના પ્રભાવથી ભારતવર્ષમાં અનેક ધર્મવીરોએ પોતાની ધર્મકીર્ત્તિ ગવરાવી છે અને પોતાના નિર્મળ નામને આ જગત્‌માં ચિરસ્થાયી કરી તેઓ શાશ્વતસુખના ભોક્તા બની ગયા છે. તેથી દરેક આર્યે સર્વદા અભયદાનનું મહાપુણ્ય સંપાદન કરવું જોઇએ.

# પ્રકરણ ૨૨ મું.

## ચતુરાની ચોકડી.

પુણ્યનો પ્રબલ પ્રવાહ પ્રાણીને કેવી કેવી ઉત્કૃષ્ટ સ્થિતિમાં તાણી જાય છે. દુ:ખના મહાસાગરમાં પડેલો પામરજીવ નિરાશ થઈ ગયો હોય, તેને પોતાના જીવનના ઉદયની જરાપણ આશા ન હોય, હવે યાવજ્જીવિત દુઃખ ભોગવવાનું છે, એવો નિશ્ચય કરી બેઠો હોય, તેવા પણ પ્રાણીને જ્યારે તેના પુણ્યનો રાશિ પ્રગટ થાય છે, ત્યારે તે એક અદ્ભુત અને અભિનવ આનંદનો અનુભવી બની જાય છે. જે જંગલમાં ભટકતો હોય, તે રાજમહેલનો વિલાસી બની જાય છે. જે દારિદ્રથી દુભાતો હોય, તે મહાન્ ધનપતિ બને છે, જે પાદચારી થઈ રખડતો હોય, તે હાથી, ઘોડા, રથ, અને શિબિકાના વાહનનો અધિકારી થાય છે અને જે સ્ત્રી સુખથી બેનશીબ હોય, તે શ્રૃંગારવતી સુંદરીઓનો સ્વામી થાય છે.

પુણ્યોત્તમ ઉત્તમકુમાર પુણ્યશાળી તેવોજ થયો હતો. તેના પુણ્યનો ઉદય ઉદયગિરિના શિખરપર આરૂઢ થયો હતો. આથી તે મોટપલ્લી નગરના રાજ્યાસન ઉપર આવ્યો હતો. મહારાજા નરવર્માએ તેને પોતાના રાજ્યનો ધુરંધર સ્વામિ કર્યો હતો. મોટપલ્લી નગરની સર્વ પ્રજાનો તે મુખ્યનાયક બન્યો હતો. તિલોત્તમા રાજકુમારી મટીને મહારાણી થઇહતી.

શેઠ મહેશ્વરદત્તે રાજાની અને પોતાની આજ્ઞા સફળ કરવાને તે કુમારને પોતાની કન્યા સહસ્ત્રકળાને આપી હતી.

રાજકુમારે પ્રથમથી અંગીકાર કરેલી વેશ્યા અનંગસેના તેની સાથે વિવાહિત થઈ રહી હતી. આવી રીતે મદાલસા, તિલોત્તમા, અનંગસેના અને સહસ્રકળા—આ ચારે ચતુરાની ચોકડી ઉત્તમકુમારના અંતઃપુરને અલંકૃત કરતી હતી. તે ચારે ચતુરાઓની સાથે રહેતો ચતુર નાયક ઉત્તમકુમાર સંસારસુખનો પૂર્ણ સ્વાદ લેતો હતો. તે ઉત્તમ પ્રકારના સંસારસુખને અનુભવતો, તે છતાં **ધર્મને** મુખ્ય તરીકે રાખતો હતો. અર્થાત્ ધર્મ, અર્થ અને કામ—એ ત્રણેને નિરાબાધપણે સેવતો હતો. ઉત્તમકુમારની દિનચર્યા નિયમિત હતી. તે પ્રતિદિન આવશ્યક ક્રિયા કરી જિનપૂજા કરતો અને શુદ્ધ હૃદયથી ગુરૂભક્તિ આચરતો હતો. તેની ચારે સુંદરીઓ પતિસેવામાં તત્પર રહેતી અને શ્રાવિકાધર્મ પ્રમાણે વર્તી પોતાના સ્ત્રીજીવનને સાર્થક કરતી હતી. ઘણીવાર તે ધર્મવીર પોતાની ચારે પત્નીઓના સાથમાં રહી તેમને ધર્મશ્રવણ કરાવતો હતો. કોઈવાર તે સુંદર રમણીયો જૈનસતીમંડળના ગીત ગાઈએ ચતુરવીરના હૃદયને પ્રસન્ન કરતી હતી. કોઈવાર વિવિધ પ્રકારની ચાતુર્ય ભરેલી સમશ્યાઓ પરસ્પર પુછી તેઓ સાહિત્યરસનો અનુપમ રસ મેળવતી હતી. ઘણે પ્રસંગે શ્રૃંગાર, નીતિ અને વૈરાગ્યની વાર્તાઓ કરી એ ધર્મવીરનું પત્નીમંડળ આનંદનો અનુભવ કરતું હતું. અને કોઈવાર પવિત્રતાને પોષણ કરનારા વૈરાગ્ય રસનો અનુપમ આનંદ મેળવી તે સર્વ કુટુંબ ઉત્તમ ભાવના ભાવતું હતું.

ચારે રમણીઓ જુદાજુદા કુળની અને જુદાજુદા સ્વભા-

વની હતી, તથાપિ જુદીજુદી નદીઓના પ્રવાહ જેમ સમુદ્રને અનુકૂળ થાય છે, તેમ તેઓના સ્વભાવ ઉત્તમકુમારને અનુકૂળ થતા હતા. તે સર્વ સુંદરીઓમાં તિલોત્તમાને પ્રધાન મહિષીનું પદ આપ્યું હતું, તથાપિ તિલોત્તમા પોતાના વિનય ગુણથી મદાલસાને માન આપતી હતી અને મદાલસાનેજ પ્રધાન મહિષી તરીકે માનતી હતી. અનંગસેના પોતાની કળાથી રાજકુમારનું વધારે મન આકર્ષતી, તથાપિ તેણી પોતાની બીજી વ્હેનો તરફ ઇર્ષ્યાભાવ રાખતી ન હતી. સહસ્રકળા સ્વભાવે શાંત હોવાથી તે સર્વની સાથે ભગિની ભાવથી વર્ત્તતી હતી. આવી રીતે ચારેની ચતુર ચોકડી પરસ્પર પ્રેમમગ્ન થઇ પુણ્યાધાર ઉત્તમકુમારના પવિત્ર પ્રેમનું પાત્ર બની હતી.

મહારાજા નરવર્મા અને શેઠ મહેશ્વદત્ત પોતપોતાની સર્વ સંપત્તિ ઉત્તમકુમારને સ્વાધીન કરી પોતે સન્માર્ગના સાધક બન્યા હતા. તેઓએ પરમાર્થ દૃષ્ટિથી આત્મસ્વરૂપને સમજી આત્મા અને પરમાત્માની એકાકારતા અનુભવી તેમાં લીન થઇ અખંડ સુખ મેળવવાને તત્પર બન્યા હતા. "સ્વાર્થ દૃષ્ટિથી જોતાં આ લોકનું સુખ કાંઇ છેજ નહીં, તથાપિ જો જરાપણ તેવા સુખનો અંશ અનુભવવો હોય તો જગત્‌ના પ્રાણી માત્રનું સુખ કેમ વધે, આત્મસુખ મળતાં પણ પરને સુખ કેમ થાય ?" એનો સુવિચાર તેઓ સર્વદા કરતાં હતાં. તે વિચાર ફળીભૂત થવાને સાધનો મેળવી તેના પ્રયત્નમાં મગ્ન રહેતા હતા અને તે પ્રયત્નથી મનમાં, સંતોષ ઉપજવો

એજ છે, એમ કરવામાં જીવિતનું સાર્થક્ય માનતાં હતા. છેવટે તેઓ ચારિત્રથી શ્રાવકજીવનની સાર્થક્તા કરી આ અનંત સંસારના પારને પામ્યાં હતાં.

ઉત્તમકુમાર પોતાના પુણ્યના પ્રભાવથી મોટપલ્લીનગરનો સ્વતંત્ર મહારાજા બન્યો હતો. તે ધર્મ તથા નીતિથી પોતાની પ્રજાનું પાલન કરતો હતો. પોતાની રાજ્યલક્ષ્મીનો સાતે ક્ષેત્રોમાં ઉપયોગ કરતો અને તેમાંજ પોતાના જીવનનો ઉપયોગ પણ ગણતો હતો. આથી તેના રાજ્યમાં પ્રજાની ધાર્મિક તથા સાંસારિક ઉન્નતિ વિશેષ જોવામાં આવતી હતી. બાળકથી તે વૃદ્ધ સુધી સર્વ પ્રજા ધર્મ તથા નીતિને માર્ગે ચાલનારી, રાજ્યભક્તિને ધારણ કરનારી, ધર્મજીવનને ગાળનારી અને આત્મિક સુખને ચાહનારી થઇ હતી. બાળપ્રજા વિદ્યા તથા કળાઓને સંપાદન કરવામાં તત્પર રહેતી, તરૂણ પ્રજા ધર્મ નીતિ સાથે વર્ત્તી ઉદ્યોગ કળાને ખીલવતી અને વૃદ્ધપ્રજા આત્મિક સુખને સંપાદન કરવામાં ઉત્સુક રહેતી હતી.

મહારાજા ઉત્તમકુમાર ચાર ચતુરાઓની ચોકડીમાં અહર્નિશ વસતો, તે ચાર રમણીઓના શ્રૃંગારરસનો ભોક્તા થતો, અને સર્વ પ્રકારના સાહિત્યનો સહૃદય થતો, તથાપિ તેની મનોવૃત્તિ **ધર્મ** અને **વૈરાગ્ય** તરફ આકર્ષાતી હતી. તેના હૃદયમાં તે પવિત્ર ભાવના સર્વદા થયા કરતી હતી. તે ઘણીવાર પોતાની ચતુર રમણીઓની આગળ પોતાના પવિત્ર વિચાર નીચે પ્રમાણે જણાવતો હતો.

*“ પ્રિયાઓ ! તમારા હૃદયમાં આ જગત્‌ના સાંસારિક*

ભાવોને વિશેષ સ્થાન આપશો નહીં. એથી કરીને તમારા હૃદયમાં અજ્ઞાનરૂપ અંધકાર પ્રસરી રહેશે. જ્યાંસુધી હૃદયમાં **જ્ઞાન** તથા **સદ્‌વિચારનું** અજવાળું થયું નથી, ત્યાંસુધી સંકલ્પવિકલ્પના અશ્વ ઉપર ચડેલા જીવને પરિપૂર્ણ સંતોષ મળતો નથી. જ્યારે હૃદયનું અંધકાર દૂર થઇ જાય, ત્યારે પ્રાણી જ્ઞાનરસમાં શુદ્ધ પ્રેમથી સ્નાન કરતો થાય, ત્યારે પોતે કોણ છે ? એ તેને યથાર્થ રીતે સમજાય, ત્યારે તેને આત્મ-વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાય છે. પછી તેને એક પણ પ્રશ્ન કરવાનો રહેતો નથી. ત્યારે સર્વ વાતના ખુલાસા આપોઆપ થઇ જાય છે. તેને પછી કાંઈ જ્ઞેય રહેતું નથી. પોતે જ્ઞાનમય થઇ જાય છે અને જ્ઞાનદૃષ્ટિથી આ જગત્‌ના સર્વ ભાવોને જોવે છે તેમજ અનુભવે છે. ”

પોતાના પતિના આવા આત્મિક વિચારો જાણીને ચારે ચતુરાઓ પ્રસન્ન થતી અને પોતાનામાં તેવા સુવિચાર પ્રગટ થાય, તેવું હૃદયથી ઈચ્છતી હતી.

આ પ્રમાણે સાંસારિક અને ધાર્મિક આનંદને અનુભવતા ઉત્તમકુમારનો શ્રાવકસંસાર સર્વત્ર પ્રશંસનીય ગણાતો હતો અને મોટપલ્લીનગરીની સર્વ પ્રજા તે ધર્મવીર મહારાજાને ધન્યવાદ આપતી હતી.

મહારાજા ઉત્તમકુમારની ચારે રાણીઓ પરસ્પર સંપથી વર્ત્તી, વિષયાનંદ તથા જ્ઞાનાનંદને અનુભવતી હતી અને પોતાના શ્રાવિકાજીવનને સાર્થક કરવાના સન્માર્ગ ગ્રહણ કરી પતિની આજ્ઞાને અનુસરી ચાલતી હતી. તેમનું ઉત્તમ પ્રવ-

ર્ત્તન પ્રશંસાપાત્ર બન્યું હતું અને મોટપલ્લીનગરની સર્વ પ્રજા તે ચારે મહિષીઓને **ચતુરા ચોકડીના** નામથી ઓળખતી હતી.

# પ્રકરણ ૨૩ મું.

## શત્રુ મિત્ર થયો.

એક વિકરાળ પુરૂષ મોટી સભા ભરીને બેઠો છે. સાઠ હજાર રાક્ષસોનો તે સ્વામી છે. તેની આસપાસ ભયંકર રાક્ષસો ઉંચા હથીઆર કરી ઉભા છે. તેની સભામાં સંસારવિનાશ, અંતરાય, યુદ્ધ, લુંટ, ચૌર્ય, વ્યભિચાર અને આક્રાંતિની વાતો થાય છે. ક્રૂર કર્મ કરનારા કાલકૂટ પુરૂષોના ત્યાં વખાણ થાય છે. અને ધર્મ, જ્ઞાન, યોગ, ત્યાગ, દાન, ઉપકાર અને સહાય કરનારની નિંદા થાય છે. કોઇ અશ્વમુખા, કોઈ ખરમુખા કોઇ વ્યાઘ્રમુખા, કોઈ ગરૂડમુખા, કોઈ ભયંકરમુખા, અને કોઇ કૃષ્ણમુખા તથા રકતમુખા પુરૂષો તેની સભામાં ઉચ્ચ સિંહાસનપર બેઠા છે.

આ વખતે તે વિકરાળ પુરૂષે પોતાના એક રાક્ષસ સેવકને આજ્ઞા કરી—જાઓ, કોઈપણ નિમિત્તિયાને બોલાવી લાવો. મારી પુત્રીનું હરણ કરનાર કોણ છે? કોના મસ્તકપર યમદૂતની ક્રૂર દ્રષ્ટિ પડી છે અને કોણ મરણને શરણ થવા ઇચ્છે છે?

આવી આજ્ઞા થતાંજ એક રાક્ષસ સેવક આવી ઉભો રહ્યો.

તેણે વિનયથી તે રાક્ષસપતિને જણાવ્યું,—હે રાક્ષસેશ્વર! કોઇ નિમિત્તિઓ સ્વેચ્છાથીજ આવી રાજદ્વાર આગળ ઉભો છે. "જો આપની આજ્ઞા હોય તો અંદર પ્રવેશ કરાવું?"

સેવકનાં આ વચન સાંભળી રાક્ષસપતિએ આનંદપૂર્વક આજ્ઞા કરી કે, "તેને ખુશીથી અંદર પ્રવેશ કરાવો."

વાંચનારને આ પ્રકરણના આરંભમાંજ જિજ્ઞાસા ઉત્પન્ન થઇ હશે; તેથી તેનું સ્પષ્ટીકરણ કરવું જોઇએ. જે આ રાક્ષસપતિ સભા ભરી બેઠો છે, તે લંકાનો રાજા ભ્રમરકેતુ રાક્ષસ છે, તે ઉત્તમકુમારની આદ્યપાન મદાલસાનો પિતા થાય છે. તેણે પોતાની પુત્રી મદાલસાને સમુદ્રગિરિપર આવેલા એક કૂવાની અંદર મેહેલ બનાવી તેમાં એક વૃદ્ધા દાસીની સાથે રાખી હતી. ત્યાંથી ઉત્તમકુમાર તેને ગાંધર્વ વિધિથી પરણીને મોટપલ્લીનગરમાં લાવેલો છે. પાછળથી રાક્ષસપતિ ભ્રમરકેતુ પુત્રીના હરણ થવાની વાત જાણી અતિ ક્રોધાતુર થયો હતો. તેણે અનેક રીતે તે વિષે શોધ કરી પણ કોઇ ઠેકાણે મદાલસાનો પત્તો લાગ્યો નહિં, છેવટે કોઈ નિમિત્તિયાને બોલાવી તે વૃત્તાંત જાણવાના ઇરાદાથી તે સભા ભરી બેઠો હતો, તેવામાં દૈવયોગે કોઇ નિમિત્તિયો તે સ્થાને સ્વેચ્છાથી આવી ચડ્યો અને અહિં રાક્ષસપતિની સાથે તેની મૂલાકાત થઈ છે.

નિમિત્તિયાને જોઇ રાક્ષસપતિએ તેને યોગ્ય આસન આપ્યું. પછી તેણે પોતાની પુત્રી મદાલસા ક્યાં છે? તે વિષે પ્રશ્ન કર્યો. નિમિત્તિયાએ પોતાનું જ્ઞાનબળ વિચારી કહ્યું,—

“ હે રાક્ષસપતિ ભ્રમરકેતુ ! તમારી પુત્રી મદાલસાની હકીકત સાંભળો. વારાણસીનગરીનો રાજકુમાર ઉત્તમકુમાર તમારી પુત્રી મદાલસાને પરણી ગયો છે. તમારા ભંડારમાં રહેલાં પાંચ દિવ્ય રત્નોને તે હરી ગયો છે. હાલ તે મોટપલ્લીનગરનો મહારાજા બન્યો છે. પુણ્યના પ્રભાવથી મોટા મોટા રાજાઓ અને વિદ્યાધરો તેના ચરણમાં નમે છે. મહેશ્વરદત્ત નામના એક કોટી ધનપતિએ પોતાની પુત્રી અને મહાન્ સમૃદ્ધિ તેને સ્વાધીન કરી છે. તેના પુણ્યનો પ્રભાવ તે દેશમાં સ્થળે સ્થળે પ્રસરી રહ્યો છે. ”

નિમિત્તિયાની આ વાણી સાંભળી રાક્ષસપતિ આશ્ચર્ય પામી ગયો. તેના હૃદયમાં ભવિતવ્યતાના યોગના સામર્થ્ય ઉપર શ્રદ્ધા બેસી ગઈ. કયાં સમુદ્રગિરિ, કયાં કૂવા માંહેલો મેહેલ ! અને કયાં દેવતાથી ન જઈ શકાય તેવું કૂપદ્વાર આવું છતાં પણ તે સ્થળે રાજકુમારનો પ્રવેશ થયો, અને મદાલસાનું હરણ થયું. આ પ્રમાણે ચિંતવતો ભ્રમરકેતુ દિગ્મૂઢ બની ગયો. પોતાની રાક્ષસીકન્યા કોઈપણ ભૂચરના ઘરમાં ન જાય, એ તેનો નિશ્ચય ફરી ગયો, આથી તેના મનમાં ક્ષણવાર ગ્લાનિ થઈ ગઈ. છેવટે તે બળવાન્ રાક્ષસે વિચાર કર્યો—“ હશે, જે બન્યું તે ખરૂં. હવે કદિ હું મોટપલ્લીનગરમાં જઈ તે કુમાર સાથે યુદ્ધ કરૂં, પણ તેમાં મારો વિજય શંકા ભરેલો છે. એ ચતુરકુમાર મંત્રતંત્રમાં કુશળ છે. તેણે પોતાની શક્તિથી એકવાર મને પરાભૂત કર્યો હતો. અત્યારે તો તે ઘણોજ બળવાન્ થયો હશે. કારણકે, મારાં દિવ્યરત્નો તેને સ્વાધીન છે.

એ રત્નો જવાથી મારૂં જીવિત હતપ્રાય થઇ ગયું છે. હવે કદિપણ તે રાજકુમાર મારાથી પરાભવ પામશે નહીં. તેમ વળી મારો એ જમાઇ થયો છે. તેવા પરાક્રમી જમાઇને હણી પુત્રીને વિધવા કરવી એ નીતિ તથા લોક વિરૂદ્ધ છે, માટે આ વખતે ત્યાં જઇ તેને નમી પડવું યોગ્ય છે. "

આવું ચિંતવી લંકાપતિ ભ્રમરકેતુએ પોતાના હૃદયમાંથી રોષ કાઢી નાંખ્યો અને તે નિમિત્તિયાને સારૂં ઇનામ આપી વિદાય કર્યો. નિમિત્તિયાના ગયા પછી રાક્ષસપતિ ભ્રમરકેતુ મોટપલ્લીનગર જવાને તૈયાર થયો, તેના રાક્ષસમંત્રિઓ તેમ કરવામાં વિરૂદ્ધ હતા, તથાપિ ડાહ્યા ભ્રમરકેતુએ તેમની સલાહ માની નહીં, અને પોતે જાતે પોતાની પુત્રી તથા જમાઈને મળવાને મોટપલ્લી તરફ રવાને થયો. અને થોડા દિવસમાં તે ત્યાં જઈ પહોંચ્યો હતો.

રાક્ષસપતિ ભ્રમરકેતુ પોતાના જામાતા ઉત્તમકુમારને મળ્યો. તેણે ગર્વરહિત થઈ રાજકુમારની આગળ ક્ષમા માગી અને પછી પોતાની પુત્રીને બોલાવી પિતા અને પુત્રી વાત્સલ્યરસમાં મગ્ન થઈ ગયાં. મદાલસા અને ભ્રમરકેતુ પરસ્પર ક્ષમા માગી ઘણા સ્નેહથી મળ્યા. પોતાના જામાતાની સત્કીર્ત્તિ સાંભળી હૃદયમાં પ્રસન્ન થયેલા રાક્ષસપતિએ પોતાનું લંકાનું રાજ્ય ઉત્તમકુમારના તાબામાં કરી પોતે તેની આજ્ઞા મસ્તકપર ધારણ કરી પછી રાક્ષસપતિ જામાતાની આજ્ઞા લઇ પોતાના રાજ્ય તરફ વિદાય થયો. અહા ! પુણ્યપ્રકૃતિનો પ્રભાવ કેવો દિવ્ય છે ? લંકાપતિ ભ્રમરકેતુ કે જે પોતાની

પુત્રી તથા પાંચ રત્નના હરણથી ઉત્તમકુમારનો પ્રચંડ શત્રુ થયો હતો, તે અત્યારે તેનો મિત્ર થઇ ગયો. તેણે હૃદયમાં ઉમંગ લાવી તે ધર્મવીર ઉત્તમકુમારની આજ્ઞા શિરોવંદ્ય કરી અને પોતાનું રાક્ષસ રાજ્ય તેને સ્વાધીન કરી દીધું. આ બધો પ્રભાવ પુણ્યનોજ છે. પુણ્યરૂપી સુધાસાગરમાં સ્નાન કરનારા પ્રાણીઓ સદા અમર થાય છે. તેમની ઉપર પ્રચંડ શસ્ત્રો, અંતરાયો, કે બીજા મારણ પ્રયોગો ચાલતા નથી. તેમને શત્રુ મિત્ર થાયછે, વિષ અમૃત થાય છે, અગ્નિ શીતળ થાય છે, જળ સ્થળ થાય છે અને સ્થળ જળ થાય છે. પુણ્યની પ્રબળ શક્તિથી જે કાર્ય સાધ્ય થાય છે, તે કાર્ય બીજા કોઇથી સાધ્ય થતું નથી. આ જગત્માં ત્રણે કાળે પુણ્યનોજ વિજય છે અને પુણ્યનોજ યશ છે.

# પ્રકરણ ૨૪ મું.

## પુત્રસ્મરણ.

વારાણસી નગરીનો મહારાજા મકરધ્વજ ચંદ્રશાળા ઉપર બેઠો બેઠો ચિંતા કરે છે. તેના મનમાં અનેક પ્રકારના સંકલ્પ–વિકલ્પ થયા કરે છે. તેની મુખમુદ્રા ઉપર શોકની છાયા પ્રસરી રહી છે. આ વખતે તેનો મુખ્ય મંત્રી કોઇ રાજકીય કાર્યને માટે આવી ચડયો. દ્વારપાળે મંત્રીના આવવાના

ખબર આપ્યા, એટલે મહારાજાએ અંદર પ્રવેશ કરવાની આજ્ઞા આપી. મંત્રીએ આવી વિનયથી પ્રણામ કરી મહારાજાની સન્મુખ ઉભો રહ્યો, મહારાજાની મુખાકૃતિ શોક અને ચિંતાથી ભરપૂર જોઇ મંત્રી વિચારમાં પડયો. જ્યારે ક્ષણવાર સુધી મહારાજા કાંઇપણ બોલ્યા નહીં, એટલે મંત્રીના મનમાં વિશેષ ચિંતા ઉત્પન્ન થઇ. મંત્રીએ નમ્રતાથી મંદસ્વરે કહ્યું, મહારાજા ! આપની મુખાકૃતિ ચિંતાતુર કેમ દેખાય છે ? આપ સત્તાધીશ અને એક વિશાળ રાજ્યના અધિપતિ છો, આપની આજ્ઞા ઉઠાવવાને વારાણસી નગરીની સર્વ પ્રજા તૈયાર છે. એવા આપ મહારાજા શેની ચિંતા કરો છો ?

મંત્રીશ્વરનો આ પ્રશ્ન સાંભળી મહારાજા મકરધ્વજ બોલ્યો– મંત્રીરાજ ! મારા હૃદયની ચિંતાનું કારણ બીજું કાંઇ નથી, આજે મને મારા પ્રિય પુત્ર ઉત્તમકુમારનું સ્મરણ થઇ આવ્યું છે. આજે ઘણો વખત થયા મને એ સુંદર કુમારનું મનોહર દર્શન થયું નથી. એ વિદ્વાન્ રાજકુમાર કયાં ગયો હશે ? તેની કેવી સ્થિતિ થઇ હશે ? ઇત્યાદિ મહાચિંતા મારા હૃદયને દગ્ધ કર્યા કરે છે. આજે રાત્રે તે રાજકુમારને મેં સ્વપ્નમાં નવીન પુષ્પવતી ચાર લતાઓથી વીંટાએલો જોયો હતો. નવકુસુમથી સુશોભિત એવી એ ચાર લતાઓની વચ્ચે રાજકુમાર મનોરમ ક્રીડા કરતો હતો અને સાંસારિક આનંદને અનુભવતો હતો. મંત્રીરાજ ! એ સ્વપ્નદર્શનથી મને એ રાજકુમારને મળવાની ભારે ઉત્કંઠા થઇ આવી છે. એ સુંદર કુમારનું અવ-

લોકન કરી મારા અંતરને શીતળ કરવાની પ્રબળ ઇચ્છા મારામાં પ્રગટ થઇ આવી છે.

મહારાજા મકરધ્વજની આવી ચિંતાજનક દીન વાણી સાંભળી મંત્રીશ્વરે અંજળી જોડી કહ્યું, “સ્વામી ! કોઇ જાતની ચિંતા કરશો નહીં. આ તમારૂં સ્વપ્ન ઇષ્ટ સૂચન કરે છે. રાજકુમાર કોઇ સ્થળે સુખાનુભવ કરતા હશે. નવીન પુષ્પોથી સુશોભિત એવી ચાર શાખાઓની વચ્ચે તમે જે કુમારને ક્રીડા કરતા જોયા છે, તે ઉપરથી સૂચન થાય છે કે, તે રાજકુમાર કોઇ સદ્ગુણવતી ચાર મહારાણીઓના વૃંદની વચ્ચે રહી તેમની સાથે ક્રીડા સુખ અનુભવતા હશે. મહારાજા ! મારા વચન ઉપર વિશ્વાસ રાખજો. મેં ઘણા વિદ્વાનોની પાસેથી સ્વપ્નશાસ્ત્ર સાંભળેલું છે. તમારૂં સ્વપ્ન ઘણાજ ઇષ્ટ ફળને સૂચવનારૂં છે. હું આપને નિશ્ચયથી કહું છું કે, રાજપુત્ર ઉત્તમકુમાર કોઇ મહારાજ્યના મહારાજા થયા છે. તેમના ઉત્તમ અંતઃપુરમાં ચાર રાણીઓ છે. અને તે ચારે વિદુષી વનિતાઓના સહવાસમાં રહી ઉત્તમકુમાર ઉત્તમપ્રકારનું સુખ ભોગવે છે.

મંત્રીનાં આવાં વચન સાંભળી રાજા મકરધ્વજનું હૃદય નિશ્ચિંત થઇ ગયું. તેના શોકાતુર મનને ક્ષણવાર આશ્વાસન મળ્યું. મહારાજાએ ઉત્કંઠાથી જણાવ્યું, મંત્રીશ્વર ! તમારી સુધારૂપ વાણીએ મારા ઉત્સુક હૃદયને શાંત કર્યું છે. તથાપિ રાજકુમારના દર્શનની મારી ઉત્કંઠા શાંત પડતી નથી. એ રાજકુમારને જ્યારે હું મારી દૃષ્ટિએ સુખી જોઉં ત્યારે મારા હૃદયને

વિશ્રાંતિ મળે. એ રાજકુમાર ક્યાં હશે ? અને તે કયા રાજ્યનો મહારાજા થયો હશે ? તે શોધ થવી જોઇએ. જો કોઇ ચતુર શોધક મળી આવે તો આપણે તેને ભારતવર્ષ ઉપર રાજકુમારની શોધ કરવાને મોકલીએ.

મહારાજાનાં આ વચન સાંભળી મંત્રીશ્વર ઉત્સાહ લાવી બોલ્યો–છત્રપતિ ! મને એક વાત યાદ આવે છે. આપના દરબારમાં વેગવાન નામે એક રાજદૂત છે. તે શોધ કરવાનાં કાર્યમાં ઘણો પ્રવીણ છે. ભારતવર્ષમાં ગમે ત્યાં છુપાઈને રહેલા માણસને તે શોધી શકે છે. તેનામાં શોધનકળાનો મહાન્ ગુણ રહેલો છે. એ ગુણને લઇને તે આપણા રાજમંડળમાં પ્રખ્યાતિ પામેલો છે. તેમજ તે ગુણના પ્રભાવથી તે આપણા રાજ્યને એ ઘણોજ ઉપયોગી માણસ છે.

આ ખબર સાંભળી રાજાએ ઉત્કંઠાથી તે દૂતને બોલાવવાની આજ્ઞા કરી. રાજાની આજ્ઞા થતાંજ તે દૂત મહારાજાની આગળ હાજર થયો. મહારાજાએ તેને કહ્યું કે, હે પ્રવીણદૂત ! તું શોધકળામાં ઘણો પ્રવીણ છે, માટે આખા ભારતવર્ષમાં ભમીને પણ રાજપુત્ર ઉત્તમકુમારને શોધી લાવ. આ કાર્ય કરવાથી હું તારી ઉપર પ્રસન્ન થઈશ, અને તને તારા એ કાર્યનો મહાન્ બદલો આપીશ. જે પુરૂષો કૃતજ્ઞ છે, તેઓનુંજ જીવિત આ જગત્‌ને ઉપયોગી છે.

વારાણસીપતિ મકરધ્વજનાં આ વચન સાંભળી વેગવાન અંગમાં ઉમંગ લાવીને બોલ્યો—" અધીશ્વર ! આપની

કૃપાથી હું એ કાર્ય બજાવી શકીશ. ભારતવર્ષનાં દરેક ગુપ્ત અને પ્રકાશિત ભાગ શોધીને પણ રાજકુમારનો પત્તો મેળવીશ. હું આપનો આશ્રિત છું. સ્વામીનું કાર્ય સાધવું એ સેવકનો ધર્મ છે. આપ કૃતજ્ઞ છો, તેથી મારા જેવા આશ્રિત સેવકોને પોતાનું કર્ત્તવ્ય કરવામાં ઘણી હોંશ આવે છે."

દૂતનાં આ વચન સાંભળી રાજા મકરધ્વજને પૂર્ણ આશ્વાસન મળ્યું. પુત્રના સ્મરણથી થયેલી તેની ઉત્કંઠા તૃપ્ત થવાની તેને આશા બંધાણી, પછી રાજદૂત મહારાજાને નમન કરી પોતાનું કર્ત્તવ્ય બજાવવાને તૈયાર થયો, ચાલતી વખતે મહારાજાએ તેની પીઠ ઉપર પોતાનો કર થાબડયો. પછી તરતજ મનવાંછિત દ્રવ્ય લઈ તે રાજદૂત દરબારમાંથીજ પરભાર્યો ચાલી નીકળ્યો.

# પ્રકરણ ૨૫ મું.

## ગોપાચલમાં યુદ્ધ.

ચારે તરફ ઘોંઘાટ મચી રહ્યો હતો. રણવીર મહાયોદ્ધાઓ સિંહનાદ કરી ગોપાચલ પર્વતની ગુફાઓને ગજાવતા હતા. તેમના પ્રતિધ્વનિના ગર્જારવથી ગગનમંડળ ગાજી રહ્યું હતું. કોઈ અંગમાં ઉમંગ લાવી રણનો મહાન્ ઉત્સાહ દર્શાવતા હતા. કોઈ પોતાની વીરતા દર્શાવાનો અવસર જાળવવાથી હૃદયમાં અતિશય આનંદ પામતા હતા. કોઈ સ્વામી સેવા

સફળ કરવાનો સમય જોઈ મનમાં અતિશય મગ્ન થતા હતા. કોઈ પોતાના સ્વામી તરફની આજીવિકાનું સાફલ્ય કરવા પ્રાણાર્પણ કરવાને રણભૂમિમાં તૈયાર થયા હતા.

આખરે મોટું ભયંકર યુદ્ધ ચાલ્યું અને તેમાં મહાવીરો શસ્ત્રો, અસ્ત્રો અને ખડ્ગો લઇ કુદી પડ્યા. એક તરફ રણવાદ્યોના સોર થવા લાગ્યા, બીજી તરફ શૂરવીરોના સિંહનાદ આવિર્ભૂત થવા લાગ્યા. શસ્ત્રોથી ઘાયલ થયેલા સુભટોના સ્કંધ નૃત્ય કરવા લાગ્યા. માંસભક્ષી પક્ષીઓ માંસની લોલુપતાથી ચારે તરફ ઉડવા લાગ્યા. રૂધિરના સ્રોતસથી રણભૂમિ આર્દ્ર થઇ ગઇ. સ્કંધથી જુદા પડેલા મસ્તકોની શ્રેણી રણભૂમિને શ્રૃંગારરૂપ થઇ પડી. ચારે તરફ બાણવૃષ્ટિથી અંધકાર થઈ ગયો. તે વખતે ભાટચારણો નીચેની કવીતા ગાવા લાગ્યા:—

" रण घोर मंडाणुं, जाय न छंडाण,
उखाणो खोजा पाडा, भेंसो आथडे;
शर चिहुंदिशि छूटे, बखतर कसतूटे,
वच्चे नाल वछूटे, धरती धरहडे. १

हथनाल हवाइ, आवाज मचाइ,
वच्चे आवी बरछीना, घाव लागे घणा;
शूरा एक झूझे, गयधड आलूझे,
रवि सूझे नहि, अंधारा बिहामणा. २

घणा रोषे मारे, तीखी तरवारे,

जे हारे ते जायो नहि रजपूताणी;
हाको हाक वाजे, गयवीर जेम गाजे;
रखे लाजे मात, परियागत आपणी. ३

खल खंडे विहंडे, पग एक न छंडे,
वलि आवी मंडे, साहामा अरि हैये;
देखीने कोपे, भर्यां क्रोधाटोपे,
नवि लोप रणवट, पग पाछा नवि दीये. ४

जूझे एम शूरा, हथियारे पूरा,
बलवंत सनूरा, घाव सामा लीये;
राणीना जाया, हणवाने धाया,
तेम आयारे राया, जयहाथा दीये. ५

निशाणें घाय, वाजे शणराय,
सिंधुडे मचाइ, वेढ बिहामणी;
तरवारे त्रासे, भागंता पाछे,
तेम शूरा छे तै जूझे, साम्हे अणी. ६

उलटया वरसाला, वहे लोहि खाला,
मछराला मतवाला, हठ म्हेले नहीं;
घायें घूमंता, केइ धड जुझंता,
रुंड मुंड हसंता, भयकारी सही." ७

"આ વીરરસનું કાવ્ય શૂરવીરોના શરીરમાં શૌર્યને વધારતું હતું."

આ વખતે એક પરાક્રમી વીરે આગળ આવી પોતાના શત્રુને પકડી લીધો. જ્યારે પોતાનો નાયક શત્રુના સપાટામાં આવ્યો, એટલે તેના સૈનિકો ભય પામી નાસવા લાગ્યા અને તેની સેનામાં હાહાકાર થઈ રહ્યો.

તે મહાવીરે પકડેલો શત્રુ શરમાઈ ગયો અને તે વિલખો થઈ તે વીરના ચરણમાં નમી પડયો. દયાળુ વીરે નમેલા શત્રુને છોડી દીધો અને તેને અભયદાન આપ્યું. આ વખતે તે પરાજિત થયેલા પુરૂષના હૃદયમાં વૈરાગ્યભાવના પ્રગટ થઈ આવી અને તેણે તેજ સમયે પોતાનું તે ગોપાચલ પર્વતનું વિશાળ રાજ્ય તે વિજેતાને અર્પણ કરી દીધું અને પોતે આર્હતી દીક્ષા લેવાને તૈયાર થયો. પેલા વીર પુરૂષે તેને રાજ્ય ઉપર રહેવાનો આગ્રહ કર્યો, તોપણ તે વિરકત પુરૂષે તેનું વચન અંગીકાર કર્યું નહીં. જ્યારે તે વીરે અતિ આગ્રહ કરવા માંડયો, એટલે તે વિરકત પુરૂષ વૈરાગ્યભાવને દર્શાવનારી નીચેની કવિતા ઉંચે સ્વરે બોલ્યો:—

" मान मलिन थयुं माहरुं, जो रह्यो राज मजार,
सुख कारण जे जाणियें, ते सहु दुःख दातार. १
संपदमां आपद वसे, सुखमांहे दुःखवास;
रोग वसे निज भोगमां, देह मरण आवास. २

ए संसारी जीवने, बंधन छे धन दार,
मूरख माने सुख करी, मधुलेपी खड्ग धार. ३
मान रहे नहिं केहनुं, ए संसार मझार,
जीति कोण जाइ शके, एम नृप करे विचार." ४

આ કવિતા સાંભળી પેલા વીર પુરૂષે પોતાના મનમાં વિચાર્યું કે, આ પુરૂષના હૃદયમાં ખરેખરી વૈરાગ્યભાવના પ્રગટ થઇ છે. તેથી હવે તેને વિશેષ આગ્રહ કરી આ સંસારના ખાડામાં નાંખવો યોગ્ય નથી. આ પ્રમાણે દીર્ઘવિચાર કરનારા તે મહાવીરે તેને વિશેષ આગ્રહ કર્યો નહીં. પછી તે વિરક્ત પુરૂષ એ મહાવીરને પોતાની રાજ્યસંપત્તિ આપી અને આ સંસારરૂપ મહાસાગરને તરવામાં નાવિકા સમાન દીક્ષાને ગ્રહણ કરી તે ચાલી નીકળ્યો.

વાંચનાર ! આ અદ્ભુત પ્રસંગ જાણવાને આતુર બન્યો હશે, તેની આતુરતા દૂર કરવાને આ પ્રસંગનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. વારાણસીપતિ રાજા મકરધ્વજને પોતાના પુત્ર ઉત્તમકુમારનું સ્મરણ થઈ આવ્યું હતું, તેથી તેણે વેગવાન્ નામના એક શોધક દૂતને તે કુમારની શોધ માટે મોકલ્યો હતો. તે વેગવાન્ ભારતવર્ષમાં ચારે તરફ ફરી મોટપલ્લી નગરમાં આવ્યો હતો, ત્યાં તેણે ઉત્તમકુમારની ખબર સાંભળી તે ઘણો ખુશી થયો હતો. તેણે ઉત્તમકુમારને મળી તેના પિતા રાજા મકરધ્વજનો પત્ર તેના હાથમાં આપ્યો. એ પત્રમાં

પિતાએ પુત્ર પ્રત્યે ઘણો સ્નેહ દર્શાવ્યો હતો. જેમાં નીચેની એક સ્નેહસૂચક કવિતા નાંખી હતી.

" तुजने अमे न दूहव्यो, कुवचन न कह्युं कोय,
रीसाई निकली गयो, ते पस्तावो होय. १
राजधुरंधर तुं कुंवर, तुज उपर सहु मांड,
निराधार मूकी गयो, भलो गयो तुं छांड. " २

આ કવિતા વાંચતાંજ ઉત્તમકુમારના હૃદય ઉપર અસર થઈ ગઇ. તેના કોમળ હૃદય ઉપર પિતૃભક્તિની ભાવના પ્રગટ થઇ આવી. તે પછી આગળ પત્ર વાંચતા પાછી બીજી કવિતા જોવામાં આવી. જે નીચે પ્રમાણે હતી:—

" कुंवर लेख आ वांचीने, ढील म करजे पुत्त,
पाणि अपीत पधारजो, आव्यां रहेशे सूत. १
तुज वीण सूनो देश आ, तुज विण सूनुं राज;
तुज विण सूनी दृष्टि आ, आव्या रहेशे लाज. २
राजधुरंधर तुं सही, तुज विण केवुं राज;
तुं कुलदीपक सेहरो, तुं सहुनो शिरताज. ३
जो चाहे सुख मुज भणि, वांछे मुझ्ज कल्याण;
तो वहेलो आवे इहां, टाढा होय मुज प्राण. ४
भाग्यवंत तुं दीकरो, विनयवंत गुणवंत,
मातपिताने मूकीने, बेठो जइ निश्चिंत. ५

तुजने शुं लखिये घणुं, तुं सहु वाते जाण,
थोडामां समजे घणुं, आव्या तणा वखाण." ६

આ કવિતા વાંચતાંજ રાજકુમારના નેત્રમાંથી અશ્રુધારા ચાલી અને તે તત્કાળ પોતાનાં તીર્થરૂપ માતાપિતાને મળવા ઉત્કંઠિત થઇ ગયો. તેના દુઃખી મનમાં વિચાર થયો કે, "અહા! હું માતાપિતાની આજ્ઞા વિના અકસ્માત્ ચાલ્યો આવ્યો તે મેં મોટું સાહસ કર્યું. એ સાહસથી હું મારા જન્મદાયક માતાપિતાને દુઃખનું કારણ થઇ પડ્યો. પોતાનાં મહોપકારી માતપિતાને દુઃખનું કારણ રૂપ થનાર સંતાનને ધિક્કાર છે. હવે સત્વર જઈ એ પવિત્ર અને પૂજ્ય માતાપિતાનાં દર્શન કરી એમના હૃદયને સંતોષ આપી મારા પુત્રજીવનને કૃતાર્થ કરૂં." આવું વિચારી રાજપુત્ર ઉત્તમકુમારે મોટું સૈન્ય સાથે લઇ વારાણસીનગરી તરફ પ્રયાણ કર્યું હતું.

ઉત્તમકુમાર સર્વ સૈન્યની સાથે ચિત્રકૂટ પર્વત પાસે આવ્યો, ત્યાં તે પર્વતના રાજા મહાસેનના સાંભળવામાં આવ્યું કે "મોટપલ્લી નગરનો મહારાજા ઉત્તમકુમાર મોટા સૈન્ય સાથે આવ્યો છે. આ ખબર સાંભળતાંજ રાજા મહાસેન મોટા આડંબરથી સામૈયું કરી તેની સામે આવ્યો. તે આવી ઉત્તમકુમારને નમી પડયો અને તેણે અંજલિ જોડી કહ્યું, "મહારાજા! હું ઘણા દિવસ થયાં આપને મળવાની રાહ જોઉં છું. આજે આપના આગમનના ખબર સાંભળી ખાસ ઉમંગથી મળવા આવ્યો છું. આ મારૂં રાજ્ય અને રાજ્યલક્ષ્મી કૃપાકરી આપ-

ગ્રહણ કરો અને સંયમરાજ્ય ગ્રહણ કરવાની મને આજ્ઞા આપો. આપ મને આ મારા ઉપાધિરૂપે રાજ્યમાંથી મુક્ત કરશો તો હું આપનો મોટો ઉપકાર માનીશ. અને મને આશા છે કે, આપ દયાળુ મિત્ર મારા પશ્ચિમ જીવનને સુધારવામાં સહાયરૂપ થશો" રાજા મહાસેનની આ પ્રાર્થના સાંભળી ;ઉત્તમકુમારના પ્રબુદ્ધ હૃદયમાં દયા ઉત્પન્ન થઇ અને તેણે કાંઇપણ આનાકાની કર્યા વગર તેનું રાજ્ય અંગીકાર કર્યું. પછી મહારાજા ઉત્તમકુમાર ચિત્રકૂટના વિશાળ રાજ્યનો સ્વામી થયો અને રાજા મહાસેન દીક્ષા લઇ રાજર્ષિ થઇ ચાલી નીકળ્યો હતો.

ઉત્તમકુમાર તે રાજ્ય ઉપર પોતાની સત્તા પ્રવર્ત્તાવી ત્યાંથી પ્રયાણ કરી વારાણસીનગરી તરફ જવાને રવાને થયો હતો. માર્ગમાં તેને ગોપાચળપર્વત આવ્યો. તે પર્વતનો રાજા વીરસેન ઉત્તમકુમારને મોટા સૈન્ય સાથે આવેલો જાણી તેની પાસે એક દૂતને નીચેની કવિતા આપી મોકલ્યો.

" जो कांकल करवा मतें, राखे जो रजवट्ट;
तो वहेलो थइ आवजे, थाशे बहु खलखट्ट. " ॥ १ ॥

આ કવિતા સાંભળી ઉત્તમકુમાર ઉશ્કેરાઇ ગયો. તેવામાં તો ગોપાચળપતિ વીરસેન મોટી સેના લઈને યુદ્ધ કરવા ચડી આવ્યો હતો.

ઉપર જે યુદ્ધનું વર્ણન આપ્યું છે, તે ઉત્તમકુમાર અને વીરસેનના યુદ્ધનું વર્ણન છે. તે મહાભયંકર ઘોર યુદ્ધ કરી છેવટે મહાવીર ઉત્તમકુમારના સૈનિકોએ વીરસેનના સૈનિકોને

હરાવી પાછા કાઢ્યા હતા. અને આખરે મહાવીર ઉત્તમકુમારે રાજા વીરસેનને હરાવી પકડી લીધો હતો. તે વખતે માનરહિત થયેલા વીરસેનના હૃદયમાં વૈરાગ્યભાવના પ્રગટ થઈ આવી અને તેથી તેણે પોતાનું સર્વ રાજ્ય ઉત્તમકુમારને આપી સંયમનું રાજ્ય ગ્રહણ કર્યું હતું. એ પ્રસંગ વાંચનારના હૃદયચક્ષુ આગળ આવિર્ભૂત થયેલો છે.

ધર્મવીર અને પુણ્યવીર ઉત્તમ કુમાર ચિત્રકૂટ તથા ગોપાચલપર્વતના બંને રાજ્યનો સ્વામી થઇ વારાણસી નગરમાં આવી પહોંચ્યો હતો. પ્રથમથી તે સમાચાર જાણી તેનો પુત્રવત્સલ પિતા મકરધ્વજ રાજા મોટા આડંબરથી સામો આવ્યો હતો. તેણે ઘણી ધામધુમથી પુત્રનો પ્રવેશોત્સવ કરાવી તે દિવસ એક જાહેર તહેવાર તરીકે પાળ્યો હતો, વારાણસીનગરીની રાજ્યભક્ત પ્રજાએ પોતાના રાજકુમારના આગમન પ્રસંગે એ નગરીને ઉત્તમ પ્રકારે શણગારી હતી. દરેક ઘરના દ્વાર આગળ મંગળ તોરણો બાંધવામાં આવ્યાં હતાં. અને અગ્રવેદિકાના ઉપર મંગળ કલશો સ્થાપવામાં આવ્યા હતા, વિનયી ઉત્તમકુમાર પોતાના માતાપિતાના ચરણમાં નમી પડયો હતો. પુત્રવત્સલ માતાપિતાએ પોતાના વ્હાલા પુત્રને ભેટી તેના અંગસ્પર્શનો મહાનંદ સંપાદન કર્યો હતો. ઉત્તમકુમારની ચતુર ચોકડીના નામથી ઓળખાતી ચારે વધૂઓએ પોતાની પૂજ્ય સાસૂના ચરણમાં પડી શ્વશ્રુ ભક્તિ સારીરીતે દર્શાવી હતી. પુજ્ય સાસૂએ ચારે પુત્રવધૂઓને હૃદયમાં આનંદ પામી સૌભાગ્યવર્દ્ધક આશીષ આપી હતી.

પુણ્યપ્રભાવી ઉત્તમકુમારના આગમનથી હર્ષિત થયેલા રાજા મકરધ્વજે પોતાના યોગ્ય પુત્રને વારાણસીનગરીના રાજ્યાસને બેસારવાનો આગ્રહ કર્યો. અને પોતે નિવૃતિમાર્ગનો પથિક બનવા ઉત્સુક થયો, પોતાના પૂજ્ય પિતાને આત્મસાધન કરવાના અધિકારી થયેલા જોઇ સુજ્ઞ ઉત્તમકુમારે વારાણસીનગરીના રાજ્યની લગામ ગ્રહણ કરી હતી. પુત્રને રાજ્યાસનપર બેસારી મકરધ્વજ સંયમમાર્ગનો સાધક થયો હતો.

પુણ્યનો પ્રભાવ કેવો લોકોત્તર છે! એક રાજ્યનાં મહારાજાનો કુમાર મનમાં ક્ષોભ પામી રીસાઇને જંગલમાં એકાકી ચાલ્યો ગયો હતો, તે આજે મોટપલ્લી ચિત્રકૂટ ગોપાચલ અને વારાણસીના ચાર રાજ્યનો સ્વામી થયો, ચાર ચતુર સ્ત્રીઓનો પતિ થયો અને અનગળ સમૃદ્ધિનો ભોકતા થયો, એ બધો પુણ્યનોજ પ્રભાવ હતો. પુણ્યના દિવ્ય પ્રભાવથી ઉત્તમકુમારને એક ચક્રવર્ત્તી રાજાના જેવી સમૃદ્ધિ સંપાદિત થઇ હતી. તેની સત્તા નીચે ચાળીશ લાખ ઘોડા, ચાળીશ લાખ સુંદર રથ અને ચાર ક્રોડ પેદલ હતાં. ચાળીશ કોટી ગામડાની પ્રજા ઉત્તમકુમારની આજ્ઞાને ઉઠાવતી હતી. આ બધો પુણ્યનોજ પ્રબળ વિલાસ હતો.

ઉત્તમકુમાર આવી મહાન્ સમૃદ્ધિનો ભોક્તા અને પ્રતાપના તીવ્ર તેજનો ધારણ કરનાર થયો હતો, તથાપિ તેનામાં ધાર્મિકવૃત્તિ સતત જાગ્રત રહેલી હતી. જેમ જેમ તે સમૃદ્ધિમાં ચડીયાતો થતો ગયો હતો, તેમ તેમ તે ધાર્મિકવૃ-

ત્તિમાં પણ અધિક ચડીઆતો થતો ગયો હતો. સમૃદ્ધિવાળાં ચાર રાજ્યોનો અધિપતિ થયા પછી તેણે અનેક પ્રકારના જિનપ્રાસાદો કરાવ્યાં હતાં. ઘણી તીર્થયાત્રાઓ કરી હતી, પ્રજાના કર મુકી દીધા હતા, ઉત્તમ પાત્રોનાં પોષણ કર્યાં હતાં, જિનબિંબો ભરાવ્યાં હતાં. પુસ્તકોના ભંડાર ભરાવ્યા હતા, સાધર્મિવાત્સલ્ય કર્યાં હતા અને અનેક રીતે પરોપકાર કર્યા હતા. ઉત્તમકુમારના એ સદ્દગુણો ભારતવર્ષના મહાન કવિઓ નીચેની કવિતાથી ગાતા હતા.

" चारे राज्य स्वामी थयो, उत्तम चरित्र नरिंद्र;
पूरव पुण्य पसाउले, दिन दिन अधिकानंद. १
चारे अप्सर सारिखी, चारे चतुर सुजाण;
चारे नारि पतिव्रता, चारे माने आण. ॥ २ ॥
चाळिश लक्ष अश्व जेहने, चाळिश लक्ष गज होइ;
चाळिश लक्ष रथ रुयडा, पायक चारे कोड. ॥ ३ ॥
चाळिश कोटि ग्रामाधिपति, रुद्धि तणो नहिं पार;
चार राज्य सुख भोगवे, दिन दिन अधिक विस्तार. ॥४॥
जिन प्रासाद करावियां, कीधी तीरथ जात्र;
अकरा कर सहु मेलिया, पोष्या उत्तम पात्र. ॥ ५ ॥
बिंब भराव्या जिन तणा, पुस्तक भर्या भंडार;
साहमी वच्छल पण कियां, परउपकार अपार." ॥ ६ ॥

આ કવિતાથી ઉત્તમકુમારનું યશોગાન ભારતના ચારે ખુણામાં થતું હતું. ભારતી આર્યપ્રજા એ ધર્મવીરના ચરિત્રનું શ્રવણ કરી પુણ્યતત્વની ભારે પ્રશંસા કરતી હતી. ઉત્તમકુમાર જૈનધર્મનો પરમ પ્રભાવક બની આર્હત ધર્મનો ઉદ્યોત કરવા તન, મન અને ધનથી પ્રયત્ન કરતો હતો. તેની સુખદાયક સમૃદ્ધિ સાતે ક્ષેત્રોમાં ઉપયુક્ત થઇ નવપલ્લવિત થઇ હતી. એ નીતિનાયક ઉત્તમકુમારનું અનુકરણ કરવાને ભારતભૂમિના ભૂપતિઓ ત્રિકરણ શુદ્ધિથી પ્રવર્ત્તતા હતા. આવા જીવનવાળાનુંજ જીવન આ જગત્‌માં સર્વ રીતે કૃતાર્થ છે.

# પ્રકરણ ૨૬ મું.

## કેવલિકથિત પૂર્વભવ.

ચારે મહારાજ્યનો મહારાજા અને ચાર મહારાણીઓનો સ્વામી ઉત્તમકુમાર એક વખતે પ્રાતઃકાળે નિત્ય આવશ્યક ક્રિયા કરી સુખાસને બેઠો હતો. તેવામાં વનપાળે આવી ખબર આપ્યા કે “મહારાજા ! આપણા ઉદ્યાનમાં કોઇ કેવળી ભગવાન્ આવી સમોસર્યા છે” આ સુધામય વચન સાંભળી મહારાજાએ તે વધામણીના વક્તાને મહામૂલ્ય ઈનામ આપ્યું અને પોતે રાજકુટુંબના પરિવાર સાથે તે મહાનુભાવને વંદના કરવા તૈયાર થયો. મોટી ઋદ્ધિસહિત મહારાજા ઉત્તમકુમાર ઉદ્યાનમાં આવ્યો અને તે પંચ અભિગમ સાચવી કેવળી પાસે

આવી વંદના કરી યોગ્ય સ્થાને બેઠો. પર્ષદા પૂર્ણ થયા પછી મહોપકારી કેવળી ભગવાને નીચે પ્રમાણે દેશના આપી:—

હે સંસારીજીવો! તમે જે જૈનધર્મને પ્રાપ્ત કર્યો છે, તેથી તમારા જન્મનું સાફલ્ય થયું છે. એ ઉત્તમ ધર્મ આ સંસારસાગરમાં બૂડતા એવા પ્રાણીઓને બચવાનો શ્રેષ્ટ ઉપાય છે. આ અનંત સંસારમાં ભમતા એવા ભવિજનોને આ મનુષ્યભવ દશ દષ્ટાંતે કરી દુર્લભ છે. તેથી તેને ચિંતામણિ સમાન કહેલો છે. તેમાં પણ શ્રુત–શાસ્ત્રનું શ્રવણ ઘણુંજ દુલભ છે. એ સાંભળવાથી મનનો કાટ ઉતરી જાય છે અને હૃદયનું અજ્ઞાન દૂર થવાથી તેનાં અંતરકમાડ ઉઘડી જાય છે. કદિ શાસ્ત્ર શ્રવણનો લાભ મળે, પણ તેમાં શ્રદ્ધા ઉત્પન્ન થવી અત્યંત દુર્લભ છે; કારણકે શ્રદ્ધા ઉત્પન્ન થયા વિના કાચા ઘડામાં જળની જેમ જિનવરની વાણી રહેતી નથી. કદિ સત્કર્મ યોગે જિનવાણી પર શ્રદ્ધા ઉત્પન્ન થાય પણ તેમાં સંયમ લેવામાં વીર્ય ફોરવવું દુર્લભ છે. માટે દરેક જીવે મનુષ્યદેહ, શ્રુતશ્રવણ, શ્રદ્ધા અને વીર્યસ્ફુરણ—એ દુર્લભ એવા ચાર પદાર્થો સુલભ કરવાને પ્રયત્ન કરવો જોઇએ. હે ભવિજનો ! તમારે હમેશાં યાદ રાખવું કે, ધર્મનાં કાર્યો ઘણા અંતરાયવાળાં હોય છે. ધર્મના આચરણમાં પ્રમાદ—આલસ્ય વગેરે દુર્ગુણો ઉત્પન્ન થાય છે, તેને સર્વથા દૂર કરી તમારે આર્હતધર્મની ઉપાસના એકનિષ્ટાથી કરવી અને તેમાં ઘણી ખંત રાખવી

જે જીવહિંસા કરે, મૃષાવાદ બોલે, ચોરી કરે, બ્રહ્મચર્ય રાખે નહીં અને પરિગ્રહનો સંચય કરે, તેને દુર્ગતિની સાથે પ્રીતિ છે, એમ જાણવું. જે જીવ ક્રોધાદિક ચાર કષાયને દૂર કરે છે અને પાંચે ઇંદ્રિઓના ભોગને જીતે છે, તેને જૈનધર્મ સુલભ થાય છે. આ સંસારમાં માતા, પિતા, પુત્રી, પુત્ર અને સ્ત્રી વગેરે જે સંબંધીઓ છે, તે બધાં સ્વાર્થનાં સગાં છે. જીવ જ્યારે દુર્ગતિએ જાય છે, ત્યારે તેઓમાંથી કોઇપણ બચાવી શકતું નથી. સર્વ સ્વાર્થના સંબંધી છે, સ્વાર્થને લઈને સર્વનો સ્નેહ છે. જ્યારે કોઈ જાતનો સ્વાર્થ સધાતો નથી એટલે તત્કાલ સ્નેહનો ભંગ થઈ જાય છે. જે જીવ " આ મારૂં દ્રવ્ય છે, આ મારૂં ઘર છે અને આ મારો પરિવાર છે " આ પ્રમાણે મમતા ધરે છે, તે મૂર્ખ સમજવો. કારણકે, પરભવે જાતાં તે જીવની સાથે કોઇ પણ જતું નથી, તેને એકલાનેજ જવું પડે છે. હે ભવિજનો! તેથી આ સંસારથી ઉપાધિ દૂર કરી તમારે ધર્મનું શરણ કરવું. ધર્મ વિના પ્રાણીને બીજું કોઇ સહાયકારી થતું નથી.

કેવળી ભગવાનની આવી દેશના સાંભળી સર્વ પર્ષદા પ્રસન્ન થઇ ગઈ. દેશના સમાપ્ત થયા પછી મહારાજા ઉત્તમકુમારે અંજળી જોડી પ્રશ્ન કર્યો—" ભગવન્! હું પ્રથમ સમુદ્રમાં કેમ પડયો હતો ? તે પછી માછીને ઘેર કેમ રહ્યો ? ત્યાર બાદ વેશ્યાને ઘેર શુકપક્ષી થઈ કેમ રહ્યો ? અને છેવટે મને આવી મહાન્ સમૃદ્ધિ કેમ પ્રાપ્ત થઈ ? "

ઉત્તમ મહારાજાના આ પ્રશ્નો સાંભળી કેવળી ભગવાન્ મધુર અને ગંભીર ધ્વનિથી બોલ્યા–રાજેંદ્ર ! કોઇ પણ પ્રાણી કરેલાં કર્મ ભોગવ્યા વિના છુટી શકતો નથી. જેવાં કર્મ કર્યાં હોય, તેવાં ફળ પ્રાપ્ત થાય છે. તારો પૂર્વભવ કેવો હતો, તે સાંભળ:—

હિમવંત પર્વતની ભૂમિના વિશાળ પ્રદેશમાં સુદત્ત નામે એક સુંદર ગામ છે. તેમાં ધનધાન્યની મોટી સમૃદ્ધિવાળો ધનદત્ત નામે એક કુટુંબી વસતો હતો. તેને ચાર સ્ત્રીઓ હતી. તેણે પ્રથમ ઘણું દ્રવ્ય મેળવ્યું હતું, પણ પાછળથી દૈવયોગે તેનું બધું દ્રવ્ય નાશ પામી ગયું. તેના સમૃદ્ધિવાળા ઘરમાં ચારે તરફ દારિદ્રનો વાસ થઈ ગયો હતો. એક વખતે શીત રૂતુમાં કોઈ ચાર પવિત્ર મુનિઓ ટાઢથી ધ્રુજતા ધ્રુજતા તેને ઘેર આવી ચડ્યા. તે મુનિઓને શીતથી કંપતા જોઇ તેણે પુછયું. મુનિવર ! આપના અંગ ઉપરથી વસ્ત્રો કયાં ગયાં ? મુનિઓએ જણાવ્યું કે “ વિહાર કરી આવતાં માર્ગમાં ચોરોએ અમને લુંટી લીધા છે. ” આ સાંભળી તે ધનદત્તના હૃદયમાં દયા ઉત્પન્ન થઇ આવી અને પોતે નિર્ધન અવસ્થામાં હતો, તે છતાં તેણે પોતાના આચ્છાદન વસ્ત્રો તે મુનિઓને વહોરાવ્યા. તે વખતે તેની ચારે સ્ત્રીઓએ તેમાં અનુમોદન આપ્યું હતું. આ મહાપુણ્યના પ્રસાદથી તે ધનદત્ત તું પોતે ઉત્તમકુમાર થયો છે. અને તે ચાર મુનિઓને કરેલા વસ્ત્રદાનથી તને ચાર રાજયોની મહાન્ સત્તા પ્રાપ્ત થઈ છે. તે સાથે પાંચ

દિવ્ય રત્નો અને ઘણી ધન સમૃદ્ધિ સંપાદિત થઇ છે. આ ચાર ચતુર સ્ત્રીઓ પણ તે પુણ્યના પ્રભાવથીજ તને મળી છે. પૂર્વે કોઈ ભવે કોઈ મુનિના શરીર તથા વેષની મલિનતા દેખી તને સૂગ ચડેલ, તે કર્મથી તારે મગરના ઉદરમાં તથા માછીને ઘેર રહેવું પડયું હતું. આજથી હજારમે ભવે તેં એક શુક-પક્ષીને પાંજરામાં પૂર્યો હતો, તેથી તારે વેશ્યાને ઘેર પાંજ-રામાં પૂરાવું પડયું હતું. અનંગસેના પૂર્વે કુલીન સ્ત્રી હતી. તેણીએ પોતાની કોઈ સખી શૃંગાર ધરી આવેલ, તેને ' આવો વેશ્યા બ્હેન ' એમ કહી ઉપહાસ્ય કર્યું હતું, તેથી તે અનં-ગસેના નામે વેશ્યા થઈને અવતરી છે.

કેવળી ભગવાનના મુખથી આ પ્રમાણે પૂર્વ વૃત્તાંત સાંભળી મહારાજા ઉત્તમકુમાર તથા તેની રાણીઓના હૃદયમાં વૈરાગ્ય ભાવના પ્રગટ થઈ આવી. અને તરત તેણે સર્વ રાજ્ય-સમૃદ્ધિનો ત્યાગ કરી પોતાની ચારે પત્નીઓ સહિત કેવળી ભગવાનની પાસે દીક્ષા લીધી, અને પોતાના મનુષ્યભવને કૃતાર્થ કર્યો હતો. મહાત્મા ઉત્તમકુમાર રાજર્ષિ ચારિત્રરત્નને સંપાદન કરી અને યથાર્થ જ્ઞાનને મેળવી અખંડ શાંતિનો અ-નુભવ કરવા લાગ્યા. મનની શુદ્ધિ કરી કદિ નાશ ન પામે એવી પરમ તૃપ્તિને શોધવા લાગ્યા, " આયુષ્યનું સાર્થક શી રીતે કરવું ? સમયનો સદુપયોગ ન કરવાથી કેવી ભયંકર હા-નિઓ થાય છે ? શુદ્ધ વિચાર સેવવાની પ્રત્યેક ભવિમનુષ્યને અનિવાર્ય અગત્ય છે, આલસ્ય અને પ્રમાદથી થતા અલાભ,

વિષય લોલુપતા સર્વ મનુષ્યોને ત્યાજ્ય છે,' ભાવશૌચ તથા શુભધ્યાન અને સંયમ સર્વને સેવ્ય છે અને કર્ત્તવ્ય તથા પ્રાપ્તવ્યનું સ્વરૂપ" આ વગેરે અનેક ઉત્તમ વિષયો ઉપર ગાંભીર્યથી, વિદ્વત્તાથી અને અંતઃકરણની લાગણીથી તે રાજર્ષિ વ્યાખ્યાનો આપી લોકોપકાર કરવા લાગ્યા.

આ પ્રમાણે પોતાનું પશ્ચિમજીવન સાર્થક કરી ઉત્તમકુમાર રાજર્ષિ પોતાનું ચારિત્ર પાળી તપસ્યાથી કર્મ ખપાવી અને અંતે અનશન કરી સ્વર્ગે ગયા હતા. ત્યાં દેવતાઇ સુખ ભોગવી પાછા ચ્યવીને તેઓ મહાવિદેહક્ષેત્રને વિષે આવી સિદ્ધિપદને પ્રાપ્ત કરશે.

જેમણે આર્હત તત્ત્વજ્ઞાન શ્રવણ કરી સંસારમાં રહીને પણ પોતાના જીવનનો પૂર્વભાગ લોકોપયોગી કર્યો છે, જેમણે પોતાની મહાન્ સમૃદ્ધિનો સાતક્ષેત્રોમાં સદુપયોગ કર્યો છે અને જેમણે કર્ત્તવ્ય જ્ઞાતવ્ય અને પ્રાપ્તવ્યના અવધિને જોયો છે, એવા પૂર્વકાળના તથા આ કાળના જૈન તત્ત્વજ્ઞ પુરૂષોએ, મહાત્માઓએ અને ધર્મવીર પુરૂષોએ છેવટે આજ માર્ગે પ્રયાણ કર્યું છે.

# ઉપસંહાર.

પ્રિય વાચકવૃંદ! તમે આ એક ધર્મવીર મહાત્માનું ચરિત્ર આદિથી અંતસૂધી વાંચ્યું છે. મહાશય ઉત્તમકુમારની પુણ્યસમૃદ્ધિ તમારી દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ થઇ છે. એ ઉપરથી તમે દીર્ઘ વિચાર કરી તમારા આત્માને અવલોકજો. કોઈ પણ સત્કર્મ કર્યું હોય તે કદિ પણ નિષ્ફળ થતું નથી. શીતથી પીડાતા મુનિજનને વસ્ત્રદાન કરનાર ઉત્તમકુમારે કેટલી સમૃદ્ધિ મેળવી હતી? તેનું મનન કરજો. તે ઉપરથી તમને નિશ્ચય થશે કે, "કોઇ પણ દીનજનને આશ્રય આપવાથી અને દુઃખી જનને દુઃખમાંથી મુક્ત કરવાથી, કેટલી પુણ્યલક્ષ્મી પ્રાપ્ત કરી શકાય છે?" આ નિશ્ચય જો તમારા હૃદયમાં સર્વદા સ્થાપિત રહેશે, તો તમારી પરોપકાર વૃત્તિને સર્વદા પુષ્ટિ મળવાનીજ. જે વૃત્તિ તમને તમારા જીવનમાં ઉન્નતિ તરફ લઈ જશે. આ ઉત્તમ વૃત્તિ પ્રાપ્ત કરવાની તીવ્ર આતુરતા પ્રથમ તમારામાં પ્રગટવી જોઇએ. તમે જાણોછો કે, જ્યાંસુધી કોઇ વસ્તુ પ્રાપ્ત કરવાની મનુષ્યમાં તીવ્ર ઇચ્છા ઉદય થતી નથી, ત્યાંસુધી તે વસ્તુ પ્રાપ્ત કરવા માટે જેવો અને જેટલો પ્રયત્ન થવો જોઇએ તેવો અને તેટલો પ્રયત્ન તેનાથી થતો નથી. માટે તમારામાં તન, મન અને ધનથી પરોપકાર કરવાની વૃત્તિ પ્રગટ થાય, તેવી તીવ્ર ઇચ્છા તમારે રાખવી જોઇએ. આવા ધર્મવીર તથા પરોપકારી ધર્મવીર પુરૂષોનાં

ચરિત્રો પણ તેવીજ વૃત્તિનો બોધ આપવાને પૂર્ણ સાધન-રૂપ છે.

આ બોધક ચરિત્રમાં આવેલા પાત્રો ઉપરથી તમારે જુદો જુદો બોધ લેવાનો છે. આ વાર્ત્તાના નાયક ઉત્તમકુમારનું સાહસ સર્વથી વિશેષ પ્રશંસનીય છે. તેણે પ્રવાસ કરી પોતાના ગુણો ન દર્શાવ્યા હોત તો તે આવી ઉન્નતિમાં આવી શકત નહીં. " **કૂવાના દેડકાની જેમ સ્વભૂમિમાં પડી રહેનારા પ્રમાદી પુરૂષોને આ ઉત્તમકુમારના સાહસનું અનુકરણ કરી આત્મગુણ પ્રકાશ કરવાનું ઉત્તમ શિક્ષણ લેવાનું છે.** " તે શિવાય મદાલસા, તિલોત્તમા અને સહસ્રકળા પ્રમુખ નારી પાત્રોએ જે પોતાના ગુણો પ્રગટ કર્યા છે, તેવા ગુણો સંપાદન કરવાને દરેક શ્રાવિકાઓએ પ્રયત્ન કરવો જોઈએ.

પ્રિય વાચકવૃંદ! આ બોધક ચરિત્રમાંથી તમને જે સાર લાગે તે ગ્રહણ કરજો, આ સંસારના ખેદનો ત્યાગ કરજો, અને સદા પ્રસન્નતા ધારણ કરજો. તમે આ વિશ્વમાં રહેલા સર્વ ઉત્તમ પદાર્થોને તથા સદ્ગુણોને પ્રાપ્ત કરવા અધિકારી છો. યોગ્યતા, અધિકાર જે કહો તે તમારામાંજ છે. કારણકે, આ મનુષ્યજન્મ ચિંતામણિરત્ન સમાન છે; તેથી તમેજ ચિંતામણિરત્ન છો. જે ગુણ મેળવવાને તમે પ્રયત્ન કરશો, તે ગુણ મેળવવાનું તમારામાં પૂર્ણ સામર્થ્ય છે.

આ સંસાર જે દુઃખમય છે તેનો ત્યાગ કરવાનું તમા-

રામાં જો સામર્થ્ય હોય તો સંયમનું ગ્રહણ કરજો. પણ કદિ તમારામાં તેવું સામર્થ્ય ન હોય તો તે દુઃખમય સંસારને સુખમય બનાવવાનો પ્રયત્ન કરજો. તેમ પ્રયત્ન કરવો હોય તો તેનું મુખ્ય સાધન આવાં આવાં સત્પુસ્તકોનું વાંચન છે. એવાં પુસ્તકોના વાંચનથી તમારામાં ધર્મ તથા નીતિનું આરોપણ થશે એટલે તમે આ દુઃખમય સંસારને સુખમય બનાવી શકશો.

સમાપ્ત.

# રાજકુમારી સુદર્શના

## યાને

## સમળી વિહાર ( સચિત્ર )

### માટે

## પ્રસિદ્ધ જૈન ઇતિહાસકાર

## મુનિમહારાજ શ્રી જીનવિજયજીનો

# અભિપ્રાય.

**राजकुमारी सुदर्शना याने समळी विहारः—** ( સચિત્ર ) માગધી પ્રબંધ ઉપરથી લખનાર પંન્યાસજી શ્રી કેશરવિજયજી ગણિ. પ્રગટ કર્તા. શા. મેઘજી હીરજી બુકસેલર, પાયધુની મુંબઇ નં. ૩ મૂલ્ય રૂા. ૩–૦–૦ ( પૃષ્ટ સંખ્યા ૬૦૮ ).

ચિત્રવાળ ગચ્છીય દેવેન્દ્રસૂરિએ બનાવેલી સુદર્શના ચરિત્ર નામે પ્રાકૃત કથાના આધારે વાર્તાના રૂપમાં આ કથાનકની યોજના કરવામાં આવી છે. કથાનક રોચક અને સરલ ભાષામાં આળેખેલું હોવાથી સાધારણ વર્ગને તે વિશેષ રૂચિકર થઈ પડે તેવું છે. સાથે મુદ્રણ કળાના રસિક ભાઈ મેઘજીએ કથાનકને

ઉચિત એવાં કેટલાંક ચિત્રોદ્વારા તથા નયનમનહર છપામણી અને બંધામણીદ્વારા પુસ્તકની આકર્ષકતામાં ઓર વધારો કર્યો છે. જૈન સાહિત્યના **મહાન્ ખજાનામાં** જ્યાં ત્યાં નજરે પડતી ઉપદેશપ્રદ અને આનંદજનક કથાઓને આવા સુન્દર રૂપમાં જો લોકો આગળ મુકવામાં આવે તો લોકોની રૂચિને સુમાર્ગે દોરવાનું અને સાથે વ્યવહાર સાધવાનું, બન્ને કામ સહેલાઇથી સફળ થઇ શકે તેમ છે. તેમજ મુનિઓ પણ વ્યર્થ કલહો કરી સમાજને ક્ષુબ્ધ કરવાના બદલે આવી જાતની સાહિત્યસેવામાં જો પોતાના સમયનો સદુપયોગ કરે તો નિશ્ચિત રીતે સ્વ અને પર બન્નેનું કલ્યાણ કરી શકે તેમ છે. પન્યાસજી શ્રી કેશરવિજયજી પોતાના સમયનો આવી રીતે જે સદુપયોગ કરી બીજા મુનિઓ માટે પણ અનુકરણીય દાખલો ઉપસ્થિત કરતાં રહે છે તે બદલે તેમનું અભિનંદનજ કરવું જોઇએ.

**( શ્રી મહાવીર પત્ર અંક ૧૬ મો. )**

# જૈન ધર્મનાં ઉત્તમોત્તમ ચુંટી કહાડેલાં પુસ્તકો.

(સિલકમાં નકલો ઘણી થોડીજ છે.)

| | નામ. | કીંમત. |
|---|---|---|
| ૧ | આતે વીરધર્મ કે વણીક ધર્મ ? ... ... | ૧ ૮–૦ |
| ૨ | આત્મસિદ્ધિ શાસ્ત્ર ... ... ... | ૧–૪–૦ |
| ૩ | અધ્યાત્મ તત્ત્વ લોક પ્રકાશ ... ... | ૪–૦–૦ |
| ૪ | ઉત્તમકુમાર (નોવેલ) સચિત્ર ... ... | ૨–૦–૦ |
| ૫ | ઉપમિતિ ભવપ્રપંચ કથા ભાષાંતર... ... | ૩–૮–૦ |
| ૬ | કાન્હડ કઠીયારો અથવા સાચી ટેકની ગેબી ફત્તેહ | ૦-૧૨-૦ |
| ૭ | ગિરનાર મહાત્મ્ય ... ... ... | ૧–૮–૦ |
| ૮ | ચંદરાજાનો રાસ અર્થ સહિત ... ... | ૨–૮–૦ |
| ૯ | જૈન રામાયણ સચિત્ર ... ... ... | ૪–૦–૦ |
| ૧૦ | જૈન મહાભારત સચિત્ર ... ... ... | ૬–૦–૦ |
| ૧૧ | જૈન ધર્મ પ્ર. પો. ભા. ૧–૨–૩––૪ ... | ૧–૪–૦ |
| ૧૨ | જૈન ધર્મ પ્ર. પો. ભા. ૧–૨–૩–૪ ના અર્થ | ૦–૭–૦ |
| ૧૩ | જૈનશાળા ઉપયોગી ગરબાવળી ... ... | ૦–૪–૦ |
| ૧૪ | જૈન માર્ગ પ્રારંભ પોથી ભા. ૧–૨... ... | ૦–૪–૦ |
| ૧૫ | જૈન માર્ગ પ્રવેશિકા ભા. ૧–૨–૩... ... | ૦-૧૨-૦ |
| ૧૬ | જૈન માર્ગ પહેલી ચોપડી, બીજી ચોપડી ... | ૦–૪–૦ |
| ૧૭ | જૈન સતિ આદર્શ જીવનમાળા સચિત્ર ... | ૧–૮–૦ |

| | | |
|---|---|---|
| ૧૮ | જૈન લગ્ન વિધિ તથા જૈન ગીત સંગ્રહ ... | ૦-૪-૦ |
| ૧૯ | જૈન કથા સંગ્રહ ... ... ... | ૧-૮-૦ |
| ૨૦ | જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ ... | ૧-૦-૦ |
| ૨૧ | જૈન સ્તુતિ સંગ્રહ સચિત્ર... ... ... | ૦-૮-૦ |
| ૨૨ | તપ્પાગચ્છીય પંચ પ્રતિક્રમણ સૂત્ર વિધિ સહિત | ૨-૦-૦ |
| ૨૩ | તત્ત્વ ચિંતામણી ... ... ... | ૧-૦-૦ |
| ૨૪ | તીર્થાવલી પ્રવાસ ... ... ... | ૧-૮-૦ |
| ૨૫ | તીર્થંકર ચરિત્ર સચિત્ર ... ... ... | ૨-૮-૦ |
| ૨૬ | દેવસીરાઇ પ્રતિક્રમણ વિધિ સહિત ... ... | ૦-૧૦-૦ |
| ૨૭ | દાનવીર રત્નપાળ સચિત્ર ... ... | ૨-૦-૦ |
| ૨૮ | ધર્મ બિન્દુ (ભાષાંતર) ... ... ... | ૨-૦-૦ |
| ૨૯ | ધન્ના શાલીભદ્રનો રાસ ... ... ... | ૧-૪-૦ |
| ૩૦ | પ્રદ્યુમ્ન ચરિત્ર ... ... ... ... | ૨-૦-૦ |
| ૩૧ | પારસમણિ યાને હૃદય તેજ ... ... | ૨-૦-૦ |
| ૩૨ | પ્રવૃત્તિ-નિવૃત્તિ ... ... ... | ૦-૮-૦ |
| ૩૩ | પંચપ્રતિક્રમણ અર્થ સહિત ... ... | ૨-૦-૦ |
| ૩૪ | પ્રેમથી મુક્તિ ... ... ... ... | ૦-૮-૦ |
| ૩૫ | પતિવ્રતા સતીઓ આવૃત્તિ ત્રીજી સચિત્ર ... | ૩-૦-૦ |
| ૩૬ | શ્રી ભજન પદ દોહન ... ... ... | ૦-૮-૦ |
| ૩૭ | ભામાશાહ ચરિત્ર ... ... ... | ૨-૦-૦ |
| ૩૮ | ભાવના શતક પં. મુ. શ્રી રત્નચંદ્રજીકૃત ... | ૧-૮-૦ |
| ૩૯ | શ્રી મહાવીર જીવન વિસ્તાર સચિત્ર ... ... | ૨-૦-૦ |
| ૪૦ | મોક્ષમાલા(શ્રીમદ્રાજચંદ્રકૃત) ... ... | ૦-૧૨-૦ |
| ૪૧ | શ્રી મલયાસુંદરી ચરિત્ર (સચિત્ર) ... ... | ૨-૮-૦ |
| ૪૨ | શ્રી મહાવીરભક્ત મણીભદ્ર તથા રત્નમાલા (સચિત્ર) | ૧-૮-૦ |

| | | |
|---|---|---|
| ૪૩ | મૃત્યુના મ્હોંમાં અથવા અમૃતલાલ શેઠનું અઠવાડીયું | ૧—૦—૦ |
| ૪૪ | રત્નસેન રત્નમંજરીનો રાસ ... ... | ૦—૪—૦ |
| ૪૫ | રાજ પ્રશ્ન ... ... ... ... | ૧—૪—૦ |
| ૪૬ | લાલન જૈન આત્મ વાટિકા ... ... ... | ૦-૧૨-૦ |
| ૪૭ | રાજકુમારી સુદર્શના યાને સમળી વિહાર સચિત્ર | ૩—૦—૦ |
| ૪૮ | રસિક સુધારસ સ્તવન સંગ્રહ ... ... | ૦-૧૦-૦ |
| ૪૯ | વ્યાખ્યાન સંગ્રહ ... ... ... | ૧—૮—૦ |
| ૫૦ | વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧-૨-૩-૪ ... | ૨—૮—૦ |
| ૫૧ | વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧થી ૬ સચિત્ર ... | ૩—૮—૦ |
| ૫૨ | વર્ધમાન દેશના ભાષાંતર ... ... ... | ૨—૮—૦ |
| ૫૩ | વચનામૃત ... ... ... ... | ૧—૮—૦ |
| ૫૪ | શાસન દેવીનો પ્રવાસ અને ગૃહસ્થ ધર્મ નિરૂપણ | ૧—૮—૦ |
| ૫૫ | શુદ્ધોપયોગ (પંડિત લાલન કૃત) ... ... | ૦—૪—૦ |
| ૫૬ | સમાધી શતક અને સમતા શતક ... ... | ૦—૮—૦ |
| ૫૭ | શ્રીપાલ રાજાનો સચિત્ર રાસ અર્થ સહિત ... | ૩—૮—૦ |
| ૫૮ | સજ્ઝાયમાલા ભા. ૧ ૨ ૩ ૪ દરેક ભાગના ... | ૨—૦—૦ |
| ૫૯ | સૂરીશ્વર અને સમ્રાટ અકબર. ... ... | ૨-૧૨-૦ |
| ૬૦ | સતિધર્મ પતિસેવા અને સતિ સમાજ ... | ૨—૮—૦ |
| ૬૧ | સરસ સચિત્ર સ્તવનાવળી ... ... | ૩—૦—૦ |
| ૬૨ | સમરાદિત્ય કેવલી યાને પુણ્ય પ્રભાવ સચિત્ર ... | ૫—૦—૦ |
| ૬૩ | હરિ વિક્રમ ચરિત્ર ... ... ... | ૨—૦—૦ |
| ૬૪ | શ્રાવક ફરજ સચિત્ર ... ... ... | ૧—૮—૦ |
| ૬૫ | આચાર્ય સૂરિ બુદ્ધિસાગરજી કૃત કર્મયોગ ... | ૩—૦—૦ |
| ૬૬ | ,, આત્મ પ્રદિપ્ત ,, ... | ૦-૧૨-૦ |
| ૬૭ | ,, યોગ દિપક ... ... ... | ૧—૦—૦ |

| | | | |
|---|---|---|---|
| ૬૮ | ,, ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ... | ... | ૧–૦–૦ |
| ૬૯ | ,, શ્રીમદ્દેવચંદ્ર ભાગ ૧ ... | ... | ૫–૦–૦ |
| ૭૦ | ,, ,, ભા. ૨ વિભાગ ૧ લો | ... | ૩–૮–૦ |
| ૭૧ | ,, ,, ભા. ૨ વિભાગ ૨ જો | ... | ૩–૮–૦ |
| ૭૨ | ,, ,, કર્મપ્રકૃતિ ... | ... | ૩–૮–૦ |

**રાયચંદ્ર જૈન શાસ્ત્રમાલાદ્વારા પ્રકાશિત ગ્રંથોકી સૂચિ.**

| | | | |
|---|---|---|---|
| ૭૩ | પુરૂષાર્થ સિધ્યુપાય (ભાષા ટીકા)... | ... | ૧–૦–૦ |
| ૭૪ | પંચાસ્તિકાય સંસ્કૃત ,, ... | ... | ૨–૦–૦ |
| ૭૫ | જ્ઞાનાર્ણુવ ,, ... | ... | ૪–૦–૦ |
| ૭૬ | સપ્તભંગીતરંગિણી ,, ... | ... | ૧–૦–૦ |
| ૭૭ | બહદ્દ્રવ્ય સંગ્રહ ,, ... | ... | ૨–૪–૦ |
| ૭૮ | દ્રવ્યાનુયોગતર્કણા ,, ... | ... | ૨–૦–૦ |
| ૭૯ | સ્યાદ્વાદમંજરી ,, ... | ... | ૪–૦–૦ |
| ૮૦ | ગોમટસાર (જીવકાંડ) ... | ... | ૨–૮–૦ |
| ૮૧ | લબ્ધિસાર ... ... ... | ... | ૧–૮–૦ |
| ૮૨ | પરમાત્મપ્રકાશ (ભાષા ટીકા સહિત) | ... | ૩–૦–૦ |
| ૮૩ | પ્રવચનસાર ભાષા ટીકા ... ... | ... | ૩–૦–૦ |
| ૮૪ | સમયસાર ભાષા ટીકા ... ... | ... | ૪–૮–૦ |

**વિવેકવિલાસ યાને સ્ત્રી પુરૂષનો સાચો સલાહકાર**– સ્ત્રીપુરૂષોનાં લાક્ષણિક ભેદો દર્શાવનાર શશક, મૃગ, વૃષભ અને અશ્વ એ ચાર પુરૂષોના તથા પદ્મિની, હસ્તિની, ચિત્રિણી અને શંખિની એ ચાર સ્ત્રીઓની સુંદર બોધક અને સુચક આઠ ચિત્રો સાથે. **મુળકર્ત્તા**–(શ્રી આચાર્ય શ્રી જીનદત્તસૂરિ મહારાજ.)

**ગ્રન્થની લોકપ્રિયતા**—ટુંક મુદતમાંજ આ અતિ ઉપયોગી ગ્રંથની ચાર ચાર આવૃત્તિઓ હાથોહાથ ઉપડી ગઇ છે,

અને એટલું છતાં લોકોની માગણી ચાલુજ રહી છે. અમોએ લોક લાગણીને માન આપી આ વખતે ખાસ આવૃત્તિ તૈયાર કરાવી છે અને જમાનાને અનુકૂળ ચિત્રો સાથે એક બાળક પણ વાંચી અને વિચારી શકે એવી શૈલીપૂર્વક--સંવાદના રૂપમાં આ પાંચમી આવૃત્તિની યોજના કરી છે. ગ્રંથ છપાઇને બહાર પડી ચુકયો છે અને અમને સંપૂર્ણ વિશ્વાસ છે કે એકાદ પખવાડીયામાં તેની સમસ્ત નકલો ખપી જવી જોઇએ.

**ગ્રંથકર્ત્તા અને દેશકાળ**—શ્રીમાન્ આચાર્ય શ્રી જીનદત્તસૂરિ ગુજરાતના સાહિત્ય ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. તેમણે લગભગ તેરમા સૈકામાં--કે જે વખતે સાહિત્યનો અભ્યાસ પ્રાયઃ લુપ્ત અને શુષ્કપ્રાયઃ થઈ ગયો હતો, તે વખતે કેવળ ઉપકાર કરવાની બુદ્ધિથી એકજ ગ્રંથમાં સકળ શાસ્ત્રના સારભૂત તત્ત્વો, સિદ્ધાંતો અને વ્યવહારો સમજાવવા માટે વિવેક વિલાસની રચના કરી હતી. આચાર્યશ્રી તત્ત્વજ્ઞાનથી લઇ વાસ્તુશાસ્ત્ર અને સામુદ્રિક શાસ્ત્ર આદિ લગભગ સઘળા વિષયોનું અદ્‌ભુત જ્ઞાન ધરાવતા હતા અને એ જ્ઞાનનો નિષ્કર્ષજ આ ગ્રંથમાં તેમણે નીચોવી નાંખ્યો છે.

**વિષયોની વાનગી**—પરમ પારંગત આચાર્યશ્રીએ સંસારનો અને ધર્મનો કોઇપણ વિષય એવો નથી રહેવા દીધો કે જે ગ્રંથમાં પોતાના અસાધારણ બુદ્ધિબળથી ન ચર્ચ્યો હોય ! શુકનશાસ્ત્ર, વૈદ્યશાસ્ત્ર, ઋતુચર્યા, રતિશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, સામુદ્રિક શાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર આદિ અનેકાનેક વિષયોનો આ ગ્રંથમાં અતિ નિપુણતા પૂર્વક સમાવેશ થઇ જાય છે, દાખલા તરીકે એકજ વાનગી બસ થશે.

**સ્ત્રી કેવી પરણવી ?**—કન્યાના લક્ષણો અને પરીક્ષા. કેવી સ્ત્રીનો ત્યાગ કરવો ? સ્ત્રીઓની પ્રસન્નતા શી રીતે પ્રાપ્ત કરવી ?

સ્ત્રીની પ્રીતિ રાખવાનું પ્રયોજન. ગંધ અને કેશ ઉપરથી નારી પરીક્ષા. સ્ત્રીઓ સાથે ચુંબન કરવું, સ્ત્રીનો પ્રેમ ક્યારે છુટે ? રાગ વિનાની સ્ત્રીનાં લક્ષણ, મર્કટ સમાન મન. કામાતુર લક્ષણ, કામપ્રિય સ્ત્રીઓ પાસે દુર્ગચ્છા કરવાનું પરિણામ, પતિ પરદેશ હોય ત્યારે કુલીન સ્ત્રીએ કેવી રીતે વર્તવું ? રજસ્વલા વખતની ફરજો, ગર્ભાધાન વિધિ, ઉદરમાં ગર્ભવૃદ્ધિના નિયમો, જન્મ સમયના નક્ષત્રોની અસર તેવીજ રીતે પુરૂષનાં લક્ષણો તથા કર્તવ્યો વિષે પણ એજ પ્રમાણે અનેક પ્રમાણો આપી વિવેચન કરવામાં આવ્યું છે.

**ગ્રંથનીનવી શૈલી**—આ પાંચમી આવૃત્તિ અમે સંવાદના રૂપમાં તૈયાર કરાવી છે. અને તેથી દરેક વાંચનાર જાણે કે એ મહારાજની પાસે બેસી પોતાના મનની ગુપ્ત શંકાઓનું સમાધાન કરતો હોય એવો ભાસ થવા કરે છે, વિવેક વિલાસ એ એક ગુર્જર સાહિત્યનું મ્હોટું ગૌરવ છે. સાહિત્ય ભંડારનું એક અણમોલું રત્ન છે. વ્યક્તિ માત્રનો સજ્જન મિત્ર છે. સ્ત્રીપુરૂષનો સાચો સલાહકાર છે.

ગ્રંથની નકલો ખલાસ થવા આવી છે માટે વહેલો તેજ પહેલો. ચિત્રો અને બીજા આકર્ષણોના પ્રમાણમાં રૂા. ૩-૦-૦ ની કીંમત કંઇ બીસાતમાં નથી.


## લખોઃ-મેઘજી હીરજી બુકસેલર.


**પબ્લીશર, કમીશન એજન્ટ, એન્ડ કાર્ડ કંકોત્રી મરચંટ**

**પાયધુની—મુંબઇ.**


તા.-ક-૪૮ તથા ૬૦ મીનીટની રેતીની ઘડીયાળ (ઘડી)નો મોટો જથ્થો અમારે ત્યાં આવેલો છે, ઘડી નં. ૧ ની કિંમત રૂ. ૨-૦-૦ પોસ્ટ કે રેલવે પારસલથી મોકલવામાં આવતી નથી.

સ્ત્રી પુરુષનો સાચો સલાહકાર

# શ્રી વિવેક વિલાસ




જ.પા.પટેલ.   મેઘજી હીરજી બુકસેલર. પાયધુની મુંબઈ.૩.